કુમાર

સંસ્થાપક: સ્વ. રવિશંકર મ. રાવળ • આદ્યતંત્રી: સ્વ. બચુભાઈ રાવત
આવતી કાલનાં નાગરિકો માટેનું માસિક
વર્ષ ૫૮મું · અંક ૧લો · જાન્યુઆરી ૧૯૮૧ · સળંગ અંક ૬૮૫
તંત્રી · બિહારીલાલ ટાંક



શિયાળાની સવાર • તેજછાયાના ચોટદાર વિરોધાભાસ વડે ચિત્ર વિષયને ઉઠાવ આપતું સુંદર ગ્રાફિક • કલાકાર: મિસિસ ગ્લૅન રેવરેંટ



હુતુતુ (ચિત્રકાર : સોમાલાલ શાહ) આજે તો આ જૂનવાણીમાં ગણાય – આ ચિત્રની શૈલી, તેનો વિષય, તેમાં દર્શાવેલું આંગણું, ત્યાં ખેલતી બાળાઓ ને તેમનો પોશાક વગેરે બધું. પણ એ ગઈ કાલનું એક મધુર સંભારણું છે, અને એ રીતે એનું મહત્ત્વ છે. પણ એ માત્ર દસ્તાવેજી નોંધ નથી તેમાં કલામય માનવસ્પર્શ પણ છે.

કુમાર

જાન્યુઆરી ૧૯૮૧ · અંક ૬૮૫

આદ્યતંત્રી : સ્વ. બચુભાઈ રાવત ∞ તંત્રી : બિહારીલાલ ટાંક

'કુમાર' સામાન્યતઃ દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે. તે પછી અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી પહોંચી વળવાનો પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા અંકો ભરપાઈ કરી આપવાનું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી મુદ્રક અને પ્રકાશક : અશોકભાઈ બચુભાઈ રાવત (મૅનેજર) - મુદ્રણ-પ્રકાશનસ્થાન : કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિમિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧, ફોન નં. ૩૬૩૭૪૫ - વાર્ષિક લવાજમ : રૂ. ૨૪-૦૦; પરદેશ : રૂ. ૪૮ અથવા પાઉન્ડ ૩ અથવા ડૉ. ૬-૦૦; છૂટક નકલ : રૂ. ૨-૫૦

આવશે તું / રાજેન્દ્ર શાહ

· ગાન ·

કયારેક જરૂર આવશે તું એ કારણે
રહી છું બેસી બારણે.

વાયદાની એ યાદનો લઈ આધાર,
અરુણુસોનલ ઊગતી મારી સવાર:
ઘરની ભણી આવતી તારી પગલી પળેપળે
એવી ઉરની તે અવધારણે
જાય રે નિશિ જાગરણે.

એકલ એકલ ગુંજતી માળા ગૂંથી,
કરતી રહું વારતા મધુર તુંથી
બોલ મારા, બોલ તારા એના રંગની છોળંછોળે
રૂડાં રંગાયેલાં આપણે
જોવન મ્હોર્યા ફાગણે.

હૃદયની મુજ આતુરતાને પેલું
વડની ડાળે રમતું પંખી ઘેલું
લઈને ઊડી જાય રે સુંદર
ગગનની ઓ પારના પથે ટહુકતું ઓવારણે
આવશે તું એ કારણે.

સૃષ્ટિઅંગની ગઝલ / રાજેન્દ્ર શુકલ

ઇચ્છાની આપમેળે એણે દડી ઉછાળી,
બહુ એકલો હતો એ ને પાડવી'તી તાળી.

મૂળ શબ્દ ઊપન્યો કે તણખો કીધો અકાળી,
કંઈયે હતું નહીં ત્યાં દીધું બધું ઉજાળી.

કૂંપળ થઈને કોળ્યો, ઝૂલ્યો થઈને ડાળી,
ફૂલછોડ થઈને આખર મઘમઘ થયો છે માળી.

કરતા અકરતા બંને છે, ને નથી કશું યે,
વિંટળાઈ ખુદ રહ્યો છે, છે ખુદ રહ્યો વિંટાળી.

અંદર ભરાઈ સઘળે મલકે છે મીઠું મીઠું,
કેવો ગતકડું એનું ખુશ થાય છે નિહાળી!

નાટક વચોવચ / હરેશ લાલ

· ગઝલ ·

સદા પથ્થરોના જ અશ્વો પલાણ્યા;
રહ્યા એટલે માર્ગ સઘળા અજાણ્યા.

રહી સાવ નિર્લેપ નાટક વચોવચ;
મળ્યાં પાત્ર જે કાંઈ, ભજવી બતાવ્યાં!

તમે સ્થાન લીધું ખરે શ્વાસ જેવું;
અનાયાસ આવ્યાં; અનાયાસ ચાલ્યાં!

તણખલા સમા થઈ જવાની તકોમાં;
અમે પ્હાડ જેવા થઈને મહાલ્યા!

શરદના આથમણા તડકામાં / ઉશનસ્

શિખરિણી · સૉનેટ

પીળા ને પાકેલા શરદતડકા પશ્ચિમ ભણી
નમેલા ભાનુના નીરખી રહું કો ગૂઢ રતિથી,
મમત્વે યે કોઈ, અલસપણથી તાકી જ રહી:
પડયું જાણે ભાઠે લચ લચ થતું ફાટી ચીભડું,
પપૈયું પાકી કો ફસડી પડયું છે મોટું મણનું!
વહે થોડો ઘાટો ગર ગળચટો ઢાળ દદડી!

પહાડોનાં પ્રાચી શિખર નીતરે પીતવરણાં
પ્રવાહોમાં ઢાળે–તરુવનની ટોચો પીળચટી
પહોળી છાયાની ખીણ મહીં ઢળે, ખેતર મહીં
ભરાયેલી દાણે લચી પડી પીળી શાળ દદડે!

મિડાસી આ જાદુસ્પરશ! અડક્યા કે પરિણતિ
સુવર્ણી ક્રાંતિમાં! વત્સલ થઈ ગૈ વિશ્વની રતિ:
હવે આખી પૃથ્વી ટચૂકડી લખોટી જ, કરથી
રમાડયા–પંપાળ્યા સરખી શિશુ શી, વ્હાલી અમથી...

ઘણું છે / કમલચંદ્ર બેદિલ

મંદાક્રાન્તા · ગઝલ

મારે સૌનું પરત સહુને સોંપવાનું ઘણું છે
નૌકામાંથી 'કમલ' જલને કાઢવાનું ઘણું છે,

વાળું મુઠ્ઠી પણ લઈ, ખૂલી જાય છે સ્હેજમાં એ
લૈ ડાબેથી કશુંક જમણે છોડવાનું ઘણું છે.

હું ને હુંથી ઇતર સઘળું કેમ શું કયાં સુધી છે
સામે આવે અગર ક્ષણ તો પૂછવાનું ઘણું છે.

કહેવામાં તો તરુ ફકત છે કાપવું એક કિન્તુ
છાંયો ટૌકા ઋતુ પવનતા કાપવાનું ઘણું છે

બેઠે શું આ પરિચિતપણું 'ચંદ્ર' તૂટે કદી કયાં?
લાવ્યો છું હું રખડુ પગ ને બેસવાનું ઘણું છે.

ગુમ / અરવિંદ ભટ્ટ

· ગઝલ ·

બત્તી કરું ને જેમ થતો અંધકાર ગુમ
કયાં એમ થઈ શકે છે તમારો વિચાર ગુમ?

ને બર્ફ જેમ ઓગળી શકાય પણ નહીં
મારામાં કોઈ થઈ ગયું છે આરપાર ગુમ.

એ ભુલભુલામણી છે પુરાતન મહેલની
અંદર પ્રવેશ આપીને થઈ જાય દ્વાર ગુમ.

પાદરના પથ્થરોને હજુ યે પૂછ્યા કરું
કે કયાં થઈ ગયો છે એ ઘોડેસવાર ગુમ?

દેખાય જો મને તો સલામત રહે નહીં
તેથી જ થઈ ગયો છે એ પરવરદિગાર ગુમ.

પ્રામાણિકતા

બહાદુરશાહ પંડિત

અવિનાશ ચેટરજીએ પોતાનો અનુભવ વર્ણવતાં એક પ્રસંગ લખ્યો છે:

એક દિવસ મારી ગાડી ધર્મતલા સ્ટ્રીટમાં ઊભેલી કોઈની ગાડી સાથે અથડાઈ પડી. હું મારી ગાડી થોભાવીને નીચે ઊતર્યો અને પેલી ગાડીને કેટલું નુકસાન થયું છે એ જોવા લાગ્યો. નુકસાન વધારે નહોતું થયું; કેવળ પાછલા ભાગનું એક 'મડગાર્ડ' જરા દબાઈ ગયું હતું. વળી, ગાડી જૂની પણ હતી. છતાં હું એ કારના માલિકને શોધવા લાગ્યો. પરંતુ કોઈ દેખાયું નહિ. છેવટે મેં મારું સરનામું લખી નુકસાનીની રકમ લેવા મારી ઑફિસમાં આવવા માટે એક કાગળ લખીને કારમાં મૂક્યો.

બીજા જ દિવસે મારી ઑફિસમાં એક વૃદ્ધ સજ્જન પધાર્યા. તેમણે મારી સામે પેલો પત્ર ધર્યો. મેં એમને માનપૂર્વક બેસાડ્યા અને પછી અકસ્માતનું વર્ણન કરીને ખિસ્સામાંથી પાકીટ કાઢ્યું. તરત જ તેઓ બોલી ઊઠ્યા, 'ગાંડા થયા છો? આ શું કરો છો? હું નુકસાની લેવા થોડો આવ્યો છું? મારી તો એ જોવાની ઇચ્છા હતી કે આજે પણ એવો પ્રામાણિક માણસ કોણ છે જે પોતાની ભૂલ સ્વીકારવામાંથી પાછો નથી પડતો? તમે કશું ભળતું ના સમજતા. અને મારા તરફથી આ એક નાની ભેટ સ્વીકારો. ભગવાન તમને આ જ પ્રમાણે સદા દોર્યા કરે!'

અને તેમણે કાગળમાં વીંટેલી એક મોટી વસ્તુ મારી સામે ધરી. ખોલીને જોયું તો સોનેરી ફ્રેમમાં મઢેલી બાપુની એક છબી હતી.

પ્રધાનથી માંડી પટાવાળા સુધી અને કારકુનથી આરંભી કલેક્ટર સુધી કોઈ વ્યક્તિ અણીશુદ્ધ પ્રામાણિક રહી નથી એવા આજના જમાનામાં ઉપરનું ઉદાહરણ તો કોઈ પૌરાણિક કથા જેવું લાગે છે. આમ, છતાં 'ઑનેસ્ટી ઈઝ ધ બેસ્ટ પોલિસી' એ અંગ્રેજી કહેવત રામરાજ્યમાં જેટલી સાચી હતી એટલી જ આજે પણ સાચી છે.

વિદેશમાં પ્રવાસ કરી આવેલા આપણા કેટલાક લેખકોનાં પ્રવાસવર્ણનો પરથી જાણવા મળે છે કે ત્યાંની બસોમાં ચેકરની વ્યવસ્થા હોતી નથી અને છાપાં વેચવા કોઈ માણસ બેસતો નથી. બસ કે ગાડીની ટિકિટ ખરીદવી અને છાપાંની કિંમત જેટલા પૈસા કાઉન્ટર પર મૂકીને છાપું લેવું એવી સામાન્ય ઈમાનદારી મોટા ભાગના માણસોમાં જન્મજાત હોય છે.

ઇસ્લામના ચોથા ખલીફા હજરતઅલી સાહેબ એક દિવસ રાજ્યનો હિસાબ કરવા બેઠા હતા. અંધારું હતું એટલે બાજુમાં દીવો સળગતો હતો. થોડી વાર પછી બે સરદારો પોતાના અંગત કામ માટે હજરત સાહેબને મળવા આવ્યા. નોકરે એમને બહાર બેસાડ્યા.

હિસાબ પૂરો થતાં હજરત સાહેબે એમને અંદર બોલાવ્યા અને નોકરને કહ્યું કે, 'આ દીવો હોલવી નાખી પેલો સળગાવ.' સરદારો આ વિચિત્ર આજ્ઞા સાંભળી નવાઈ પામ્યા. કામની વાત પૂરી થતાં એમણે હજરતસાહેબને પૂછ્યું, 'આપે એક દીવો હોલવી નખાવી, બીજો પેટાવવાની આજ્ઞા શા માટે કરી?'

'ભાઈઓ, તમે આવ્યા ત્યારે હું રાજ્યનો હિસાબ કરતો હતો એટલે એ દીવો રાજ્યના ખર્ચે બળતો હતો. પણ પછીનું કામ અંગત હતું એટલે મેં મારા ઘરનો દીવો સળગાવ્યો.' આવી પ્રામાણિકતા જોઈ સરદારો દંગ થઈ ગયા.

આપણે પ્રામાણિકતા માત્ર પૈસાથી જ માપીએ છીએ. કોઈ મુસાફરનું પાકીટ રિક્ષામાં રહી ગયું હોય અને રિક્ષાચાલક એ એના માલિકને પરત કરે તો એ એની પ્રામાણિકતા ગણાય છે. આ પ્રશંસાપાત્ર છે, પરંતુ પ્રામાણિકતાનો અર્થ આટલો સંકુચિત થતો નથી.

પ્રામાણિકતા એટલે પોતાની જાત પ્રત્યેની વફાદારી. અંતરાત્માના અવાજને અનુસરીને પોતાના સ્વાર્થના ભોગે વ્યાપક હિતમાં યોગ્ય લાગે એવું વર્તન કરવું એ સાચી પ્રામાણિકતા.

મહાન સિકંદર દુનિયા જીતવા નીકળ્યો ત્યારે આરંભમાં એણે ગ્રીસ દેશ પર ચડાઈ કરી હતી. ગ્રીસનો એક ફિનિશીઅન સરદાર ખૂબ બહાદુર હતો. સિકંદર પોતે મહાન યોદ્ધો હોવાથી એ બીજાની શૂરવીરતાની કદર કરી શકતો હતો. આ ફિનિશીઅન સરદારની બહાદુરી જોઈ એને થયું કે આવો લડવૈયો પોતાના પક્ષમાં હોય તો દુનિયા જીતવામાં કશી મુશ્કેલી પડે નહિ. એથી એણે એ સરદારને બોલાવી કહ્યું, 'તમે ખૂબ બહાદુર છો એ જાણી હું ખુશ થયો છું. તમે મારા પક્ષમાં આવી જાઓ તો હું તમને સરદારનો હોદ્દો તો આપીશ, ઉપરાંત સારું ઈનામ પણ આપીશ.'

આ સાંભળીને પેલા સરદારે કહ્યું: 'આપનો મારા પરનો સદ્ભાવ છે એથી હું ખુશ થયો છું, પરંતુ આપ મારા માટે લાગણી રાખતા હો તો મારી આપને નમ્ર વિનંતી છે કે મારી પાસેથી મારી પ્રામાણિકતા પડાવી ના લો. મને મારા દેશને વફાદાર રહેવા દો.'

પ્રામાણિકતા એ એક સદ્ગુણ માત્ર નથી પણ ઘણા સદ્ગુણોની જનેતા છે. જે માણસ પ્રામાણિક હશે એ હમેશાં સાચું બોલવા પ્રયાસ કરશે. એનામાં લોભ વૃત્તિ નહિ હોય, એ સહજ રીતે જ નિઃસ્વાર્થ હશે. આમ માણસ પ્રામાણિક બનવાનો પ્રયાસ કરે તો એ આપોઆપ સદાચારી અને સદ્ગુણી બની શકે.

પ્રામાણિક બનવાનો આરંભ કરનારે સૌ પ્રથમ સ્વાર્થત્યાગની તૈયારી રાખવી રહી. એ પ્રલોભન ત્યજી શકે તો જ પ્રામાણિક બની શકે. વેપારી પોતાના માલમાં ભેળસેળ કરી અપ્રામાણિક બને છે, કારણ કે એને વધારે નફો કરવાનો લોભ હોય છે. સરકારી માણસો લાંચ લઈ પ્રજાનાં કામો કરવા અપ્રામાણિક બને છે, કારણ એમને પૈસાનો લોભ હોય છે.

પ્રામાણિક બનવા માટે ઈશ્વરનો ડર એ ભૂતકાળમાં સારું સાધન હતું, પણ હવે આપણે ઈશ્વરના અસ્તિત્વ અંગે જ સાશંક બની ગયા છીએ, એથી ઈશ્વરનો આપણને કશો ભય લાગતો નથી. પરિણામે આપણે નાનીનાની બાબતોમાં પણ અપ્રામાણિક બનીએ છીએ.

પ્રામાણિકતા એ ઉત્તમ નીતિ છે. એ કહેતી માત્ર વેપાર પૂરતી મર્યાદિત સમજવાની નથી. વેપારમાં પ્રામાણિકતા લાંબા ગાળે ઘણો લાભ આપે છે, એ તો સુવિદિત હકીકત છે, પણ જીવનના કોઈ પણ ક્ષેત્રમાં પ્રામાણિકતા હમેશાં એનો બદલો આપી જ રહે છે.

મહાત્મા ગાંધીજી તો પ્રામાણિકતાની સાક્ષાત્ પ્રતિમા હતા, પોતાના દરેક કાર્યમાં તેઓ નિષ્ઠા અને પ્રામાણિકતાથી જ વર્તતા હતા. બાપુને એક બહેન હતાં. એમનું નામ ગોકીબહેન. બાપુની પાસે પોતાની અંગત મિલ્કત તો હતી જ નહિ. એથી એમણે એક મિત્રને ભલામણ કરેલી કે ગોકીબહેનને દર મહિને દશ રૂપિયા મોકલાવે. થોડા દિવસ એમ ચાલ્યું ત્યાં ગોકીબહેનની પુત્રી વિધવા થઈ ઘેર આવી. એટલે એમણે ગાંધીજીને પત્ર લખ્યો કે દસ રૂપિયામાં અમારા બેનું પૂરું થતું નથી એથી અમારે લોકોનાં દળણાં દળવાં પડે છે. માટે અમને થોડા વધારે પૈસા મોકલાવો.' ગાંધીજીએ જવાબમાં લખ્યું કે 'દળણાં દળવાથી શરીર સારું રહે છે. અમે પણ અહીં આશ્રમમાં દળીએ છીએ. તમે આશ્રમમાં આવીને રહો અને બને એટલી જનસેવા કરો પણ આશ્રમના જાહેર પૈસામાંથી હું તમને કશું મોકલી શકું નહિ.'

ગાંધીજી તો ડગલે ને પગલે ખૂબ પ્રામાણિક રહ્યા છે. એમનું જીવનધ્યેય અંતરાત્માની ઓળખનું હોવાથી એ સતત પ્રામાણિક બનવા પ્રયાસ કરતા. માણસ યોગ, ધ્યાન, ભજન, કર્મકાંડ, સાધના કંઈ ના કરે અને માત્ર પ્રામાણિક રહેવા પ્રયાસ કરે તો પણ એ પરમેશ્વરની ઝાંખી કરી શકે. □

મૉરિસ વિલસન

પર્વતારોહણના સાહસ ખાતર નહિ, પણ માનવજાતને કોઈ નવસંદેશ આપવા માટે જ એકલે પંડે એણે એવરેસ્ટ પર આરોહણ કરવાની હામ ભીડી હતી



લેખક · અશોક હર્ષ

કુતૂહલ, સાહસ કે જિજ્ઞાસાથી પ્રેરાઈ મનુષ્ય ચાહે તેવી કસોટીમાંથી પસાર થતાં અને પોતાનું જીવન સુધ્ધાં હોડમાં મૂકતાં અચકાતો નથી. એમાંથી પાર પડનારને અંગત સિદ્ધિ સાથે વિલોભનીય એવી લૌકિક પ્રસિદ્ધિ પણ વરતી હોય છે. પણ આ દુનિયાના મનુષ્યમાત્રને દૈહિક અને માનસિક તાપથી મુક્ત કરવાની મહેચ્છાએ પોતાનું જીવન હોડમાં મૂકી દેનારને આપણે કઈ કક્ષામાં મૂકવો, સાહસિકની કે સંતની? હિમાલયના અનંત અને સર્વોત્તુંગ શિખર એવરેસ્ટને પદાક્રાન્ત કરવા એકલપંડે નીકળી પડેલો વિલિયમ મૉરિસ એવો જ એક આદમી હતો. ભલભલા સાહસવીરોની સાહસિકતાને ઝાંખી પાડે એવા બેનમૂન એના સાહસ વિષે જેમ શંકા નથી, તેમ એ અનન્ય સાહસિકતા પાછળની એની કલ્યાણ ભાવના કોઈ પણ સંતપુરુષ કરતાં લેશ પણ કમ નહોતી, એ પણ એટલું જ નિઃશંક છે. એક એવી અવિચળ શ્રદ્ધાએ એના હૃદયમાં ઘર કરેલું કે માનવજાત પોતે નિર્દેશેલો માર્ગ અપનાવતાં તેનામાં સાત્ત્વિકતાનો ઉદય થઈ દુનિયામાંથી રોગ, ભૂખ, શોષણ, ગરીબી આદિ તમામ વિષમતાઓનો અંત આવી તે નંદનવન બની રહેશે. અને એ શ્રદ્ધા જ એને અકલ્પ્ય એવી શહાદતના પંથે દોરી ગઈ.

હરેક બાળકની જેમ લાડકોડમાં ઊછરેલો મૉરિસ ઇંગ્લૅંડમાં બ્રેડફર્ડ મુકામે ઈ. ૧૮૯૮ના એપ્રિલની ૨૧મી તારીખે જન્મેલો. માર્ક વિલસન અને સારાહના ત્રણ પુત્રોમાં એ સૌથી નાનો. અભ્યાસજીવન દરમિયાન જ પહેલું વિશ્વયુદ્ધ આવી પડતાં તે અઢાર વર્ષની ઉંમરે લશ્કરમાં જોડાઈ ગયો. લશ્કરમાં સેકન્ડ લેફ્ટેનન્ટના પદે પહોંચી ઈ. ૧૯૧૭ના ઑક્ટોબરમાં ફ્રાન્સમાં એણે જે વીરત્વ દર્શાવ્યું તે બદલ તેને લશ્કરી ક્રૉસ એનાયત કરવામાં આવ્યો. પરંતુ ત્યાર બાદ એક આક્રમણમાં તે ડાબે હાથે અને છાતીએ એટલો ઘવાયો કે તેને તરત હૉસ્પિટલ ભેગો કરવો પડેલો. ત્યાં પથારીમાં દસ દિવસ સુધી તો તે પડખું પણ ફેરવી શકવાને અશક્ત હતો. માંડમાંડ એ સાજો તો થયો, પણ તેનો ડાબો હાથ પૂરેપૂરો કદી સાજો નહોતો થયો, જે હકીકત એની નજીકના ગણ્યાગાંઠ્યા લોકો સિવાય કોઈ જાણતું નહોતું.

યુદ્ધ પૂરું થતાં ઈ. ૧૯૧૯ના જુલાઈમાં મૉરિસ વિલસન જે લશ્કરી ટુકડીમાં હતો તે વિખેરી નાખવામાં આવી અને તે બ્રેડફર્ડ પાછો ફર્યો. ત્યાંના ચીલાચાલુ જીવનથી કંટાળી તે લંડન ઊપડ્યો, લંડનથી અમેરિકા અને ત્યાંથી ન્યૂ-ઝીલૅન્ડ. આ બધાં સ્થળાંતરોમાં એણે જે કંઈ કામ મળે તે કર્યે રાખ્યું, પણ ક્યાંથી સંતોષ ન થતાં દસ વર્ષની રઝળપાટ પછી લંડન પાછો ફર્યો.

લંડનમાં સ્થિર જીવન જીવવાનો તેનો વિચાર હતો. પણ તેની તબિયત રઝળપાટમાં લથડી ચૂકી હતી અને ભારે ખાંસી લાગુ પડી હતી. એના એક મિત્ર પાસેથી એણે પ્રાર્થના અને ઉપવાસનો મહિમા સાંભળેલો, એટલે કોઈ દાક્તર પાસે ન પહોંચતાં તેણે તબિયત સુધારવા માટે પ્રાર્થના અને ઉપવાસનો જ આશ્રય લીધો. એણે નિયમિત પ્રાર્થના સાથે સામટા ઉપવાસ ખેંચી કાઢ્યા–પાંચપંદર નહિ પણ પૂરા પાંત્રીસ; અને ખરેખર એની ખાંસી જતી રહી, એની તબિયત પણ સુધારા પર આવી ગઈ. પૂર્ણ સ્વાસ્થ્ય મેળવવા તેણે બેએક મહિના બ્લૅક-ફૉરેસ્ટમાં ગાળવાનું નક્કી કર્યું.

અહીં રહે એનું વજન ૨૮ રતલ વધી ગયું. આ ચમત્કારને એ કેવળ ઉપવાસ અને પ્રાર્થનાને જ આભારી સમજ્યો અને ત્યારથી જ તેની અચળ શ્રદ્ધા બંધાઈ જવા પામી કે દુનિયાના તમામ રોગસંતાપનું નિવારણ કેવળ ઉપવાસ અને પ્રાર્થનામાં જ રહેલું છે. પણ દુનિયામાં એ ભાન પ્રકટાવવું શી રીતે? એમ ને એમ તો દુનિયા પોતાનું કહ્યું ભાગ્યે જ કાને ધરે, એ માટે કશોક પરચો બતાવી આપવો જોઈએ. આ પરચો શી રીતે બતાવવો તેની ગડમથલ એના મનમાં ચાલુ જ હતી ત્યાં ફ્રાયબુર્ગના એક નાના શા કાફેમાં એક જૂના છાપાની કાપલી તેના હાથમાં આવી જેમાં ઈ. ૧૯૨૪માં એવરેસ્ટ પર થયેલા આરોહણનું વર્ણન હતું. વિલસને તે વાંચ્યું. અને દુનિયાને બતાવવાના પરચાની ચાવી જાણે તેને હાથ લાગી ગઈ. એનામાં ધરમૂળથી પરિવર્તન આવી ગયું, શરીર અને મન બંનેથી એ જાણે એક નવો જ માનવી બની રહ્યો.

હકીકતમાં તો તેનો આ ખ્યાલ રોમાંચક હતો એથી યે અનેકગણો ખતરનાક હતો. એકાદ કરુણાંતિકાની તમામ શક્યતાઓ તેમાં ભરેલી હતી. કોઈ માડીજાયો એ દુર્દાન્ત શિખર પર એકલા પહોંચવાનું સાહસ તો શું પણ એવી કલ્પના સુધ્ધાં કરતાં થથરી ઊઠે. પણ મૉરિસ વિલસન સામાન્ય કરતાં તદ્દન જુદી જ માટીનો માનવી હતો. એક વાર નિર્ણય લઈ ચૂક્યા પછી કોઈની એ મજાલ નહોતી કે તેને તેના નિર્ણયમાંથી ચળાવી શકે. લંડન પાછા ફરી એણે તો એ માટેની તૈયારી શરૂ કરી દીધી. તમામ લાયબ્રેરીઓમાંનાં હિમાલયને લગતાં પુસ્તકો ને નકશા તે ઉથામવા માંડ્યો. એવરેસ્ટ–આરોહણની ૧૯૨૪ની દુર્ઘટના પણ તેને આ સાહસથી પરાવૃત્ત ન કરી શકી. તેણે એવો વિચાર સરખો ન કર્યો કે ચુનંદા પહાડખેડુઓની આખી ટુકડી જ્યાં હોનારતનો ભોગ બની ચૂકી હતી ત્યાં તેના જેવા બિનઅનુભવી ને એકાકી આરોહકની શી વિસાત? એની હિંમત ગમે તેટલી અડગ હોય, શ્રદ્ધા ચાહે તેટલી અચળ હોય, પણ પ્રત્યક્ષ હકીકતની ઉપેક્ષા શી રીતે થઈ શકે?

ઈ. ૧૯૨૨ અને '૨૪ની આરોહક ટુકડીઓની એવરેસ્ટના આરોહણમાં સર્જાએલી હોનારત પછી તિબ્બતના દલાઈ લામાએ એને દેવોની ક્રતરાજરૂપ ગણી કોઈ પણ પર્વતારોહીને એવરેસ્ટના આરોહણની મનાઈ ફરમાવી દીધી. સાહસિક પહાડખેડુઓમાં આથી નિરાશા ફેલાઈ ગઈ. એ મનાઈ પાછી ખેંચી લેવા બ્રિટિશ સરકાર તરફથી દબાણ શરૂ થયું, અને સિક્કિમના પોલિટિકલ એજન્ટના આગ્રહથી છેવટે ઈ. ૧૯૩૨માં દલાઈ લામાએ તે મનાઈ પાછી ખેંચી લીધી. એવરેસ્ટ આરોહણના

છૂટ મળતાં જ પહાડખેડુઓમાં સર્વત્ર ઉત્સાહ ફરી વળ્યો, અને પહેલી જ એક બ્રિટિશ ટુકડી ઈ. ૧૯૩૩માં હ્યુ રટલેજની આગેવાની નીચે એવરેસ્ટ સર કરવા નીકળી પડી.

આ ટુકડીએ તળછાવણી નાખી આરોહણ શરૂ કર્યાનો બધો વૃત્તાંત અખબારોમાં પ્રસિદ્ધ થતો રહેતો. વિલસન એ કાળજીપૂર્વક વાંચતો રહ્યો હોત તો પણ એને એમાંથી ઘણું જાણવા મળત. પણ એણે એવી કશી જરૂર ન જોઈ, કારણ એવરેસ્ટ વિષે જાણવા જેવું બધું જ પુસ્તકો અને નકશાઓ દ્વારા પોતે જાણી લીધું હોવાની તેને પાકી ખાતરી હતી, અને એ કરતાં યે પાકો હતો તેનો ઈશ્વર પરનો વિશ્વાસ કે જગતને કલ્યાણમાર્ગે વાળવા માટેના પોતાના પ્રયાસને તે નિષ્ફળ નહિ જવા દે. મિત્રોને તે કહેતો રહેલો, 'મારે શેરપાઓ કે ખચ્ચરોની વણઝારની કંઈ જ જરૂર નથી, એમની મદદ વિના જ મને ત્યાં પહોંચતાં આવડે છે. હું વિમાનની મદદથી ત્યાં પહોંચીશ, અને તે પણ એકલો જ.'

વિમાન ચલાવવાનું તો બાજુએ રહ્યું, પણ વિમાનમાં કદી બેઠેલો સુદ્ધાં નહિ એવા વિલસનને મિત્રોએ ઘણો સમજાવ્યો કે નથી તેણે કદી કોઈ પહાડનું ચઢાણ કર્યું કે નથી કોઈ વિમાન ચલાવ્યું, તો નાહકનો આ ખતરો પડતો મૂકે, પણ વિલસનનો તેમને જવાબ હતો, 'મને એની જાણ છે, પણ એ બધું શીખી લેતાં મને વાર નહિ લાગે.' અને એણે મહાન વિમાની પ્રવાસોના વૃત્તાંતો વાંચવા માંડ્યા, પાયલટો જોડે ચર્ચાઓ કરવા માંડી, વિમાનો બનાવનારી કંપનીઓની મુલાકાતો લેવા માંડી, અને પછી નવું વિમાન ખરીદવાનો જોગ ન હોઈ 'જિપ્સી મૉથ' નામનું ૫૫થી ૧૦૦ હૉર્સ પાવરનું એક વપરાયેલું વિમાન ખરીદી લીધું. વિમાન ચલાવવાનું શીખ્યા પહેલાં જ તેણે કરેલી વિમાનની આ ખરીદી તેનો ઉત્સાહ કેટલો અદમ્ય અને આત્મવિશ્વાસ કેવો અપ્રતિહત હતો તેની દ્યોતક છે.

વિમાન ખરીદ કર્યા બાદ તે લંડનની એરોક્લબમાં જોડાયો અને ઉડ્ડયનની તાલીમ એજવેર મુકામે લેવા માંડી. હજુ તો તાલીમ ચાલુ જ હતી ત્યાં તેણે પોતાના વિમાન પર 'એવર-રેસ્ટ' ('Ever–wiest') અક્ષરો ચિતરાવી સૌને અચંબામાં નાખી દીધા. એ સંબંધે પૂછવામાં આવતાં એણે જણાવ્યું: 'એ વિમાન દ્વારા હું એવરેસ્ટ સર કરવા માગું છું. હું એ ઉત્તુંગ શિખરના ઢાળો પર ચૌદેક હજાર ફૂટની ઊંચાઇએ આ વિમાનદ્વારા ઉતરાણ કરીશ, અને ત્યાંથી પછી પગપાળો આગળ વધીશ.'

તેનાં આ વેણ સાંભળી કલબના વધુ અનુભવી પાયલટોને લાગ્યું કે આ જુવાન તેના વિમાનમાં અને તેની પોતાની જાતમાં વધુ પડતો વિશ્વાસ મૂકી રહ્યો હતો. એને ઉડ્ડયનની તાલીમ આપનાર નિગેલ ટૅનગાયનો અભિપ્રાય પણ એવો જ કંઈક હતો. તેના જણાવ્યા પ્રમાણે, 'ચુનંદા વિમાની માટે જરૂરી ગુણોમાંથી વિલસન માત્ર બે જ ગુણ ધરાવતો હતો–અડગ હિંમત અને અફર નિર્ણય.' સામાન્યત: કોઈ પણ પાયલટને 'એ' પ્રમાણપત્ર મેળવવા માટે કલાક-કલાકના આઠ કે દસ વર્ગો ભર્યા પછી ત્રણ કલાક એકલા ઊડી બતાવવાનું હોય છે, પણ વિલસને ઓગણીસ-ઓગણીસ વર્ગો ભર્યા છતાં ટૅનગાયને હજી તેની સફળતા બાબત શંકા હતી. પ્રથમ એકાકી ઉડ્ડયનમાં એણે વિમાનને દેડકાની જેમ જે કૂદકા લેવડાવ્યા તે જોઈ ટૅનગાયે તેને કહ્યુ, 'તું હિંદુસ્તાન સુધી એકલો ઊડીને જવા માગે છે તો તારે વિમાનને વધુ સ્થિરતાપૂર્વક ચલાવવાની જરૂર છે.'

'એ તો જોયું જશે, બાકી હિંદુસ્તાન હું એકલો જ ઊડીને પહોંચીશ અથવા તો એ પ્રયત્નમાં પ્રાણ જતા કરીશ.'

મહિનાઓ સુધીની તાલીમ પછી તેણે છેવટે 'એ' પ્રમાણપત્ર મેળવ્યું ત્યારે પણ ટૅનગાયે તેને સમજાવવાનો પ્રયાસ કરી જોયો. ખુલ્લા બાયપ્લેનમાં જગતના એ ભયંકર હેમાળા વેરાનમાં એકલા ઊડવાનું જોખમ ટૅનગાય બરાબર સમજતો હતો, કિંતુ 'કાર્યં સાધયામિ વા દેહં પાતયામિ'નો નિશ્ચય કરી બેઠેલા વિલસનને તે આ ખતરાથી નજ વારી શક્યો.

વિલસને હવે આરોહણ માટેની આવશ્યક સામગ્રીની ખરીદી શરૂ કરી. રટલેજની ટુકડીના આરોહણ માટે ખાસ બનાવવામાં આવેલો તંબૂ, નિદ્રાથેલો ('સ્લીપબૅગ'), ગરમ છતાં વજનમાં હલકાં ને હવાથી અભેદ્ય કપડાં, ઊંચાઇમાપક યંત્ર અને હલકા વજનનો ઑટોમૅટિક શટરવાળો કૅમેરા વગેરે ખરીદ્યાં. કૅમેરા દૃશ્ય ઝડપવા માટે ગોઠવ્યા પછી પંદર સેકંડમાં શટર પડ્યા પહેલાં તે પોતે પણ એ દૃશ્યમાં ઝડપાઈ જઈ શકે એવો કૅમેરા ખરીદવા પાછળનો એનો આશય હતો એવરેસ્ટના શિખર પર ખડા રહી એના વિજેતા તરીકે પોતાની તસવીર ઝડપવાનો. આટલી ઊંચાઇએ શ્વાસ લેવામાં પડતી તકલીફથી તે વાકેફ હોઈ ઑક્સિજન સરંજામ પણ તેણે ખરીદ્યો, પણ વજનમાં ચૌદ રતલ કરતાં પણ ઓછો, કારણ તેનો ઇરાદો ના છૂટકે જ તેનો ઉપયોગ કરવાનો હતો.

આ પછી પર્વતારોહણ માટે પોતાનું શરીર કસવા તેણે રોજના પંદરપંદર માઈલ ચાલવાનું અને વેલ્શ ગિરિમાળાનાં ચઢાણો ચડવાનું શરૂ કર્યું. એની આ તૈયારીઓએ અખબારી આલમનું ધ્યાન એના તરફ આકર્ષ્યું, અને એના ફોટો સહિત એની પ્રવૃત્તિના સમાચારો છપાવા માંડ્યા. એક વાર પિકાડિલી મુકામે ભેટેલા બે અખબારી પ્રતિનિધિઓએ એને લંગડાતો ચાલતો જોઈ તેનું કારણ પૂછતાં તેણે જવાબ આપ્યો, 'એ તો વિમાનમાંથી છત્રીકૂદકો મારતાં થોડી મચકોડ આવી ગઈ છે.'

'એ ક્યારે બનેલું ?'

વિલસને પોતાની કાંડા-ઘડિયાળ પર નજર નાખતાં જવાબ આપ્યો 'વીસેક મિનિટ પહેલાં.'

'પણ એમ કૂદકો મારવાની શી જરૂર ?'

'મારી હિંમત ચકાસી જોવા !' હસતાંહસતાં તેણે જવાબ આપ્યો.

અખબારોમાં આ પણ છપાયું, અને એના બે દિવસ રહીને વિલસનને સરકાર તરફથી જણાવવામાં આવ્યું કે તેણે ભવિષ્યમાં વિમાનમાંથી લંડન પર બિનસત્તાવાર રીતે કૂદકો મારવો નહિ.

પોતે જે સ્થળે અને જેટલે દૂર વિમાન લઈ જવાનો હતો એને અનુરૂપ એણે ઇંધન માટેની ખાસ મોટી ટાંકીથી માંડી બીજા પણ કેટલાક સુધારા વિમાનમાં કરાવી લીધા બાદ પોતાનો પ્રયાણદિન જાહેર કર્યો—શુક્રવાર, તા. ૨૧મી એપ્રિલ, ૧૯૩૩ એટલે કે એનો પોતાનો જન્મદિન. પોતાનો પ્રવાસ-માર્ગ નક્કી કરવા એણે અનેક નકશા ખરીદી લીધેલા. માર્ગમાં ઇંધન પૂરવા માટે આવતાં સ્થળો પણ નોંધી લીધેલાં. એનો વિચાર વરસાદ શરૂ થતાં પહેલાં જ એવરેસ્ટના એકાદ ઢાળ પર ઉતરાણ કરી ત્યાંથી એકલપંડે આગળ વધવાનો હતો. વચ્ચે ઓચિંતા કાકડા ફૂલી જતાં એને ભય લાગ્યો કે પોતાનો કાર્યક્રમ મુલત્વી રાખવો પડશે કે શું, પણ વિલસને ઉપવાસ અને પ્રાર્થનાનાં પોતાનાં અમોઘ સાધનોનો ઉપયોગ કરી એ તકલીફ દૂર કરી દીધી, અને માંડ બસો કલાકના એકાકી ઉડ્ડયનનો અનુભવ ધરાવનાર આ જુવાન ઓછામાં ઓછા પાંચ હજાર માઈલના એકાકી ઉડ્ડયનને માટે તૈયાર થઈ ગયો.

લંડનથી ઊડી નીકળતાં પહેલાં પોતાના કુટુંબની વિદાય લેવા માટે તે પોતાના બાયપ્લેનમાં બ્રેડફર્ડ ઊપડ્યો. ત્યાં વિમાનના ઉતરાણ માટે સલામત જગ્યા શોધતાં એણે વિમાનને ખૂબ નીચું લઈ એક સ્થળ પસંદ કર્યું, પણ ત્યાં ઊતરવા જતાં વિમાન ઊંધે માથે નીચે ભટકાયું. સદ્ભાગ્યે એને કશી શારીરિક ઈજા થવા ન પામી, માત્ર એ પોતે પણ તેના સલામતીપટ્ટા સાથે ઊંધા માથે લટકી રહ્યો. એક છોકરાએ આ જોયું એટલે દોડી આવી સલામતી પટ્ટો છૂટો કર્યો અને વિલસન નીચે પટકાયો. પણ તેના મન પર આની કશી જ અસર નહોતી. બ્રેડફર્ડથી

વિમાનને એક ખટારામાં ચડાવી ૨૦૦ માઈલ દૂર લંડન તે દુરસ્ત કરવા મોકલી આપ્યું.

લંડનમાં ઍનગાયે વિમાનને થયેલું નુકસાન અંદાજીને કહ્યું કે તેને દુરસ્ત થતાં ઓછામાં ઓછાં ત્રણ અઠવાડિયાં લાગશે. વિલસન આથી નિરાશ તો થયો, પણ એટલી રાહ જોયા વિના છૂટકો ન હતો. દરમિયાન હ્યુ રટલેજે એની ટુકડીની તળછાવણી હિમાલયમાં ઊભી કરી દીધેલી. વિલસનને દહેશત એ હતી કે પોતાના પહેલાં એ એવરેસ્ટ સર કરી લેશે તો પોતાનું બધું કર્યુંકારવ્યું એળે જશે. પરંતુ એ ટુકડીના છાપાંમાં આવતા હેવાલો વાંચી એને ટાઢક વળી કે ટુકડીની આરોહણ પ્રગતિ અતિ મંદ હતી.

વિલિયમે પોતાનો નવો પ્રયાણદિન જાહેર કર્યો—રવિવાર તા. ૨૧મી મે, અને તે સાથે જ એક અણધારી મુસીબત તેની સામે ખડી થઈ. અખબારી પ્રતિનિધિઓએ તેને જણાવ્યું કે સરકાર તેનું આ એકાકી ઉડ્ડયન અટકાવવા માગતી હતી. 'મને અટકાવશે?' વિલસને તેમને જણાવ્યું, 'હવે એ એમને માટે શક્ય જ નથી.'

અને ખરેખર, ઊડવાની છેલ્લી ઘડીએ સરકાર તરફથી તેને તેનું ઉડ્ડયન અટકાવી દેવાનો તાર મળ્યો. પણ વિલસન જેનું નામ! સરકારી તાર તેણે ત્યાં જ ફાડી નાખી તેના ટુકડા હવામાં ઉરાડી દીધા, અને મેની ૨૧મીના સોનેરી પ્રભાતે સ્વચ્છ આકાશમાં તે ઊડી નીકળ્યો. પણ બ્રિટિશ સરકારે તેનો પીછો છોડચો નહિ, જ્યાં ને ત્યાં તેને અટકાવવાના પ્રયાસો જારી રાખ્યા. આજના જેવાં રેડિયો કે હવામાન માપવાનાં સાધનો ત્યારે ન હતાં, વિમાની મથકો પણ દુનિયાભરમાં ગણ્યાંગાંઠ્યાં હતાં, એવા સમયનું એનું આટલું લાંબું આ ઉડ્ડયન અપ્રતિમ જ ગણાય. ટ્યુનિસમાં એને ઉતરાણ કરતાં પકડવામાં આવ્યો, પછી છોડી મૂકવામાં આવ્યો. કૈરોમાં એને ઊતરવાની રજા જ આપવામાં ન આવી. બસરાની વિમાનપટ્ટી તેને માટે બંધ કરી દેવામાં આવી, અને તે અરબસ્તાનના રણની સમાંતર ઊડી નીકળ્યો. બીજો કોઈ હોત તો આ બધી આપત્તિઓ સામે ક્યારનો નાહિંમત બની ગયો હોત, પણ ચાહે તેવી આપત્તિ સામે નમતું જોખવાનું વિલસનના સ્વભાવમાં જ નહોતું.

બેહરીનની નવી બંધાએલી વિમાનપટ્ટી પરથી પેટ્રોલ તો તે ભરાવી શક્યો, પણ ત્યાંના બ્રિટિશ કૉન્સલે તેને અટકાવવાને બદલે બીજી રીતે તેનો ઘાટ ઘડી નાખવાનો પેંતરો રચ્યો. તેણે ઈરાનમાં બુશાયર મુકામે વિલસનને ઊતરવાનું જણાવી ચિઠ્ઠી લખી આપી, જેથી ત્યાંની સરકાર ઊતરતાં વેંત તેને પકડી લઈ તેનું વિમાન જપ્ત કરી લે. પરંતુ વિલસન તેની ચાલ સમજી ગયો, ને તેની જાળમાં ન ફસાતાં એણે ઈરાનને બદલે બલુચિસ્તાનનો જ માર્ગ પકડચો, અને અનેક મુસીબતો અને ખતરાઓ ઓળંગતો તે અંતે હિંદમાં પૂર્ણિયા મુકામે ઊતર્યો.

પરંતુ અહીં પણ બ્રિટનમાંની ઇન્ડિયા-ઑફિસનું ફરમાન આવી પહોંચ્યું હોઈ તે પૂર્ણિયા ઊતર્યો તેવું જ તેનું વિમાન જપ્ત કરી લેવામાં આવ્યું અને તેને હિમાલય પર પહોંચવાની મનાઈ ફરમાવવામાં આવી. નોકરશાહી જડતા સામે તેનું કશું ચાલે તેમ ન હતું. તે નવરો પડી ગયો અને પૈસા ખરચાતા ગયા. પહેલાં તો તેને થયું કે ઇંગ્લૅંડ પહોંચી જવું, પણ પછી તેને થયું કે પોતાના જીવનધ્યેય સામે આ એક પડકાર હતો અને એ પડકાર પોતે ઝીલવો જ રહ્યો. એ કશી બનાવટમાં માનતો ન હતો, પણ હવે તે વિના કોઈ જ આરો ન રહેતાં તેણે ઇન્ડિયા-ઑફિસને લખી જણાવ્યું કે એવરેસ્ટના આરોહણનો વિચાર પોતે માંડી વાળ્યો હોઈ પોતાનું વિમાન વેચી નાખવાની તેને રજા આપવામાં આવે.



△ પોતાના સેકન્ડ-હૅન્ડ હેવિલૅન્ડ જિપ્સી મૉથ વિમાન G-ABJC, પાસે વિલસન મૉરિસ. એણે આ વિમાનને 'એવર-રેસ્ટ' (Ever-Wrest) નામ આપીને એવરેસ્ટ શિખર સર કરવાના પોતાના અફર ઇરાદાની આડકતરી ઘોષણા કરી હતી.

આ રજા મળતાં જ વિમાનના વળગણથી છૂટી જઈને તે સીધો પૂર્ણિયાથી દાર્જિલિંગ પહોંચ્યો, જે એવરેસ્ટ પરની હરેક આરોહક ટુકડીનું પ્રસ્થાનબિન્દુ હતું. અહીંથી હિમાલયના ભોમિયા જોઈએ એટલા મળી રહે તેમ હતું. પરંતુ આરોહણની મુશ્કેલીઓથી તે બધા સુપરિચિત હોઈને વિલસન જેવા બિનઅનુભવી અને એકાકી આરોહકને સાથ આપવા કોઈ તૈયાર નહોતો. વિલસન એ કારણે પોતાનો પ્રયાસ છોડે તેમ ન હતું. આરોહણની તૈયારી પહેલાં તેણે ત્રણ અઠવાડિયાંના ઉપવાસ ખેંચી કાઢી પ્રાર્થના કર્યે રાખી. બીજો કોઈ હોત તો આટલા ઉપવાસના અંતે ઊલટો અશક્ત બની ગયો હોત, પણ વિલસન તો જાણે નવી શક્તિ મળી હોય તેમ કડેધડે બની ગયો. ત્યાં તો જાણે નસીબ પણ તેની મદદે આવ્યું હોય તેમ રટલેજની ટુકડી સાથે ભોમિયા તરીકે રહેલા ત્રણ અનુભવી શેરપાઓ તેને સાથ આપવા તૈયાર થયા તેની ખુશીનો પાર ન રહ્યો. હવે તો માત્ર હિમગિરિ પર પહોંચી ઉત્તુંગ શિખર એવરેસ્ટનું ચઢાણ જ કરવાનું રહેતું હતું.

વિજયપ્રસ્થાનનો આ બીજો તબક્કો ઈ. ૧૯૩૪ના માર્ચની ૨૧મી એ શરૂ થયો. પરોઢનું પહેલું કિરણ પણ ફૂટ્યા પહેલાં અંધારેઅંધારે ચારે જણ દાર્જિલિંગથી છાનામાના નીકળી પડ્યા. વિલસન સાથેના ત્રણ શેરપાઓથી ખાસ જુદો પડતો નહોતો, કારણ તેણે પણ તિબ્બતી લામાનો વેશ ધારણ કર્યો હતો. ધરાતલથી હજારો ફૂટ ઊંચે હેમાળા પવનની ઝડીઓ ઝીલતા તેઓ અંધારે જ આગળ વધતા રહેલા, કારણ વિલસનને એ બીક રહેતી હતી કે દિવસના અજવાળામાં પોલીસની પેટ્રોલ-ટુકડીઓ પોતાને ઝડપી લીધા વિના નહિ રહે. એટલે તો એ ચાલતો હતો પણ લાંબી ફલાંગો ભરતો. શેરપા ત્રિપુટીના આગેવાન દાઓએ તેને ટોક્યો પણ ખરો કે, 'સાહેબ, ચાલ ધીમી રાખો, હજુ ઘણે લાંબે પહોંચવાનું છે અને ઘણાં કપરાં ચઢાણો ચઢવાનાં છે.' પણ

ડિસેમ્બર માસ માટેનું
મુરારકા ચેરિટેબલ ટ્રસ્ટનું રૂ. ૫૦નું ચરિત્ર-પારિતોષિક
'મુનશી પ્રેમચંદ'ના લેખક જયેન્દ્ર ત્રિવેદીને મળે છે.

વિલસનનો ઘણો સમય વેડફાઈ ચૂક્યો હોઈને હવે તે ક્ષણનો પણ વિલંબ સહી લેવા તયાર નહોતો.

રટલેજની ટુકડીને જ્યાં પહોંચતાં ૩૫ દિવસ લાગેલા એ રેંગબક મઠ તેઓ માત્ર ૨૫ દિવસમાં પહોંચી ગયા. ૧૬,૫૦૦ ફૂટની ઊંચાઇએ એવરેસ્ટની છાયામાં આવેલા આ બૌદ્ધ મઠમાં બે દિવસ આરામ કરી, એણે પોતાનો લામાનો વેશ ઉતારી પવનથી અભેદ્ય ('વિન્ડપ્રૂફ') સૂટ ચડાવી લીધો અને આગળ પ્રયાણ માટે તૈયાર થયો. પણ શેરપાઓ અહીંથી આગળ આવવા તૈયાર ન થયા. તેમણે વિલસનનો ૪૫ રતલનો થેલો તેના ખભે ચડાવી આપ્યો, અને વિલસન તેમની વિદાય લેતો હસ્તધૂનન કરતો બોલ્યો : 'તમે ઉપરની બાજુ નજર રાખતા રહેજો. મારી પાસે હજામત માટેનું નાનું ચાટલું છે. એવરેસ્ટને માથે પગ મૂકતાં જ હું એ ચાટલા વડે પ્રકાશ ફેંકી તમને મારા વિજયની જાણ કરીશ.'

દાઓએ તેને બરફ પરના ચઢાણ માટે બૂટ સાથે ભરાવવાના લોખંડી નહોર ('ક્રેમ્પોન') સાથે લેવા કહ્યું, પણ વિલસનનો ઉત્તર એ હતો કે, 'એ આરોહક માટે જરૂરી વસ્તુ હોવાની મને ખબર છે, પણ હું એવરેસ્ટ ચઢવા ખાતર નથી ચઢતો. હું કંઈ પર્વતારોહી નથી. મારે આ આરોહણ દ્વારા જે સિદ્ધ કરી બતાવવાનું છે તેને બાહ્ય સાધનો સાથે કશી નિસ્બત નથી, તેનો સંબંધ સીધો આત્મા સાથે છે.'

દાઓએ એને સફળતા ઇચ્છતી વિદાય આપી; પણ વિલસનનો કરુણ અંત ત્યારથી જ તેણે કલ્પી લીધો.

એકલાઅટૂલા વિલસને રટલેજની ટુકડીએ લીધેલો માર્ગ જ અપનાવ્યો. કેટલેક સુધી તો કશી હરકત ન નડી, પણ રેંગબક હિમનદની પૂર્વ બાજુએ પહોંચતાં જ તેની કસોટી શરૂ થઈ ગઈ. જ્યાંત્યાં ધસી પડતા બરફના ટુકડા તીરની જેમ તેના માથે ભટકાવા લાગ્યા. આસપાસ ખડી હિમદીવાલો વચ્ચે એને શ્વાસ લેવાની પણ તકલીફ પડવા માંડી. વચ્ચે માર્ગ પણ ચૂકી ગયો જે ત્રણ કલાકે પાછો માંડમાંડ શોધી શક્યો. આ પદયાત્રામાં તે જેમજેમ થાકતો ગયો તેમતેમ ખભા પરના થેલાનું વજન પણ વધુ ને વધુ લાગવા માંડ્યું. થોડો વખત તો થેલો ખભેથી ઉતારી બંને હાથ વડે પકડીને આગળ વધ્યો, પણ આ રીતે બહુ વાર ચાલી શકાયું નહિ. એનું વજન ઓછું કરવા બીજા કેટલાક સામાનની સાથે ખોરાકનાં થોડાં પૅકેટ પણ બહાર ફેંકી દીધાં.

પણ એની શક્તિ હરાઈ ચૂકી હતી. કેવળ દૃઢ મનોબળ જ એને આગળ ધપવામાં સહાય કરી રહ્યું હતું. હવે પછી આવતા બરફના લીસાપણા ને નક્કરતાનો એને ખ્યાલ ન હતો. એનું આખું શરીર જાણે બરફની ચાદરથી વીંટળાઈ ગયું. આગળ નજર પહોંચતી નહોતી. તે આમતેમ લથડવા ને ગબડવા માંડ્યો. કેટલીય વાર તે હિમગર્તાઓમાં ગરક થઈ જતો બચી ગયો. પણ એના મન પર એની જરા ય અસર નહોતી. એની એ શ્રદ્ધા અચળ હતી કે આવા બધા અકસ્માતોથી બચી જવા પાછળ દૈવી સંકેત રહેલો હતો, જે એને અવશ્યમેવ વિજયી બનાવ્યા વિના નહિ રહે.

જેમતેમ કરી ૨૦,૫૦૦ ફૂટની ઊંચાઇએ એ પહોંચી ગયો, પણ આહીં હિમઝંઝા એટલી કપરી હતી કે તેનાથી ટટ્ટાર ચાલી પણ શકાતું નહોતું. પરંતુ પોતાના આ સાહસને દૈવપ્રેરિત માનતો વિલસન હાડ થીજાવી દેતી ઠંડી અને હેમાળા પવનના માર સામે ગોળાદાર તોતિંગ હિમદીવાલો વચ્ચે એકલો ને અટૂલો આગળ ધપતો જ રહ્યો. અને ઠંડીથી અકડાઈ ગએલા શરીરે તે રટલેજે નાખેલા ત્રીજા પડાવ સુધી પહોંચી ગયો.

હવે નૉર્થ કોલનો કરાળ અને ભારે ખતરનાક માર્ગ શરૂ થતો હતો. પર્વતારોહીઓના કોઈ પણ પડાવ ૨૭,૪૦૯ ફૂટથી આગળ વધતા નહોતા. ભલભલા સાહસિક આરોહકો ત્યાંથી વધુમાં વધુ ૨૮,૦૦૦ ફૂટ સુધી પહોંચીને હિમપ્રકોપથી પાછા ધકેલાઈ ગયા હતા, અને એ જ નસીબ હ્યુ રટલેજની ટુકડીને પણ પ્રાપ્ત થએલું. વિલસન હવે એ ઊંચાઇએ આગળ વધી રહ્યો હતો જ્યાં અત્યાર સુધીમાં કોઈ માનવીનું પદચિહ્ન અંકાવા નહોતું પામ્યું. બધા જ્યાંથી પાછા પડ્યા હતા ત્યાંથી પોતે એકલો આગળ વધી ઉન્નતશીષ એવરેસ્ટને પદાક્રાન્ત કરશે એ અનેરા ખયાલે એની છાતી ગર્વથી ફૂલી ઊઠી.

૩૧મી મે ગુરુવારનાં પ્રભાતનાં સોનેરી કિરણો હિમપટ પર પથરાયાં, ને સાવ નંખાઈ ગએલા વિલસનના હૃદયમાં પણ એવી સોનેરી આશાનો સંચાર થયો. તેણે પોતાની ડાયરીમાં નોંધ્યું—'પુનઃ પ્રયાણ! કેવો મહાન છે આ દિવસ!'

બસ, એ જ વિલસનની ડાયરીનું અંતિમ લખાણ.

આશાતંતુએ બાંધેલો એ જીવ નંખાઈ ગએલી હાલતે અડબડિયાં ખાતો પણ આગળ વધતો રહ્યો. ઉષ્ણતામાન શૂન્યથી યે ૫૦ અંશ નીચે પહોંચી ગયું હતું. એનાં આંગળાં એવાં અકડાઈ ગયાં હતાં કે વાળ્યાં વળતાં નહોતાં. માથામાં સણકા ઊપડ્યા હતા. આગ પેટાવવાનું એકમાત્ર સાધન દીવાસળી પણ ખલાસ થઈ ચૂકી હતી. અને સૂરજનો તડકો કશી ગરમી આપી શકે તેમ નહોતો.

એ રાતે એ સૂતો. સૂતા પછી ફરી જાગવા જ પામ્યો નહિ.

એક વર્ષ બાદ પ્રસિદ્ધ પહાડખેડુ એરિક શિપ્ટનની ટુકડી એવરેસ્ટનાં આરોહણ માટે આગળ ધપી રહી હતી ત્યાં મૉરિસ વિલસનનું શબ જેવી ને તેવી હાલતમાં એ ટુકડીને હાથ લાગ્યું. એ દિવસ હતો ઈ. ૧૯૩૫ના જુલાઈની ૯મીનો. હિમઝંઝાએ વિલસનના તંબૂને ક્યાંયે ફેંકી દીધો હતો, માત્ર પથ્થરોમાં બાંધેલાં દોરડાંના છેડા લબડતા હતા. વિલસનનું શબ જ્યાં થીજીને પડ્યું હતું ત્યાં નજીકમાં જ તેનો થેલો પડેલો હતો. બધાએ મળી લાશને હિમસમાધિ આપી અને તેની ઉપર નિશાનીનો પથ્થર મૂકી તેની ખાંભી રચી.

થેલામાંથી વિલસનની ડાયરી હાથ લાગી. શિપ્ટનનો એક સાથી તે વાંચતો ગયો ને શિપ્ટન સાંભળતો રહ્યો. ડાયરીના અથેતિ શ્રવણ પછી શિપ્ટને માનવ-હિતાકાંક્ષી આ મહાન સાહસિકને માટે લખ્યું છે:

'એના અનુપમ સાહસ પાછળનો હેતુ અનન્ય હતો. એને પર્વતો પ્રત્યે પ્રેમ નહોતો ઊભરાતો, ને એમના સામીપ્યમાં પોતે કશી આંતરિક ઉત્તેજના અનુભવતો હોવાનો એનો દાવો પણ નહોતો. સાથોસાથ એ અંગત ગૌરવ માટે મથતો હતો એમ પણ મને નથી લાગતું. માનવજાતને કોઇ નવસંદેશ આપવા માટે કોઈ દૈવી પ્રેરણા જ પોતાને પ્રેરી રહી હોવાની અચળ શ્રદ્ધા એને હતી, અને એની એ શ્રદ્ધા એના અંતિમ શ્વાસ લગી એની સાથે રહેલી. આ હકીકતને પડછે એના સાહસને માત્ર પર્વતારોહણની નજરે મૂલવવું નિરર્થક છે; તો સાથોસાથ એની ડાયરીમાંથી નીતરતા એના અડગ આત્મવિશ્વાસને મૂલવવાની પણ કોઈ કસોટી આપણી પાસે નથી. એની વિલક્ષણતા એની શ્રદ્ધામે અનુરૂપ જ હતી. જો હો તે આપણે એની હિંમતને બિરદાવ્યા વિના રહી શકીએ નહિ.' □

પાત્ર એક તરડાએલું

ધીરુ પરીખ

— પાત્રો —

દાદાજી

ચિરંતન (મોટો પુત્ર) * સુજાતા (પુત્રવધૂ)

ચેતન (નાનો પુત્ર)

ધૃતિ (પૌત્રી) * ધૈવત (પૌત્ર)

[એક ઓરડામાં પલંગ પર એક વૃદ્ધજન સૂતો છે. ઉપરાઉપરી એને ઉધરસ આવે છે. એની ઉધરસ ચાલુ જ છે ત્યાં દસેક વર્ષનો એક કિશોર ઓરડામાં દોડી આવે છે.]

ધૈવત : દાદાજી, દાદાજી. તમને બહુ ઉધરસ આવે છે, નહિ ?

દાદાજી : (ઉધરસ ખાતાંખાતાં) હા, બેટા ધૈવત ! આ શિયાળો છે ને એટલે ઉધરસ પણ પજવે છે. (ફરી તેને જોરથી ઉધરસ આવે છે.)

ધૈ૦: ઊભા રો' દાદાજી, હું તમને પાણી લાવી આપું.

દા૦: (ઉધરસ ખાતાં જ) ભારે સમજુ છે મારો ધૈવત. (પાછી ઉધરસ) ભણવામાં પણ એવો જ હોશિયાર છે. (વળી ઉધરસ) આ એના બાપ જેવો જ હોશિયાર.(ખૂબ ઉધરસ.)

ધૈ૦: લો, દાદાજી ! આ પાણી, તમને પીઠ ઉપર પંપાળું, દાદાજી ?

દા૦: (હસવાનો પ્રયત્ન કરતાં જ ઉધરસ) લાવ બેટા, પાણી. (એકાદ ઘૂંટડો પીને) હાશ ! બહુ ડાહ્યો દીકરો, મારો ધૈવત. (થોડી ઉધરસ)

ધૈવત : દાદાજી, હજુ બે ઘૂંટડા વધુ પીઓ.

દા૦: હા, હા, બસ ? (પ્યાલો પાછો આપતાં) લે. હા...શ !

ધૈ૦: હવે સારું લાગ્યુંને, દાદાજી ?

દા૦: હાસ્તો બેટા, સારું કેમ ના લાગે, હં ? મારા ધૈવત જેવા ડાહ્યા દીકરાના હાથનું પાણી મળે, એનો હાથ વાંસામાં ફરતો... (પાછી થોડી ઉધરસ ઊપડે છે)

ધૈ૦: દાદાજી, તમે એક સાથે બહુ ના બોલો. ઊભા રો', હું પેલી ઉધરસની ગોળી તમને આપું.

દા૦: (સંતોષનું હાસ્ય) હં...દીકરો ખરેખર સમજુ થવાનો છે (થોડી ઉધરસ.) એના બાપની જેમ ભણીગણીને કોઈ મોટી નોકરી પર પહોંચવાનો. (પાછી ઉધરસ)

ધૈ૦: લો દાદાજી, ઝટઝટ આ ગળી જાવ.

દા૦: હા, બેટા. હા ! લાવ...હા...શ... !

ધૈ૦: દાદાજી, હવે તમે બહુ બોલશો નહિ.

દા૦: ભલે, ભાઈ !

ધૈ૦: લાવો એ પ્યાલો હું મૂકી આવું.

દા૦: ઊંહું !

ધૈ૦: કેમ ના પાડો છો, દાદાજી ?

દા૦: અહીં નજીક આવ, ધૈવત.

ધૈ૦: લો, આ આવ્યો. શું છે, કો' દાદાજી ?

દા૦: જો, આ પ્યાલામાં તને શું દેખાય છે?

ધૈ૦: (હસી પડતાં) પાણી, દાદાજી.

દા૦: ખરું. પણ આ પ્યાલાના કાચમાં શું દેખાય છે?

ધૈ૦: કાચમાં, દાદાજી ? !

દા૦: હા, હા. કાચમાં જો. બરાબર જો, શું દેખાય છે ?

ધૈ૦: એ તો તિરાડો છે, દાદાજી. (એકાએક ડોરબેલ વાગે છે.)

દા૦: જો તો, ધૈવત. કોણ છે (ફરી ડોરબેલ.)

ધૈ૦: ખોલું છું. (બારણું ખોલે છે, હર્ષથી) આ તો મમ્મી છે, દાદાજી. (મમ્મીને ઉદ્દેશીને) મમ્મી, મમ્મી! દાદાજીને છે ને ખૂબ ઉધરસ ચઢી હતી.

સુજાતા : તો તેં શું કર્યું, ધૈવત ?

ધૈ૦: મમ્મી, મમ્મી, મેં દાદાજીને પાણી આપ્યું, પછી પેલી ઉધરસની ગોળી પણ આપી.

સુજાતા : સારું કર્યું.

ધૈ૦: દાદાજી, પછી તમે આ પ્યાલાની તિરાડો વિષે શું કહેતા'તા ?

દા૦: જો, આ પ્યાલામાં તિરાડો છે, કેટલી બધી તિરાડો છે ? તો ય એ પ્યાલો તો કહેવાય જ છે.

સુ૦: (જરા છંછેડાઇને) ધૈવત, તેં દાદાજીને એવો તિરાડવાળો પ્યાલો આપ્યો ?

દા૦: કંઈ વાંધો નહિ સુજાતા. એ તરડાએલું પાત્ર પણ કામ તો આપે છે ને ?

સુ૦: આ ધૈવતમાં ક્યારે અક્કલ આવશે!

દા૦: એવું નથી, સુજાતા. ધૈવત ખરેખર હોશિયાર છે. તમારા સહુની ગેરહાજરીમાં એણે જ મારી દેખભાળ લીધી.

સુજાતા : આ તમારા લાડ એને ફટવી મારશે, દાદાજી.

દા૦: લાડ તો હોય જ ને. દાદા પાસે ના હોય તો ક્યાં હોય ?

સુ૦: લાડ લાડની રીતમાં શોભે, દાદાજી. ધૈવત કંઈ હવે કીકલો નથી.

દા૦: હોય એ તો (ઉધરસ)... એમાં એણે એવો શો ગુનો કરી નાખ્યો છે, તે...(ઉધરસ)

ધૈ૦: દાદાજી, તમે બહુ બોલશો નહિ. તમને વધુ ઉધરસ ચઢશે.

દા૦: તો લે આ પાછું બે ઘૂંટડા પાણી પી લઉં હા...શ!

સુ૦: ગુનો તો ઠીક, પણ સામાન્ય અક્કલનું તો દેવાળું જ ને—

ચિરંતન : (પ્રવેશતાં) કોની અક્કલનું પાછું દેવાળું નીકળ્યું વળી ?

સુ૦: આ તમારા દીકરાનીસ્તો !

ધૈ૦ : પપ્પા, પપ્પા—

ચિ૦: શું છે બેટા ?

દા૦: અરે કંઈ નથી, ચિરંતન !

સુ૦: કેમ કંઈ નથી, દાદાજી ? આ તો ઠીક છે તમે છો, કાલ સવારે કોઈ મહેમાન આવ્યું હોય તો એ તો આ જ પ્યાલો લઇને આવે ને ?

ચિ૦: શું છે આ બધું, હું સમજ્યો નહિ.

સુ૦: તમારી સમજમાં આવવાનું ય નહિ.

દા૦: અરે બેટા, ચિરંતન, હજુ તો તું બહારથી ઘરમાં આવીને ઊભો જ રહ્યો છે, ને વળી સુજાતા પણ થોડી વાર પહેલાં જ આવ્યાં છે. તમે નિરાંતે વાળુપાણી કરી લો. આ હું અંદર જઇને. હરિઃઓમની માળા ફેરવું છું, ધૈવત, ચાલ બેટા, તું મારા પગ દાબજે.

ધૈ૦: (જતાંજતાં) હા, ચાલો દાદાજી.

દા૦: (જતાંજતાં) હા, ચાલ બેટા.

ચિ૦: સુજાતા, કોની અક્કલનું દેવાળું...?

સુ૦: કહ્યું તો ખરું કે પેલા તમારા દીકરાની.

ચિ૦: શું હતું તે ?

સુ૦: આ આવડો મોટો થયો પણ કોણ જાણે ક્યારે સમજ...

ચિ૦: (અધવચ્ચે જ) પણ છે શું ? એ તો મને કહે.

સુ૦: દાદાજીને ઉધરસ ચઢી'તી.

ચિ૦: ચઢી'તી. પછી ?

સુ૦ : તે ધૈવતે પાણી આપ્યું.

ચિ૦: આપ્યું, પછી ?

સુ૦: તિરાડવાળા કાચના પ્યાલામાં પાણી આપ્યું.

ચિ૦: આપ્યું? પછી ?

સુ૦: પછી, પછી શું ? મેં કૈં વાર્તા માંડી છે ?

ચિ૦: ના ના, તે પછી એમાં થઈ શું ગયું?

સુ૦: થઈ તો શું જવાનું હતું બીજું ? પણ દસ વર્ષના છોકરાને એટલી અક્કલ ના પડે કે તિરાડવાળા પ્યાલામાં પાણી ન અપાય.

ચિ૦: પણ દસ વર્ષના છોકરાને એટલી તો અક્કલ પડી ને કે ઉધરસ ચડે ત્યારે પાણી તો અપાય. દરેક બાબતમાં આપણે બાળકોને શિખામણ આપઆપ કરીએ તો પછી એના વ્યક્તિત્વનો વિકાસ જ ન થાય.

ધૈ૦: (અંદરથી પ્રવેશતાં) પપ્પા, પપ્પા, છે

ને દાદાજી તો માળા ફેરવતાંફેરવતાં ઊંઘી જ ગયા. ઘુરુરુરુરુ...ઘુરુરુરુરુ...એમનું નાક પણ બોલવા માંડ્યું.

સુ૦: એટલે તું અહીં આવતો રહ્યો એમ?

ચિ૦: એ તો એની બુદ્ધિનો પુરાવો છે. દાદાજીને હવે ઊંઘમાં ખલેલ ના પડે માટે તે જાળવીને અહીં આવતો રહ્યો. આમ જ વ્યક્તિત્વનો વિકાસ...

સુ૦: (અધવચ્ચે) પાછું તમારું વ્યક્તિત્વ આવ્યું? કોણ જાણે. દાદાજીએ જ આ ઘરમાં સહુને વ્યક્તિવાદી બનવાનું ભૂત ભરાવ્યું છે મનમાં?

ચિ૦: એટલે તો આ તને પણ આ ઘરમાં બેફામ સ્વતંત્રતા મળી છે ને.

સુ૦: બેફામ શાની વળી?

ચિ૦: બેફામ નહિ તો બીજું શું વળી? આ અત્યારે ઘરમાં આવ્યો તો છે રસોઈ તૈયાર?

સુ૦: મારે પણ એ જ પૂછવું છે, કે રસોઈ તૈયાર છે?

ધૈ૦: પપ્પા, પપ્પા, દાદાજી તો બિચારા આજ જમ્યા વગર જ સૂઈ ગયા. ને મને તો મમ્મી ખૂબ ભૂખ લાગી'તી તે મેં પાપડ જાતે શેકીને ખાઈ લીધો.

સુ૦: સારું કર્યું. હવે જો હું હમણાં જ પૂરી-શાક બનાવી નાખું છું.

ચિ૦: આ સામેની દીવાલ પરની ઘડિયાળ-માં જો. રાતના સાડા નવ થવા આવ્યા. હજુ તો પૂરી-શાક બનાવી નાખું છું?

સુ૦: તે હું શું કરું? મારે કામ હોય તો હું બહાર પણ ના જાઉં?

ચિ૦: જાવ, જાવ! હજુ દસ વાગ્યે પાછા આવવું હતું ને!

સુ૦: એ તો જેવું કામ. વધારે કામ હોય તો વળી દસ પણ વાગે.

ધૈ૦: મમ્મી, ક્યાં ગઈ'તી તું?

સુ૦: આ જોને, અમારા મહિલામંડળની સભા હતી, અને હું એની પ્રમુખ, એટલે મારે ત્યાં છેક સુધી હાજર તો રહેવું જ જોઇએ ને?

ચિ૦: હા, ભાઈ, હા કાંઈ છૂટકો છે?!

ધૈ૦: કેમ પપ્પા, તમને ય ભૂખ લાગી છે ને?

ચિ૦: ના રે, હું તો બહાર નાસ્તોપાણી પતાવીને આવ્યો છું. પણ...

સુ૦: પણ શું! મેં ય તે...

ચિ૦: તમેય પણ તમારી મહિલામંડળની સભામાં નાસ્તાપાણી જેવું કંઈક આરોગીને આવ્યાં હશો ને?!

સુ૦: હા, મારે તો આજ નહિ જમું તો ય ચાલશે. પણ તમારા સહુનું તો કરવું પડશે ને?

ચિ૦: પણ તારે ધૃતિને કહીને જવું હતુંને કે રસોઈ તૈયાર કરીને બહાર જાય.

ધૈ૦: પપ્પા, પપ્પા! ધૃતિબહેનને આજે સાંજે છ વાગ્યાથી જ બહાર જવાનું હતું. એટલે એ તો કહીને ગયાં છે કે હું તો રાત્રે સાડા નવ પછી જ આવીશ.

ચિ૦: સુજાતા, ધૃતિ ક્યાં ગઈ છે?

સુ૦: હવે કંઈ ધૃતિ નાની નથી, ખાસ્સી વીસ વર્ષની થઈ છે. એને જ્યારે ને ત્યારે પડપૂછ ક્યાં કરીએ તો ગમે એને, ગઈ હશે ક્યાંક.

ધૈ૦: હા, પપ્પા સાડા નવ તો થઈ ગયા છે. આવતાં જ હશે ધૃતિબહેન.

ચિ૦: તું બેટા, હજી નાનો છે. તને આમાં સમજણ ના પડે.

સુ૦: આમ ને આમ આપણે આપણાં યુવકયુવતીઓને પાંગળાં બનાવી દીધાં છે. પશ્ચિમમાં જુઓ. ત્યાંનાં યુવક-યુવતીઓનાં વ્યક્તિત્વનો કેટલો વિકાસ થએલો હોય છે!

ચિ૦: એ તો સારું છે કે આપણે ત્યાં બાપુજીએ સહુને સ્વતંત્રતા આપી છે!

ધૈ૦: તે હેં પપ્પા, હેં મમ્મી, ધૃતિબહેન એટલે જ આમ રાત્રે મોડે સુધી બહાર રખડતાં હશે?

સુ૦: ચૂપ ધૈવત? નાના મોઢે મોટી વાતો?

ચિ૦: (અધવચ્ચે ચમકીને) અરે, અરે, અરે? આ તું શું બોલે છે સુજાતા?!

સુ૦: કેમ, હું ખોટું શું બોલી છું એમાં? ધૈવત હજી નાનો છે ને તેની મોટીબહેન ધૃતિ વિશે આ પ્રમાણે...

ચિ૦: (અધવચ્ચે) જો સુજાતા, આપણે એના વ્યક્તિત્વનો વિકાસ થવા દેવો હોય તો આમ રોકટોક ના ચાલે (ડોરબેલ વાગે છે).

સુ૦: જો જોઇએ ધૈવત, કોણ છે? (ડોરબેલ)

ધૈ૦: આવું છું. (બારણું ખોલે છે) લો, આ ધૃતિબહેન આવી ગયાં.

ચિ૦: ધૃતિ! ક્યાં ગઈ હતી અત્યાર સુધી?

ધૃતિ: પપ્પા, વાત એમ છે કે આવતી કાલે મારા હૉબી-ક્લાસનું પ્રદર્શન છે. આથી ત્યાં બધી ગોઠવણી કરવાની હતી.

સુ૦: તો તું કેટલા વાગ્યે નીકળી હતી ઘરેથી?

ધૃ૦: લગભગ છએક વાગ્યે નીકળી હોઈશ, ખરુંને ધૈવત?

ધૈ૦: હા, મમ્મી, હું નો'તો કે'તો કે સાંજે છ વાગ્યે બહાર ગયાં હશે.

ચિ૦: પણ તો પછી, ધૃતિ, તારે રસોઈ બનાવીને ના જવું જોઇએ?

ધૃ૦: પપ્પા, જો હું રસોઈ બનાવવા બેસું તો મારે સાંજે ચાર વાગ્યાથી રસોઈ શરૂ કરવી પડે. અને છ વાગ્યાની તૈયાર થએલી રસોઈ તો સાંજે ઠંડી જ થઈ જાય ને! એટલે મને એમ કે મમ્મી આવીને રસોઈ બનાવી નાખશે.

સુ૦: હા, મમ્મી નવરી ખરીને પાછી? મમ્મીને આજકાલ કેટલાં કામ હોય છે એનું ભાન છે તને? આ સવારની રસોઇને માંડમાંડ પહોંચી વળું છું ત્યાં...

ધૃ૦: પણ મમ્મી, આજકાલ મારે ય ખૂબ કામ રહે છે? અમારા હૉબી-ક્લાસના પ્રદર્શન-ની વ્યવસ્થાની બધી જ જવાબદારી મારા માથે છે હા! એટલે આજ તો વળી બપોરના બે વાગ્યાની એક ફ્લાવરવાઝ બનાવવા બેસી ગઈ હતી તે સાંજે સાડા પાંચ વાગ્યે પૂરું કરીને ઊઠી. અને છ વાગ્યે તો મારે નીકળવાનું જ હતું. બોલ, હવે ક્યારે રસોઈ બનાવું?

સુ૦: સારું! પણ બીજી તો કંઈક વ્યવસ્થા કરી રાખવી જોઇએ ને!

ચિ૦: હા, કેમ, બ્રેડ, બટર, ચવાણું, ફરસાણ ક્યાં નથી મળતું? બધું જ ચાલત.

સુ૦: હા, એ પ્રમાણે બજારમાંથી કંઈક લાવીને જવું હતું ને!

ધૃ૦: પણ મમ્મી, મને શી ખબર કે તું મોડી આવવાની હોઈશ?

ધૈ૦: મેં તો પાપડ શેકીને ક્યારનો ય ખાઈ લીધો.

સુ૦: સાવ પંડપોષી છે!

ચિ૦: હજુ એની ઉંમર શી! પંડ પોષવા સિવાય બ્રહ્માંડને પોષવાની પ્રવૃત્તિ એને હજુ ક્યાંથી આવડે? પ્રવૃત્તિ તો આપણે કરીએ છીએ. મોટો થશે એટલે એ પણ કરશે.

ધૈ૦: સમજી ગયો, પપ્પા. હું પણ મોટો થઇને તમારા સહુની જેમ બહાર ફરીશ અને કામ કરીશ.

ચિ૦: ધેટ્સ રાઈટ, વૉટ અ સ્માર્ટ બૉય! ભારે ચાલાક છે છોકરો!

ધૃ૦: હોય જ ને, પપ્પા, દીકરો કોનો?!

ધૈ૦: અને વળી, ભાઈ ધૃતિબહેનનો!

ચિ૦: સરસ, સરસ!

સુ૦: તમે સરસ સરસ કહો છો, પણ મને તો તરસ લાગી છે. જા, બેટા ધૈવત મારે માટે એક ગ્લાસ પાણી લઈ આવ જો.

ધૈ૦: આ લાવ્યો, મમ્મી!

ધૃ૦: બહુ મજાનો છે, મારો ભાઈ!

ચિ૦: તે અમારો દીકરો કંઈ ખોટો નથી, કેમ સુજાતા?

સુ૦: ના રે!

ચિ૦: શું ના રે?

સુ૦: એ કંઈ ખોટો નથી એસ્તો. (સહુ હસી પડે છે.)

ધૈ૦: મમ્મી, લે પાણી.

સુ૦: છી છી છી! આ શું?

ચિ૦: કેમ શું છે, સુજાતા?

સુ૦: શું શું છે? જોતા નથી આ પ્યાલો?

ચિ૦: કેમ, કેવો છે?

સુ૰: લે, બતાવ તારા પપ્પાને.

ધૈ૰: જુઓ પપ્પા.

ચિ૰: હું સમજ્યો.

ધૃ૰: લાવ, જોવા દે મને, ધૈવત.

ધૈ૰: લો, જુઓ, ધૃતિબહેન!

ધૃ૰: ((ચમકીને) અરેરેરે! આવો પ્યાલો લવાતો હશે? કેટલી બધી તિરાડો છે પ્યાલામાં!

ધૈ૰: પણ દાદાજીને એ પ્યાલો બહુ ગમે છે.

ધૃ૰: તો એ પ્યાલો માત્ર દાદાજી માટે જ વાપરવાનો. બીજા કોઇને આવો તિરાડવાળો પ્યાલો ના અપાય એટલું ય તું સમજતો નથી, ધૈવત?!

ચિ૰: સમજશે, સમજશે. વખત આવ્યે બધું યે સમજશે.

સુ૰: હા, આ ઘરનો શિરસ્તો જ એવો છે ને કે જે કોઈ જે કાંઈ કરે તે તેને કરવા દેવું.

ચિ૰:(હસીને)સુજાતા, માટે જ તો તું રસોઈ બનાવ્યા વગર બહાર ફરી શકે છે ને? ગમે તે ગમે ત્યારે ગમે ત્યાં જઈ, ગમે ત્યારે આવી શકે છે ને?

સુ૰: અને તમે ઑફિસેથી છ વાગ્યે છૂટી અને આજે આવ્યા નવ વાગ્યા પછી! અને એટલે જ આ ધૃતિ—

ધૈ૰: એમાં આમ ઝગડાઝગડી શી! ધૃતિબહેન બિચારાં એમના કામે ગયાં હતાં, કેમ ખરું ને, ધૃતિબહેન?

ધૃ૰: લો, એક જણ તો મારો પક્ષ લેનાર છે!

ચિ૰: ના, ના. એમ કેમ, અમે પણ તારો પક્ષ લેનાર છીએ.

સુ૰: હાસ્તો! અમે આમ કોઇને ય રોકટોક ના કરીએ તે શું બતાવે છે? કેમ ખરું ને, ચિરંતન?

ચિ૰:(હસીને)ઑફકોર્સ, રાઇટ, અલબત્ત, ખરું જ. નહિતર બીજા કોઈ ઘરમાં તો વીસ વર્ષની છોકરી આમ રાત્રે મોડી ઘેર આવે...

સુ૰:(અધવચ્ચે)તો તો એના પર પસ્તાળ જ પડે ને!

ધૃ૰: બસ, બસ; મમ્મી, પપ્પા! આપણું તે કંઈ ગામડિયું ઘર થોડું છે?

ચિ૰: નહિ જ, ધૃતિ. દાદાજીએ આ ઘરમાં સહુને વ્યક્તિસ્વાતંત્ર્યના પાઠ શીખવ્યા છે. એમણે પણ કદી કોઇને રોકટોક કરી નથી.

સુ૰: હાસ્તો વળી, એક ઘરમાં બધાં સાથે રહીએ અને છતાંય કોઈ કોઈના વ્યક્તિસ્વાતંત્ર્યને વાંધો ના આવવો જોઇએ. એ જ તો ખરી કળા દાદાજીએ આપણને શીખવી છે.

ચિ૰: નહિતર આ સામે ઘડિયાળમાં નજર કરો – દસ વાગશે થોડી વારમાં. હજુ ચેતન આવ્યો નથી એવું બને ખરું?

ધૃ૰: ચેતનકાકા હજુ નથી આવ્યા, પપ્પા?

સુ૰: ચેતનભાઈ હજુ નથી આવ્યા, ખરું?

ધૈ૰: હા, ચેતનકાકા હજુ આવ્યા નથી.

ધૃ૰: મને તો એમ કે ચેતનકાકા ઊંઘી ગયા.

સુ૰: હા, એવું ય બને ખરું.

ચિ૰: પણ એવું નથી બન્યું. કેમ, ખરું ને ધૈવત? ચેતનકાકા હજુ આવ્યા નથી ને?

ધૈ૰: ના, ના, ખરેખર નથા આવ્યા.

સુ૰: પણ દસ વાગવા આવે પછી તો ઘરમાં આવી જવું જોઇએ ને!

ચિ૰: વાહ! કંઈ કારણ? વ્યક્તિસ્વાતંત્ર્યમાં એવાં સમયનાં બંધનો ના ચાલે કોઇને!

ધૈ૰: તે પપ્પા, તમે વ્યક્તિસ્વા...(જરા થોથવાય છે.)

ચિ૰: (ઉચ્ચારમાં મદદ કરે છે.) હા, વ્યક્તિસ્વાતંત્ર્ય......

ધૈ૰: તે એનો શો અર્થ, પપ્પા?

ધૃ૰: હું બતાવું એનો અર્થ?

સુ૰: બહુ ચિબાવલી છે તું ધૃતિ.

ચિ૰: ભલે, ધૃતિ, કહી દે અર્થ.

ધૈ૰: હા, ધૃતિબહેન, મને એ વ્યક્તિસ્વાતં (ફરી થોથવાટ).

ધૃ૰: (ઉચ્ચારમાં મદદ કરતાં) હા, એ વ્યક્તિસ્વાતંત્ર્યનો અર્થ હું તને એક સેકન્ડમાં જ સમજાવી દઉં છું.

ધૈ૰: હા, જલદી કો'ને, ધૃતિબહેન.

ધૃ૰: કહું?

ધૈ૰: હા, હા, કહોને.

ધૃ૰: મમ્મી-પપ્પા, તમે ચિઢાશો નહિને!

ચિ૰: ના બસ, જા. કહી દે. ધૈવતને વ્યક્તિસ્વાતંત્ર્યનો અર્થ.

ધૃ૰: તો જો વ્યક્તિસ્વાતંત્ર્ય એટલે ઘરમાંથી જેને જ્યારે જવું હોય ત્યારે બહાર જાય, અને ઘરમાં આવવું હોય ત્યારે ઘરમાં આવે. (બધા હસે છે. ડોરબેલ વાગે છે.)

સુ૰: બહુ ચિબાવલી છે તું ધૃતિ. ધૈવત, જો તો કોણ આવ્યું? (ડોરબેલ વાગે છે).

ધૈ૰: ખોલું છું. (બારણું ખોલે છે.) આ તો ચેતનકાકા આવ્યા.

ધૃ૰: ના, વ્યક્તિસ્વાતંત્ર્ય આવ્યું. (ફરી બધાં હસી પડે છે.) (ચેતન કોઈ ફિલ્મી તરજ ગણગણતો લહેરથી પ્રવેશે છે.)

ચિ૰: અરે, ચેતન, કેમ ક્યાં હતો અત્યાર સુધી? (ચેતનનો ગણગણાટ ચાલુ છે.)

ધૃ૰: ચેતનકાકા, પપ્પા પૂછે છે કે અત્યાર સુધી તમે ક્યાં હતા?

સુ૰: (તરત જ) હા, અત્યાર સુધી ક્યાં હતા, ચેતનભાઈ?

ચે૰: (ગણગણાટ અટકાવીને જવાબ આપે છે.) તમે લોકો કંઈ સમજતાં નથી! હું એક તરજ બરાબર પાકી કરી રહ્યો છું ત્યાં...

ધૃ૰: શાની તરજ, ચેતનકાકા?

ચે૰: આ ગીતનીસ્તો. બે દિવસ પછી 'ગીતમાધુરી' કાર્યક્રમમાં આ બધા સ્ટેજ પર ગાવા જવાના. નવોદિત કલાકાર મંડળનો અમારો પ્રોગ્રામ છે, પ્રોગ્રામ!

ચિ૰: તે અત્યાર સુધી ક્યાં હતો પણ?

ચે૰: મોટા ભાઈ, આટલું કહ્યું પછી ય તમે સમજતા નથી!

સુ૰: કેવી રીતે સમજાય? પ્રોગ્રામ તો હજુ બે દિવસ પછી છે.

ચે૰: તમે ય તે શું ભાભી! પ્રોગ્રામ ભલે બે દિવસ પછી હોય, પણ એની પ્રેક્ટિસમાં તો જવું પડે ને?

ચિ૰: ઓહો! ત્યારે તું અત્યારે એ પ્રેક્ટિસમાંથી આવ્યો લાગે છે?

ચે૰: હાસ્તો. ત્યાંથી જ ચાલ્યો આવું છું. (પાછી પેલી ફિલ્મી તરજ ગણગણી રહે છે.)

ધૃ૰: તો કાકા, હવે તમારે જમવાનું નથી?

ધૈ૰: હા, કાકા જમવું નથી?

ચે૰: અરે, અમે તો પ્રેક્ટિસ દરમિયાન ચા-બિસ્કિટ-ચવાણું ધરાઈધરાઇને ખાધું છે. અત્યારે હવે આપણને કંઈ ભૂખ નથી. તમારે લોકોએ જમી લેવું જોઈએ. શા માટે મોડું થાય તો પછી રાહ જોવી જોઇએ? (પાછો ગણગણે છે.)

ચિ૰: અરે વાહ! ચેતન તેં તો સારું કહ્યું. કારણ કે અમે બધાંએ તો પેટપૂજા પતાવી જ દીધી છે. એક તારી જ ચિંતા.

સુ૰: (અધવચ્ચે) હા, એક તમારી જ ચિંતા હતી, ચેતનભાઈ, કે તમે જમીને નહિ આવ્યા હો તો કંઈક કરી આપવું પડશે.

ચે૰: (ચમકીને) તે તમે કંઈ રાંધ્યું નથી?

સુ૰: (ભારપૂર્વક) ના.

ચે૰: તો પછી મોટા ભાઈ તો કહે છે ને કે બધાંએ પેટપૂજા પતાવી જ દીધી છે.

ધૃ૰: તે પતાવી જ દીધી છે ને.

ચે૰: હું કંઈ સમજ્યો નહિ! ભાભી કહે છે કે કંઈ રાંધ્યું નથી અને છતાં ય તમે બધાં કહો છો કે પેટપૂજા પતાવી દીધી!?

ચિ૰: હા, હા. ખરેખર પેટપૂજા પતાવી દીધી છે, ચેતન,

ચે૰: માળું કંઈ તમે લોકોએ મારી સામે કાવતરું તો નથી ગોઠવ્યું ને?

ધૃ૰: ના રે, ચેતનકાકા. અહીંયાં કોઈ અસત્ય ઉચ્ચારતું જ નથી.

સુ૰: હાસ્તો. વ્યક્તિસ્વાતંત્ર્ય હોય પછી ડર શી વાતનો તે અસત્ય ઉચ્ચારવું પડે.

ચિ૰: વ્યક્તિસ્વાતંત્ર્યનો મોટો આડપેદાશ જેવો ફાયદો જ આ કે કોઈ 'જિહ્વા થકી અસત્ય ન બોલે.'

ચે૦: મને આમાં કશું સમજાતું નથી.

ચિં૦: આ તે હું સમજાવી દઉં. જો ચેતન, તારાં ભાભી મહિલા-મંડળની મીટિંગમાં ગયાં હતાં. ભરપેટ નાસ્તો કરીને આવ્યાં છે. હું પણ ઑફિસના એક મિત્રની પાર્ટીમાં ગએલો ત્યાંથી પૂરું ખાઇને આવ્યો છું. આ ધૃતિ...

ધૃ૦: (વચમાં) આપણને તો હૉબીક્લાસમાં મોડું થાય તેમ લાગ્યું એટલે ત્યાં જ નાસ્તો મંગાવીને પેટપૂજા પરવારી લીધી.

ચે૦: હું ય બરાબર ઝાપટીને જ આવ્યો છું. આમ તો અમારા નવોદિત કલાકાર મંડળવાળા કંઈ બહુ પૈસા પરખાવતા નથી, એટલે નાસ્તોપાણી આવે ત્યારે અમે બરાબરની વસૂલાત કરી લઇએ છીએ.

ધૈ૦: આપણને ય ભૂખ તો બહુ લાગેલી, એટલે બે-ત્રણ પાપડ શેકીને ખાઈ ગયો છું. મને એમ કે મમ્મી આવશે એટલે રસોઈ બનાવશે. પછી નિરાંતે જમાશે. મેં તો રાહ જો જો કરી પણ...

સુ૦: પણ સાડા નવ થયા તો ય મમ્મી ના આવી એમ જ ને.

ધૈ૦: હા, મમ્મી.

સુ૦: તો જો, રસોડામાં પેલા ગોળ ખાલી ડબામાં બિસ્કિટનું પૅકેટ છે તે લઇને હવે ખાઈ લે. હવે તારા એક માટે હું તો અત્યારે કંઈ રસોઈ બનાવવા નથી બેસતી.

ધૈ૦: ભલે, મમ્મી. હું બિસ્કિટ ખાઈ લઉં છું. સાથે દૂધ લઉંને?

સુ૦: હા, લેજે.

ચેતન: લો, આપણાં સહુમાં એક ધૈવત બિચારો પૂરું ખાધા વગર રહ્યો.

ધૃ૦: ના, રે ના, એવું કંઈ નહિ. છોકરાઓને તો બિસ્કિટ બહુ ભાવે, ખરું ને મમ્મી?

સુ૦: તે અઠવાડિયે અમસ્તાં જ બિસ્કિટનાં ત્રણ પૅકેટ ઊડી જતાં હશે?

(ડબો પડવાનો અવાજ)

ધૃ૦: અરે, ધૈવત? શું પાડયું તેં?

ધૈ૦: (દોડતો-દોડતો બહાર આવે છે.) મમ્મી, મમ્મી, આ ડબલું છે ને ઊંચે હતું તે ઉતારતાં પડી ગયું! (દાદાજીની ઉધરસનો અવાજ.) મમ્મી, હવે શું થશે. આ અવાજથી બિચારા દાદાજી જાગી ગયા લાગે છે! ને પાછી એમને ઉધરસ ચઢી લાગે છે. (ઉધરસનો અવાજ ચાલુ રહે છે.)

દા૦: (અંદરથી આવતો અવાજ) ધૈવત, અરે બેટા ધૈવત. (ફરી ઉધરસ)

ધૈ૦: મમ્મી, જો દાદાજી બોલાવે છે. બિચારા જાગી ગયા! (ઉધરસનો અવાજ નજીક આવે છે.)

દાદાજી: (ઉધરસ ખાતાંખાતાં) ધૈવત... (ચમકીને) અરે તમે સહુ...

ધૈ૦: હા દાદાજી, અમે સહુ વાતો કરતાં હતાં. તમે આ સોફામાં બેસો દાદાજી.

દા૦: (ઉધરસ ખાતાંખાતાં) પણ હમણાં કંઈક પડવાનો અવાજ થયો. શું પડયું એ?

ધૃ૦: દાદાજી, એ તો આ ધૈવતે ડબલું પાડયું. જુઓ આ રહ્યું એ ડબલું.

સુ૦: એના હાથ જ ભાંગેલા છે.

દા૦: હોય એ તો. (ઉધરસ) કેમ કરતાં પડી ગયું ધૈવત?

ધૈ૦: દાદાજી, એમાંથી બિસ્કિટનું પડીકું લેવા જતો'તો તે એ નીચે પડી ગયું. તમે જાગી ગયા, નહિ દાદાજી?

દા૦: હા, બેટા. મને એમ કે બિલાડીએ કંઈક પછાડયું હશે. (ઉધરસ) તે તમે બધાં હજી જાગો છો? કેટલા વાગ્યા છે?

ચિં૦: બાપુજી, હજી તો દસ જ વાગ્યા!

સુ૦: હા, બાપુજી. આ તો તમારી પહેલી ઊંઘ ખરીને એટલે તમે ઘસઘસાટ ઊંઘી ગયા હતા.

ધૃ૦: તેથી એમ લાગ્યું હશે, કે જાણે કેટલાય વાગી ગયા!

ચે૦: હા, બાકી હમણાં જ દસ વાગ્યા.

દા૦: તમે સહુ જમ્યા કે?

ધૃ૦: છે ને...છે ને...દાદાજી...

સુ૦: હા છે ને બાપુજી...

ચિં૦: બાપુજી એમ છે ને કે...

ચે૦: બાપુજી, વાત એમ છે ને કે આજ ઘરે આવતાં બધાંને મોડું થયું છે. એટલે...

દા૦: એટલે કે...(ઉધરસ)

ધૈ૦: જુઓ દાદાજી, તમે બોલશો નહિ.

ધૃ૦: હા, દાદાજી, તમે બહુ બોલશો નહિ.

દા૦: પણ તમે સહુ જમ્યાં તો ખરાં ને?

ચે૦: હા, હા, બાપુજી જમ્યાં ને.

ધૈ૦: હા, દાદાજી બધાં જમીને આવ્યાં છે–પપ્પા, મમ્મી, ધૃતિબહેન ચેતનકાકા સહુ જમીને આવ્યાં છે.

દા૦: એટલે (ઉધરસ ખાતાંખાતાં) જમીને આવ્યાં છે એટલે શું? ('આવ્યાં' શબ્દ પર ભાર મૂકે છે.)

ધૈ૦: કેમ દાદાજી! બધાં બહાર જમીને આવ્યાં છે. ખરું ને પપ્પા? ચિં૦: હા.

ધૈ૦: ખરું ને મમ્મી? સુ૦: હા.

ધૈ૦: ખરું ને ચેતનકાકા? ચે૦: હા.

ધૈ૦: ખરું ને ધૃતિબહેન? ધૃ૦: હા.

દા૦: (હસીને) તેં તો જાણે બધાંની જુબાની લેવા માંડી! દીકરા, ને તેં શું ખાધું?

ધૈ૦: કેમ વળી, દાદાજી, મેં પાપડ! એક નહિ, બે નહિ, પણ ત્રણત્રણ પાપડ ખાધા.

દા૦: પણ બેટા એમ કંઈ પાપડે પેટ ભરાય? (ઉધરસ)

સુ૦: એટલે તો, બાપુજી, મેં એને બિસ્કિટ ખાવાનું કહ્યું.

દા૦: (કટાક્ષમાં) હાઆઆઆ!

ચિં૦: અને એટલે તો એ બિસ્કિટનું પડીકું કાઢતાં ડબલું નીચે પડયું.

દા૦: (કટાક્ષમાં) હાઆઆઆઆ...!

ધૃ૦: અને એ ડબલું પડવાના અવાજથી દાદાજી તમે જાગી ગયા.

દા૦: (કટાક્ષમાં) હાઆઆઆ!

ચે૦: અને પછી બાપુજી તમે અહીંયાં આવી પહોંચ્યા.

દા૦: (કટાક્ષમાં) હાઆઆઆ! (ઉધરસ)

સુ૦: (ચિઢાઇને) એના હાથ જ ભાંગી ગયા છે. ડબલું પછાડયું ને બિચારા...

દા૦: (અધવચ્ચે જ) જાગી નથી ગયો.

ચિં૦ સુ૦: હેં! ધૃ૦ ચે૦: હેં!

ધૈ૦: હાશ! તો તો સારું.

ધૃ૦: તો ઉધરસ ચઢી એટલે જાગી ગયા, નહિ દાદાજી?

દા૦: ના, એમ પણ નહિ.

ચે૦: તો પછી, બાપુજી?

દા૦: ચેતન, પેલું તું કંઇ ગણગણતો...

ચે૦: (અપરાધીની જેમ ચમકીને) તે એટલે તમે જાગી ગયા, દાદાજી?

દા૦: ના રે, ના.

ધૃ૦: તો પછી દાદાજી.

દા૦: હા, બેટા, ધૃતિ તું મોડી આવી અને તેં ડોરબેલ વગાડયો...

ધૃ૦: (અપરાધીની જેમ) સોરી, દાદાજી, એટલે તમારી ઊંઘમાં...

દા૦: ના રે, ના.

સુ૦: ત્યારે, બાપુજી...

દા૦: ચિરંતન જરા મોડો આવ્યો અને તમે લોકોએ...

ચિં૦: ઓહ! બાપુજી! ત્યારે તો અમારી વાતોએ તમને જગાડી...

દા૦: ના રે, ના.

ધૈ૦: તો પછી દાદાજી?

દા૦: (હસતાં) હું જાગતો જ હતો, બેટા.

બધાં: (સાશ્ચર્ય) હેં!!!

ધૈ૦: તે દાદાજી, તમારું તો નાક બોલતું હતું ને?

દા૦: (હસી) એ તો ખોટુંખોટું, બેટા. જો આમ... (નસકોરાં બોલાવે છે, પણ પછી એકદમ ઉધરસ ચઢે છે.)


ધૈ૦: લો, લો, દાદાજી હું પાણી લાવું.

(અનુસંધાન પૃષ્ઠ ૨૨)

પ્રદેશે જય-વિજયના–૧૪

બ્લ્યૂ માઉન્ટન્સ

લેખક · ડૉ. રમણલાલ ચી. શાહ



▷ બ્લ્યૂ માઉન્ટન્સની જેમિસન વેલીમાં આવેલાં રેતિયા પથ્થરનાં ત્રણ ભવ્ય સુંદર શિખરો–'થ્રી સિસ્ટર્સ', અને એ પર્વતોમાં બાંધેલો રોપ-વે. લગભગ ૧૫૦૦ ફૂટ લંબાઇનો આ દોરડામાર્ગ ૧૦૦૦ ફૂટ જેટલે ઊંચે ઝળૂંબે છે. તેના પરથી સરતી દોરડાગાડીમાંથી નીચે ખીણ અને કટૂમ્બા ધોધનું સુંદર દશ્ય જોવા મળે છે.

પેન કૉંગ્રેસમાં મારે સીડની આવવાનું થયું એ જાણ્યા પછી મુ. શ્રી ઉમાશંકર જોષીએ મને લખ્યું હતું, 'સીડની જાઓ છો તો બ્લ્યૂ માઉન્ટન્સ જરૂર જઈ આવજો.' સીડની પહોંચતાં જ તપાસ કરી લીધી કે બ્લ્યૂ માઉન્ટન્સ કેવી રીતે જવાય છે. સહેલાણીઓને પ્રવાસ પર લઈ જતી કંપની દ્વારા પેન કૉંગ્રેસ પૂરી થાય તે પછીના રજાના દિવસે એક સાથે ત્રણચાર પ્રવાસની જાહેરાતો થઈ હતી. એમાંથી કયો પ્રવાસ પસંદ કરવો તે મૂંઝવણ થાય એમ હતું, પણ મેં બ્લ્યૂ માઉન્ટન્સ જવા માટે મારું નામ નોંધાવી દીધું.

પરંતુ આગલે દિવસે વિદાયની પાર્ટીમાં એક પ્રતિનિધિએ કહ્યું: 'તમે બ્લ્યૂ માઉન્ટન્સ જવાના છો ? ત્યાં તો બહુ મોટી 'બુશ–ફાયર' (ડુંગરનો દવ) છે. ત્રણ માણસ મરી ગયા અને બીજા કેટલાક દાઝી ગયા છે. લગભગ ચાલીસેક ઘર પણ બળી ગયાં છે. અમે આજે બ્લ્યૂ માઉન્ટન્સ ગયા હતા. પરંતુ ટૂરવાળા થોડેથી પાછા લઈ આવ્યા. આગના કારણે હમણાં તો ત્યાં જવાય એમ નથી.' પણ હું તો સવારે તૈયાર થઈ ગયો. મારી સાથે ટૂરમાં આવનાર એક ભાઇએ કહ્યું : 'મેં તો નામ રદ કરાવીને પૈસા પાછા લઈ લીધા છે. તમે જઈ શકો તેમ લાગતું નથી.'

'જોઇએ, આગ તો ગઈ કાલે સવારે લાગી હતી ને ? આજ સવાર સુધીમાં કાબૂમાં નહિ આવી ગઈ હોય ? જ્યાં સુધી આપણી ટૂરવાળા પોતે ટૂર રદ નહિ કરે ત્યાં સુધી હું તો જવા તૈયાર છું.' મેં એમ કહ્યું તો ખરું, પણ છાપામાં યે 'બ્લ્યૂ માઉન્ટસ પર આગ'નું મોટું મથાળું વાંચવા મળ્યું. આગ ખરેખર ભયંકર હતી. જવાશે કે કેમ એ પ્રશ્ન હતો. છતાં થોડે સુધી યે જવાનું મળે તો સારું એવી ઉત્કટ ઇચ્છા હતી. કારણ કે નહિ તો આ આખો દિવસ નાહક બગડવાનો જ હતો.

સમય થતાં હોટેલમાં નીચે લૉબીમાં પહોંચ્યો. બ્લ્યૂ માઉન્ટન્સ જવા માટે મારા સિવાય બીજા બે જણ પણ હતા ખરા. એમાં ન્યૂ ઝીલૅન્ડનાં એક બહેન તો ખાસ બ્લ્યૂ માઉન્ટન્સ જોવા માટે જ આજનો દિવસ વધુ રોકાયાં હતાં.

સમય થતાં બસ આવી. બીજા પણ સાતેક જણ હતાં. હવે તો આશા બંધાઈ કે ટૂર રદ થઈ લાગતી નથી. અમારાં નામ પોકારાયાં અને અમે બસમાં બેઠાં. સરક્યુલર ક્વે જઇને બસ થોભી. પ્રવાસની બસો માટે સીડની શહેરનો એ અડ્ડો હતો. જુદીજુદી કંપનીની ઘણી બસો, જુદા-જુદા સ્થળે જવા માટે ત્યાંથી ઊપડતી હતી.

બ્લ્યૂ માઉન્ટન્સ : ઑસ્ટ્રેલિયામાં સીડનીની પશ્ચિમે ૬૫ કિ.મી. દૂર લગભગ ૧૩૫૦ ચો. કિ. મી.ના વિસ્તારમાં ફેલાએલો બ્લ્યૂ માઉન્ટન્સનો પહાડી પ્રદેશ એક અતિ લોકપ્રિય આકર્ષક વિસ્તાર છે. આ વિસ્તારમાં ઘૂમવા માટે અનેક સુંદર માર્ગો છે. છૂટીછવાઇ વસ્તી પણ ત્યાં વસે છે. ગ્રાંડ કેન્યન અને રોડરિગોઝ ઘાટ, ૨૪૫ મીટર ઊંચેથી પડતા 'કટૂમ્બા' ધોધ સહિત અન્ય જળધોધ અને ઉપર આપ્યા છે તે 'થ્રી સિસ્ટર્સ' નામના ભવ્ય ખડકો વગેરે અહીંનાં અનેરાં પ્રાકૃતિક આકર્ષણો છે. આ પહાડીઓની સુંદરતા માણવા દુનિયાભરમાં વધુમાં વધુ ઢાળવાળી 'સીનિક રેલવે' તથા 'સીનિક રોપવે' પણ બાંધ્યાં છે. એક સ્કાય વે રેસ્ટોરાં પણ છે, જેમાં બસો જણને સમાવી શકે તેવો વિશાળ ફરતો તખ્તો છે. દર દસ મિનિટે એક ચક્ર પૂરું કરતા આ ફરતા રેસ્ટોરાંમાં બેસીને પણ આ પહાડોનાં મુખ્ય મુખ્ય આકર્ષણોને માણી શકાય છે. નૉર્મલ લિન્ડસે નામનો એક કલાકાર અહીં વસતો હતો. ૧૯૬૯માં તેનું અવસાન થયા બાદ તેના આવાસને સંગ્રહ-સ્થાનના રૂપમાં જાળવી રાખ્યો છે. જ્યાંનો વિશાળ સંગ્રહ પણ પ્રેક્ષણીય ગણાય છે.

અમે બસમાં જ હતાં ત્યાં એક કર્મચારીએ આવીને કહ્યું : 'આ બસ શહેરમાં ફરવા જવાની છે.'

'આ બસ બ્લ્યૂ માઉન્ટન્સ નહિ જાય ? અમે તો એમ સમજીને હોટલમાંથી આવ્યાં છીએ.'

'એ બરાબર છે, પણ આ તો માત્ર પિક-અપ સર્વિસ હતી. બ્લ્યૂ માઉન્ટન્સ માટે બીજી બસ જશે. એ માટે તમારા ગાઈડને પૂછો.'

ગાઇડે અમને બીજી બસમાં બેસાડયાં. પણ એના બોલવામાં દમ નહોતો. ત્યાં થોડી વારે ડ્રાઈવરે આવીને કહ્યું કે બ્લ્યૂ માઉન્ટન્સમાં મોટી આગ લાગી હોઈ આ બસ ત્યાં જશે નહિ.

ડ્રાઈવરની વાતમાં મને બહુ વિશ્વાસ બેઠો નહિ. કારણ કે ટૂર રદ કરવાની હોય તો હોટેલ પર જ કહેવું જોઇએ ને ? ખરું કારણ તો એ હતું કે એની પાસે માત્ર ચારેક પ્રવાસીઓ જ રહ્યા હતા અને એટલા ખાતર આખી બસનું ખર્ચ કરવું નહોતું. ડ્રાઈવર કહે કે જેને બીજી ટૂરમાં જોડાવું હોય તે જોડાય અને નહિતર ભરેલા પૈસા પાછા લઈ લે.

મને થયું કે તપાસ કરવી સારી. નીચે ઊતર્યો. ત્યાં થોડે દૂર ત્રણેક ડ્રાઈવરો ઊભા હતા. એમને મેં પૂછ્યું, 'બ્લ્યૂ માઉન્ટન્સ બસ નહિ જાય?'

'જવાની છે ને ?'

'તો પેલો ડ્રાઈવર કેમ ના કહે છે?'

'એ તમારો ડ્રાઈવર છે. એ કંપની જુદી છે. અમારી કંપની જુદી છે. અમે આજે સવારે તપાસ કરી લીધી છે. બ્લ્યૂ માઉન્ટન્સ જઈ શકાશે. ડુંગર ઉપર રસ્તો થોડો બદલવો પડે અને તેથી અમારા માઇલેજ વધી જાય છે, પણ જવામાં કંઈ વાંધો નથી. આગ કાબૂમાં આવી ગઈ છે.'

દરમિયાન અમારા ચારમાંથી બે જણે તો પૈસા પાછા યે લઈ લીધા. હવે અમે બે જણ બાકી રહ્યા હતા. તેમાં માથાકૂટ માત્ર હું જ કર્યાં કરતો હતો. બીજા સજ્જન તો ચૂપ જ બેઠા હતા. મેં અમારા ડ્રાઈવરને કહ્યું કે તમારી બસ ન જવાની હોય તો અમને બીજી કંપની–'પાયોનીઅર ટૂર્સ'ના–કોચમાં ટ્રાન્સફર કરી આપો.'

'તેઓ પણ જવાના નથી.'

'તેઓ જવાના છે. હું તપાસ કરીને આવ્યો છું. ચાલો મારી સાથે.' ડ્રાઈવરને લઈ ગયો. પાયોનીઅરના ડ્રાઈવરે હા પાડી અને અંતે અમે તે બસમાં ગોઠવાયા. પેલા સજ્જન મારી બાજુમાં બેઠા. મને કહે: 'ડૉ. શાહ, સારું કર્યું તમે તપાસ કરી ને બ્લ્યૂ માઉન્ટન્સ માટે આગ્રહ રાખ્યો.'

'ઓહ, તમે મને ઓળખો છો?'

'હા, હું પણ પેન કૉંગ્રેસ માટે આવ્યો છું.'

'પણ મેં તો તમને કોઈ વખત જોયા હોય એવું યાદ નથી.'

'હું બહુ ઓછું આવતો. મને અંગ્રેજી કે ફ્રેંચમાં બહુ સમજ પડે નહિ અને અંગ્રેજીમાં કોઈ ધીમેધીમે બોલે તો જ સમજાય.'

'પણ મને નામથી કઈ રીતે ઓળખો?'

'તે દિવસે તમે સરસ ભાષણ કર્યું હતું–રશિયા વિષે. એ મને બહુ ગમ્યું. હું રશિયન લેખક છું.'

'તમે રશિયન છો? ખરેખર?'

'હા, દેશનિકાલ થયેલો. વસ્તુતઃ રશિયામાંથી ભાગી છૂટેલો છું. અમે રશિયામાં લિટુનીઆના વતની. મારા પિતા રશિયન ક્રાંતિ પહેલાં ભારત, અમેરિકા બધે ફરેલા. રશિયન ક્રાંતિ પછી સામ્યવાદી શાસનમાં લેખકો પર દમન શરૂ થયું કે તરત મારા પિતા અને હું ભાગીને અમેરિકા પહોંચી ગયેલા. મારા પિતાનું તો ત્યાર પછી અવસાન થયું અને હવે હું એકલો જ છું.'

આ રશિયન લેખક શાંત પ્રકૃતિના હતા. રશિયાની સામ્યવાદી સરકારને તેઓ ધિક્કારતા હતા. બ્લ્યૂ માઉન્ટન્સ માટે એક લેખકમિત્રની સોબત મળી એથી આનંદ થયો.

અંતે અમારી બસ ઊપડી. ડુંગરે દવ તો લાગ્યો જ હતો, પરંતુ જ્યાં સુધી જવાય ત્યાં સુધી તો જોવા મળશે એવી આશાએ અમે ઊપડયા હતા. સીડનીથી હાઈવે પર એક પછી એક ગામ વટાવતી અમારી બસ આગળ ચાલી. રસ્તામાં પૅરામાટા શહેર આવ્યું. ઑસ્ટ્રેલિયામાં સૌથી પહેલું શહેર વસ્યું સીડની. તે પછી બીજું જૂનામાં જૂનું શહેર તે આ પૅરામાટા. આગળ જતાં રિચમન્ડ, લોસન, સ્પ્રિંગવૂડ માઉન્ટ વિક્ટોરિયા, વેલીહાઈડ વગેરે ઐતિહાસિક ગામો આવ્યાં. અમારી બસ ધીમેધીમે ઊંચાઈ ચઢતી જતી હતી. બ્લ્યૂ માઉન્ટન્સના ડુંગરો દૂરથી દેખાવા લાગ્યા. હજી યે ડુંગર પર ધુમાડાના ગોટેગોટા નીકળતા દેખાતા હતા. ખરેખર ભારે આગ લાગી હતી. અમારા ડ્રાઈવરે કહ્યું કે આગ વધતી અટકાવી દેવાઈ છે અને ઓલવી નાખવામાં આવી છે. છતાં કોઈ સ્થળે હજી યે બળી રહેલાં વૃક્ષોનો આ ધુમાડો છે.

અંતે અમારી બસ આગવાળા પ્રદેશમાં દાખલ થઈ. ધુમાડો તો પુષ્કળ હતો, પરંતુ આગ ઠારી દેવાઈ હતી. એટલે વાહનવ્યવહાર માટે માર્ગ ખુલ્લો કરી દેવાયો હતો. બળેલાં વૃક્ષોનું દૃશ્ય તદ્દન જુદું જ લાગતું હતું. અનેક વૃક્ષો તો આખાં બળીને ખાખ થઈ ગયાં હતાં. કોઈક અર્ધાં લીલાં હતાં, કોઈક અંદરથી હજી યે બળી રહ્યાં હતાં અને તેનો ધુમાડો ચોપાસ ફેલાતો જતો હતો. કેટલાંક ઊંચાં વૃક્ષો નીચે થોડાં બળી ગએલાં પણ ઉપર લીલાં હતાં. જમીન બધી કાળીકાળી થઈ ગઈ હતી.

આગળ જતાં જોયું કે રસ્તાની એક બાજુએ આગ લાગેલી હતી. તો બીજી બાજુ બિલકુલ સલામત રહી હતી. ડ્રાઈવરે એનું કારણ સમજાવ્યું કે ડુંગર ઉપર આગને વધતી અટકાવવા માટે પહોળા રસ્તાઓ સારો ભાગ ભજવે છે. ડુંગરની ઝાડીમાં જ્યારે આગ લાગે છે ત્યારે એટલી ઝડપથી ચારે બાજુ પ્રસરે છે કે આગ હોલવવી તેના કરતાં આગ વધતી અટકાવવી તે વધુ મહત્ત્વનું બની જાય છે. બંબાવાળાઓ પણ સહેલાઈથી આગને અટકાવી શક્તા નથી. પરંતુ આવા મોટા પહોળા રસ્તાઓ હોય ત્યાં આગ વધતીવધતી માર્ગની એક બાજુએ આવીને અટકી જાય છે અને બીજી બાજુનાં વૃક્ષો બચી જાય છે. કેમકે જ્વાળાઓ ત્યાં સુધી પહોંચતી નથી.

વાતાવરણમાં લીલાં લાકડાં બળવાની વાસ આવતી હતી. અમારા ડ્રાઈવરે કહ્યું: 'ફક્ત રસ્તા પર જ્યાં ઘણું નુકસાન થયું છે એ એક જ જગ્યાએ આપણે નહિ જઈ શકીએ. બાકી બધી જ જગ્યાએ જઈશું.'

અંતે અમારી બસ 'થ્રી સિસ્ટર્સ' પાસે પહોંચી. ખીણમાં નીચેના એક ડુંગર ઉપર પાસેપાસે ત્રણ ઊંચી ભેખડો છે. તેનું નામ 'ત્રણ બહેનો' એવું પડી ગયું છે. આ તરફ આવતા પ્રવાસીઓ માટે એ એક મોટું આકર્ષણ છે. તે પછી એકો પૉઈન્ટ, ક્લિફ ડ્રાઈવ વગેરે જોઇને–અમે ફરતાંફરતાં પર્વત ઉપર એક જગ્યાએ આવી પહોંચ્યાં. અહીં ખીણમાં ઊતરવાને માટે એક ખાસ નાનકડી ટ્રેનની સગવડ રાખી છે. આ ટ્રેનમાં બે જ ડબ્બા છે અને તે યે એન્જિનથી નહિ, પણ તારના દોરડા વડે પાટા ઉપર ધીમેધીમે નીચે સરકાવવામાં આવે અને એ જ રીતે પાછા ઉપર ખેંચવામાં આવે છે. મલેશિયામાં પિનાંગ શહેરમાં ડુંગર ઉપર જવા માટે આવી ગાડી છે. કુવાલાલમ્પુરમાં યે એક ગુફામાં જવા માટે આવી એક ડબાની ગાડી છે. તે બંનેમાં પણ હું બેઠો છું. પિનાંગની ટ્રેનમાં અંતર લાંબું છે, પરંતુ ઢાળ બહુ નથી. બ્લ્યૂ માઉન્ટન્સની આ ગાડીનો માર્ગ દુનિયામાં સૌથી કઠિન ચઢાણ-ઉતરાણવાળો (સ્ટીપેસ્ટ) ગણાય છે. આ માર્ગ બહુ લાંબો નથી, પરંતુ એનું ઉતરાણ-ચઢાણ અત્યંત કઠીન છે. આવી ગાડીમાં બેસીને આવો ઢાળ ઊતરતાં સહેજે ઘણા પ્રવાસીઓને ડર લાગે છે. ડુંગર ઉપરથી ટ્રેનને જતી-આવતી જોતાં જ અમારામાંના કેટલાકે એમાં ન બેસવાનું નક્કી કરી લીધું. પણ અમે કેટલાક આ અનુભવ પણ જતો ન કરવાનું વિચારીને તેમાં બેઠા. બે હાથે બરાબર પકડીને વાંકા વળીને મક્કમપણે બેસી રહેવું પડે. અલબત્ત, સાથે એક મદદનીશ પણ આવે જેથી સૌને હિંમત રહે. રસ્તામાં વચ્ચે ટ્રેન એક બુગદામાંથી પણ પસાર થાય છે.

અમે નીચે ખીણમાં પહોંચી ગયા. ટ્રેન પાછી ઉપર ચાલી ગઈ. હવે કલાક પછી એ ફરી નીચે આવવાની હતી. ખીણમાં નીચેનું દૃશ્ય પણ અત્યંત રળિયામણું હતું. પુષ્કળ ઝાડી હતી. થોડે દૂર એક ધોધ હતો. કેડીએ કેડીએ જઇને અમે તે પણ જોઈ આવ્યા. વાતાવરણમાં તદ્દન શાંતિ છવાઈ હતી. પણ ના, તેમાં એક અવાજ સતત ગુંજતો હતો. ઑસ્ટ્રેલિયામાં બધે જ છે તે માખીઓ અહીં પણ પુષ્કળ હતી.

ખીણમાં લટાર મારીને અમે પાછા આવી ગયા. કલાક પૂરો થતાં ટ્રેન ફરી નીચે આવી અને અમે ઉપર આવ્યા.

આ જ ખીણમાં બીજો પણ એક પ્રેક્ષણીય ધોધ છે. તે જોવા માટે વળી રોપ-વેની વ્યવસ્થા કરેલી છે. તારનાં દોરડાં પર સરકતો એક કૅબિન જેવો ડબો થોડા પૅસેન્જરોને લઇને રોપ-વે પર અર્ધે સુધી લઈ-જઇને ત્યાં થંભે છે. ત્યાંથી સામે પડતા ધોધનું દૃશ્ય એક અનેરો આહ્લાદ આપે છે. કુદરતના સૌંદર્યને માણવા માટે વિદેશમાં કેવી વિધવિધ સગવડો ઊભી કરાય છે. આ ટ્રેન અને રોપ-વેનો અનુભવ પણ એક (અનુ. પૃ.૧૯)

નવલકથા-સ્વરૂપનો પ્રથમ આવિર્ભાવ

લેખક · પ્રો. ડૉ. મધુસૂદન પારેખ

ભારતમાં અન્ય દેશોની જેમ પ્રાચીનકાળથી વાર્તાઓ રચાતી આવી છે. સંસ્કૃતમાં 'દશકુમાર ચરિત', 'કાદંબરી', 'વાસવદત્તા' ઇત્યાદિ સુંદર વાર્તાગ્રંથો છે. ગુજરાતમાં મધ્યકાળમાં જૈનોએ પણ વાર્તાપ્રકાર વિપુલપણે ખેડ્યો હતો. જૈન લેખક ધનપાલ કૃત 'તિલક મંજરી' અને સિદ્ધર્ષિ રચિત 'ભવપ્રપંચકથા' સંસ્કૃતમાં રચાએલા પ્રસિદ્ધ વાર્તાગ્રંથો છે. પ્રાકૃતમાં 'તરંગલોલા', "વિલાસવઇ, 'કુવલયમાલા' ઇત્યાદિ વાર્તાગ્રંથો છે. માણિક્યસૂરિ કૃત 'પૃથ્વીચંદ્રચરિત' મનોહર ગદ્યમાં લખાએલી કથા છે. પ્રેમાનંદનાં આખ્યાનો પણ વાર્તા-સાહિત્ય જ છે અને અઢારમા સૈકામાં શામળે રચેલી પદ્યવાર્તાઓએ શ્રોતાઓમાં પ્રબળ આકર્ષણ જમાવ્યું હતું. આમ, છેક પ્રાચીનકાળથી આપણે ત્યાં વાર્તાઓ રચાતી આવી છે.

આ બધું વિપુલ વાર્તાસાહિત્ય આપણે ત્યાં હોવા છતાં આપણે તેને 'નવલકથા' નામ આપતા નથી. નવલકથાનું જે સ્વરૂપ અત્યારે આપણે સમજીએ છીએ એટલે કે નવલકથાનો જે રૂઢ અર્થ અત્યારે પ્રચલિત છે તે અર્થમાં અંગ્રેજોના આગમન પહેલાં, એટલે કે અંગ્રેજી વાઙ્મયના સંપર્ક પૂર્વે આપણે ત્યાં કોઇ નવલકથા નહોતી. નવલકથાનું નવીન સ્વરૂપ અંગ્રેજી સાહિત્યના સંપર્ક પછી જ ઉદ્ભવ્યું.

જેમજેમ માનવહૃદયના ભાવો સંકુલ બનતા ગયા તેમતેમ તેની અભિવ્યક્તિ માટે સાહિત્યના કોઇ નવા સ્વરૂપની આવશ્યકતા વરતાવા લાગી. અંગ્રેજોના આગમન પછી મુદ્રણયંત્રો આવ્યાં અને અંગ્રેજી નવલકથાના નમૂનાનો પણ પરિચય શિક્ષિતોએ કર્યો. માનવમનની અનેકવિધ અને ગહન અભિવ્યક્તિ માટે નવલકથા સમર્થ વાહન બની શકે તેમ હતી.

ગુજરાતીમાં ગદ્યનું સ્ફુરણ સહુ પ્રથમ નિબંધરૂપે થયું. નર્મદને હાથે જ ગદ્યમાં નિબંધસ્વરૂપનું સમર્થ અને વિપુલપણે ખેડાણ થયું. એ જમાનામાં જ્ઞાનપ્રાપ્તિનાં સાધનો વિકસતાં આવતાં હતાં, વાચનભૂખ ઊઘડતી જતી હતી. કાચીપાકી કવિતા પણ પ્રજા હોંશેહોંશે માણતી હતી. નિબંધપ્રકાર કવિતા જેવો અને જેટલો લોકપ્રિય ન થાય એ સ્વાભાવિક હતું. નિબંધસ્વરૂપમાં એકાગ્રતાની અને કંઇક પકવબુદ્ધિની, ચિત્તની શિસ્તની અપેક્ષા હતી. એ સંજોગોમાં વિવિધરસોની લહાણ કરે એવા ગદ્યસાહિત્યપ્રકારની પ્રજા પ્રતીક્ષા કરતી હતી.

'કરણઘેલો'–પહેલી ગુજરાતી નવલકથા

સૂરતની અંગ્રેજીશાળાના અને ત્યાર પછી અમદાવાદની ટ્રેનિંગ કૉલેજના હેડમાસ્તર નંદશંકર તુળજાશંકર મહેતાએ (ઇ. ૧૮૩૫–ઇ. ૧૯૦૫) શિક્ષણખાતાના એક માજી અધિકારી રસલની સૂચનાથી અંગ્રેજ નવલકથાકાર સ્કૉટની ઐતિહાસિક નવલકથા પરથા ને લિટનની નવલકથાઓમાંથી પ્રેરણા પામીને ગુજરાતી ભાષાની પ્રથમ નવલકથા 'કરણઘેલો' (ઇ. ૧૮૬૬) પ્રગટ કરીને પ્રજાની વાર્તાભૂખ સંતોષી.

નંદશંકર સૂરતના વતની હતા અને ત્રણ સુધારક નન્ના તરીકે જાણીતા નર્મદ, નવલરામ અને નંદશંકર–એમાંના એ ત્રીજા. એમની ત્રીજી વર્ષગાંઠને દિવસે જ સૂરતમાં પ્રચંડ આગ લાગેલી. એ સંદર્ભમાં તે વિનોદપૂર્વક કહેતા : 'નર્મદાશંકર, નવલરામ તથા હું પુરાણા આચાર-વિચારને બાળી નાખવા તૈયાર થયા હતા ત્યારે મને યાદ આવેલું કે મારી ત્રાજી સાલગરેહ આગને દિવસે જ પડેલી.' (નંદશંકર જીવનચરિત્ર, લેખક વિનાયક નંદશંકર મહેતા, બીજી આવૃત્તિ, ઇ. ૧૯૬૧, પૃ. ૨૮) નંદશંકર અંગ્રેજી સાહિત્યના રસિયા જીવ હતા. ડિકન્સ, થેકરે, સ્કૉટ અને બુલિવર લિટન એ તેમના પ્રિય નવલકથાકારો હતા. મૅકોલે, મિલ, બર્ક જેવા નિબંધલેખકોથી પણ એ પ્રભાવિત હતા. સત્યનિષ્ઠા, નીતિનો આગ્રહ અને કાર્યકુશળતા એ તેમના જીવનના પ્રધાન ગુણ હતા. આ ગુણોથી તે કચ્છના દીવાનપદ સુધી પહોંચ્યા હતા. પણ એમનો જીવ સદાય શિક્ષકનો એટલે 'માસ્તર સાહેબ'ના નામથી જ તે ઓળખાતા. એમની 'કરણઘેલો' નવલકથામાં પ્રથમ વાર નવલકથાના નવીન સ્વરૂપનો આવિર્ભાવ થયો. ગુજરાતના છેલ્લા રાજા કરણઘેલાના જીવનપ્રસંગો તેમાં ગૂંથાયા છે. એ રીતે જોતાં આ નવલકથા ઐતિહાસિક છે. કરણઘેલાએ માધવની સ્ત્રી રૂપસુંદરીનું અપહરણ કર્યું. તેથી રોષે ભરાયેલા માધવે દિલ્હીમાં સુલતાન અલાઉદ્દીનને ગુજરાત પર આક્રમણ કરવા લલચાવીને દેશદ્રોહ કર્યો. કરણને નાસભાગ કરવી પડી. તેની પત્ની અને દીકરીનો તેને વિયોગ થયો. એ દિલ્હીના જનાનખાનામાં બેગમ બની. કરણ મુસલમાનોની સેના સામે લડતાંલડતાં મરણ પામ્યો. વાર્તાની આ મુખ્ય ઘટનાઓ છે. લેખકે 'મગરૂબીનો માર–વ્યભિચારની હાર', 'ધર્મનો જય-પાપનો ક્ષય' દર્શાવવાનું પ્રયોજન તાક્યું છે.

આ નવલકથા સંકલના, પાત્રચિત્રણ, સંવાદ ઇત્યાદિ અંગોની બાબતમાં ઘણી કચાશવાળી છે. એમાંનું એક પણ પાત્ર વાચકોના ચિત્તને સ્પર્શી શકતું નથી. કરણઘેલો અવિચારી અધીરો ને વિષયી છે. માધવ માટે કોઇને સદ્ભાવ થાય તેમ નથી. રૂપસુંદરી અને કૌળાદેવીનાં વર્તન-વિચારમાં ભારોભાર અસંગતિ છે. દેવળદેવી અને શંકળદેવનું પ્રેમી યુગલ કંઈક આહ્લાદ આપી શકે છે. વાર્તાકારે આ ઐતિહાસિક કથામાં કેટલીક કલ્પિત કથા પણ ઉમેરી છે. સૂરતની પ્રચંડ આગનો અનુભવ એમના બચપણમાં ચિત્ત પર સચોટ અસર કરી ગયેલો અને એ આગની ઘટનામાંથી પ્રજામાં જે અનેક વહેમો પ્રચલિત થયા એ બધાંનો ચિતાર તેમણે આ નવલકથામાં વર્ણવ્યો છે. પાટણની આગનું વર્ણન એ સૂરતની આગનું જ વર્ણન છે.

નવલકથાનું સૌથી વધુ આકર્ષક અંગ વર્ણનો છે. પ્રા. નગીનદાસ પારેખે નોંધ્યું છે તેમ, 'આખી કથા એક પછી એક આવતાં વર્ણનોની હારમાળા જેવી છે. એ વર્ણનો વિગતપૂર્ણ, તાદૃશ અને રસાળ છે. વ્યક્તિ, પદાર્થ કે પ્રસંગને પ્રત્યક્ષ કરાવવાની શક્તિવાળાં છે. જોકે ક્યાંક સરતચૂક પણ થએલી છે...' (પરિચય અને પરીક્ષા, પ્રથમ આવૃત્તિ, ઈ. ૧૯૬૮, પૃ. ૮૬).

કથામાં આવતાં કેટલાંક વર્ણનો સ્વતંત્ર નિબંધ તરીકે પણ શોભે તેવાં છે. નંદશંકરનું ગદ્ય મૅકોલે, બર્ક, મિલ વગેરેના સાહિત્યની છાયાવાળું છે. નવલરામે નોંધ્યું છે, 'વાક્યરચના કંઈક વિસ્તીર્ણ પણ ઠરેલ, કેળવાએલી કલમમાંથી નીકળેલી છે, અને આપણી ભાષામાં એક જાણવા જોગ નમૂનો છે. એમના મનોહર ગદ્યનો એક નમૂનો ઉતારીએ :

'માણસનું મન કેવું અચળ તથા અનિશ્ચિત છે! જ્યાં સુધી તેને કંઈ વસ્તુ મળી નથી ત્યાં સુધી તેના ઉપર તેનો અતિ ઘણો મોહ રહે છે, અને તે તેને મેળવવાને તન, મન, અને ધન સઘળું અર્પણ કરવાને તૈયાર થાય છે; અને મળ્યા પછી કેવું જતન કરી તેનો કેવો ઉપભોગ કરીશ, તે વિના મારાથી એક ઘડી પણ જીવાશે નહિ, અને આટલા દહાડા તે વગર ચાલ્યું એ કેવું આશ્ચર્ય એવો વિચાર કરે છે. પણ તે

એક વાર મળી એટલે તે તુચ્છ જેવી તેને દેખાય છે, તેની કિંમત પાણીના રેલાની પેઠે ઊતરી જાય છે, અને જે આઘેથી હીરો દેખાતો હતો તે પાસે આવવાથી એક કાચનો કકડો ઠર્યો તેથી તે બીજી નકામી વસ્તુઓમાં ભળી જાય છે, અને જેમ નાનું છોકરું રડીને એક રમકડું લે છે, અને તે મૂકી બીજાને લેવાનું કરે છે, તેમ તેનું મન તે વાત ઉપરથી બીજી નવી વાત ઉપર દોડે છે. એ પ્રમાણે ફોકટ શ્રમ કરવામાં તેનું આખું આયુષ વહી જાય છે અને જે સુખ મેળવવાને તે તેનો અમૂલ્ય અવતાર અર્પણ કરે છે તે સુખ એક ભૂતના તાપણાની પેઠે આઘું ને આઘું જ જતું જાય છે.' (ઈ. ૧૮૬૬ની પ્રથમ આવૃત્તિ, પૃ. ૧૩૯)

લેખકે આબુ-અંબાજી વગેરે સ્થળોનાં વર્ણન ફૉર્બ્સ કૃત 'રાસમાળા'માંથી લીધાં છે. ગુજરાતીમાં પ્રથમ નવલકથા તરીકે તેમાં ઘણા દોષ હોવા છતાં વિષયનો સાક્ષાત્કાર કરાવવાની લેખકની કુશળતા તેમ જ તેમની મનોહર વર્ણનકલા એ તેનાં આસ્વાદ્ય લક્ષણો છે. આ નવલકથાનો એ જમાનામાં મરાઠીમાં પણ અનુવાદ થયો હતો.

'કરણઘેલો' પૂર્વેની એક અનૂદિત નવલકથા

'કરણઘેલો' ઈ. ૧૮૬૬માં પ્રગટ થઈ તેની ચાર વર્ષ પૂર્વે ઈ. ૧૮૬૨માં સોરાબશા દાદાભાઈ મુનસફ નામના પારસી લેખકે એક ફ્રેન્ચ કૃતિ **La Chaumiere Indinne** (એના લેખક **Jacques Henri Bernardin De Saint Pierre**: ૧૭૩૭-૧૮૦૪)ના અંગ્રેજી અનુવાદ **Indian Cottage** ઉપરથી ગુજરાતીમાં અનુવાદ કર્યો હતો. અંગ્રેજી અનુવાદક વિષે માહિતી પ્રાપ્ય નથી. પરંતુ ગુજરાતી ભાષાની એ પહેલી અનૂદિત નવલકથા 'હિંદુસ્થાન મધ્યેનું એક ઝુંપડું' ભારતીય સંસ્કૃતિની ફોરમ પ્રસારતી તત્ત્વચિંતનની સુગંધવાળી લઘુનવલ છે. એ વાર્તા એ જમાનામાં એટલી બધી લોકપ્રિય થએલી કે પાંચ વર્ષમાં તેની ત્રણ આવૃત્તિ થઈ હતી.

એનું મુખ્ય કથાવસ્તુ એવું છે કે એક અંગ્રેજી પંડિત જ્ઞાનની શોધમાં હિંદુસ્તાન આવે છે. બ્રાહ્મણો અને પંડિતો પાસેથી પોતાના શંકાપ્રશ્નના ખુલાસા તેને મળશે તેવી આશા નિષ્ફળ નીવડે છે. છેવટે એક સાવ અછૂત જાતિના પારિયાના ઝૂંપડામાં તેનું ઉમદા આતિથ્ય થાય છે. પારિયાની સ્વાભાવિક સંસ્કારિતાથી મુગ્ધ થઇને પંડિત પોતાના પ્રશ્નો તેની સમક્ષ રજૂ કરે છે. 'સત્ય વાત ક્યાં શોધવી?'

પારિયો કહે છે: 'સત્ય વાત નિખાલસ અંતઃકરણથી શોધવી જોઇએ. કારણ સત્ય વાત એ સ્વર્ગની ઝાકળ સરખી છે. તેને નિર્મળ રાખવા માટે સ્વચ્છ વાસણમાં તેને લેવી જોઇએ.'

અંગ્રેજ પંડિત બીજો પ્રશ્ન કરે છે: 'સત્ય ક્યાંથી મળે?'

પારિયો ઉત્તર આપે છે: 'સત્ય આદમી પાસેથી નહિ પણ કુદરતમાંથી મળી શકે છે. સઘળી ચોપડીઓ એ આદમનો હોનર છે પણ કુદરત એ ઈશ્વરનો હોનર છે.'

પંડિત છેલ્લો પ્રશ્ન કરે છે: 'સત્ય વાત કોઇને કહેવી કે નહિ?'

પારિયો સ્વયંસૂઝથી કહે છે: 'જેમને સત્યની શોધમાં રસ છે અને જે સ્વચ્છ હૃદયવાળા છે તેમને તે કહેવી.'

અંગ્રેજ પંડિતના ચિત્તમાં આ ઉત્તરો નવો પ્રકાશ નાખે છે. પારિયાની જીવનકથા એ આ લઘુનવલમાં બીજો નાનકડો પ્રવાહ છે. પતિની પાછળ પરાણે સતી થવાની આપત્તિમાં આવી પડેલી એક બ્રાહ્મણ વિધવા સાથે સ્મશાનમાં પારિયાની મુલાકાત થાય છે. એમની સહાનુભૂતિમાંથી સ્નેહ જન્મે છે. એમનું સંવનન પુષ્પોની આપ-લેથી વિલસે છે, વિકસે છે. અંતે પારિયો તેને સમાજના જુલમમાંથી બચાવીને દૂર લઈ જાય છે. એ કહે છે: 'ચાલો આપણે બંને જંગલમાં નાસી જઇએ. મનુષ્ય કરતાં વાઘનો ભરોસો રાખવો આપણને બેહતર છે.'

પારિયાના પ્રેમની આ રોમાંચક કથા-નવલકથાને વધુ આસ્વાદ્ય બનાવે છે. અંગ્રેજ પંડિત પારિયાની વિદાય લેતી વેળાએ તેને સોનાનું ઘડિયાળ આપવા ઇચ્છે છે. પારિયો એ સ્વીકારતો નથી, કહે છે: 'અમારી પાસે કદી નહિ અટકતું ઘડિયાળ છે તે ઘડિયાળ સૂર્ય છે.' પંડિત આગ્રહ કરે છે: 'મારી ઘડિયાળમાં કલાકો વાગે છે.' પારિયો ઉત્તર આપે છે: 'અમારે ત્યાં પક્ષીઓ કલાકો ગાય છે.'

અંગ્રેજ તેને મણકાની માળા આપવા માગે છે; પારિયો કહે છે કે, 'અમારી વાડીમાં અંગોળાના વટાણા પાકે છે ત્યાં સુધી રાતી કંઠીની ખોટ પડશે નહિ.'

અંગ્રેજ તેને રૂપાની નાળવાળી પિસ્તોલ લેવાનો આગ્રહ કરે છે ત્યારે પારિયો વિવેકપૂર્વક તેનો અસ્વીકાર કરી કહે છે: 'ગરીબાઈ એ એવો કોટ છે કે જે અમને ચોરોથી બચાવે છે.' છેવટે અંગ્રેજ અતિથિને ઓછું ન આવે તે માટે પારિયો તેની સાથે ચૂંગીની અદલબદલ કરે છે.

આ વાર્તાનું રહસ્ય એ છે કે સંસ્કારિતા ને આંતરસૂઝથી પ્રગટતું જ્ઞાન હિંદુસ્તાનનાં મંદિરોમાં નહિ, પરંતુ કોઈક ખૂણે પડેલા ઝૂંપડામાં છે.

વિવેચક યશવંત શુક્લે આ નવલકથા વિશે નોંધ્યું છે: આ વાર્તા ઘટનાના અને પરિસ્થિતિઓના આકર્ષણ ઉપર નભનારી વાર્તા કે માત્ર રોમાન્સ નથી. એ વિચારચર્ચા તરફ ઝૂકનારી અને થોડાંક કેન્દ્રીય જીવનમૂલ્યો સ્થાપનારી વાર્તા છે. તાત્ત્વિક વિચારચર્ચા માટેનું ગદ્ય ગુજરાતીમાં જ્યારે ખાસ ખેડાયું નહોતું ત્યારે એક પારસી લેખકે આ પ્રકારનું પુસ્તક પસંદ કરીને તેને ગુજરાતીમાં ઉતારવા મથામણ કરી તે આશ્ચર્ય પ્રેરે તેવી ઘટના છે.' (હિંદુસ્તાન મધ્યેનું એક ઝુંપડું — સંપાદક મધુસૂદન પારેખ, સંપાદનની આ., ઈ. ૧૯૬૮, પૃ. ૧૨-૧૩ (ચાલુ)

શતરંજના કોયડા

કોયડા નં. ૧૦ -ઑક્ટોબર ૧૯૮૦નો ઉકેલ

સ્થિતિ : 4k3/8/7B/P7/2N1K3/2b5/n7/8.

કોયડો : સફેદે રમવાનું અને જીતવાનું.

ઉકેલ : આ કોયડામાં એક અણધારી, આશ્ચર્યકારક અને આકર્ષક મ્હાતની સ્થિતિ આવે છે જે કોઈ વાચક શોધી શક્યા નથી. આ કોયડાનો ખરો ઉકેલ આ પ્રમાણે છે :

1 P-R6! B-Q5. પ્યાદાને અટકાવવાનો પ્રયત્ન.

2 K×B, N-N5; 3P-R7, N-B3ch. કાળાએ પહેલી ચાલે ઊંટનો ભોગ આપીને સફેદ રાજાને એવા ખાના પર આવવા ફરજ પાડી છે કે હવે કાળો ઘોડો તેને અને પ્યાદાને સાણસામાં લે છે. પરિણામે સફેદ પ્યાદું પડે છે.

4 K-B5, N×P. ઘણાને થશે કે પ્યાદું મર્યું એટલે હવે સફેદ જીતી શકશે નહિ, પણ આગળ જુઓ :

5 K-N6, N-B1ch; 6K-B7! હવે કાળા ઘોડાને બચવા માટે બે જ ચાલ છે. 6 ..., N-R2 કે N-K2. જો તે 6 ..., N-R2; રમે તો 7N-R3 થી તેને ચાલવાનું એક માત્ર ખાનું બંધ થાય છે અને 8B-K3 પછી ઘોડો પડે છે અને સફેદ પાસે એક ઊંટ અને ઘોડાની સરાસરી હોઈ તે જીતે છે. માટે :

6 ..., N-K2; 7N-Q6! મ્હાત.

ઘોડો બચ્યો, પણ રાજા મ્હાત થયો!

આવા આકર્ષક મ્હાતમાં પરિણમતા આ કોયડાના રચનાર **A. K. Sarytschev** છે.

ઉકેલ મોકલનારનાં નામ ને તેમણે મેળવેલા ગુણ

૧) જયંતીલાલ પંડ્યા, સાવરકુંડલા	-૩
૨) હરેશચંદ્ર દવે, સિદ્ધપુર	-૩
૩) ધીરુભા ગોહિલ, વડપંચાસરા	-૦
૪) એ. એલ. ઝાલાવાડિયા, શારદાગ્રામ	-૦

ગરવા રાજસેવક

લેખક • મુકુન્દરાય પારાશર્ય

યુવરાજ ભાવસિંહજી રાજકોટમાં રાજકુમાર કૉલેજમાં ભણતા ત્યારે (૧૮૮૪થી ૧૮૮૯) ભાવનગર રાજ્યે સૂરતના ગણપતરામ ત્રવાડીને તેમના મુખ્ય ટ્યૂટર નીમેલા સરકારી કેળવણી-ખાતામાં પણ તેમણે નોકરી કરેલી. એ શિસ્તપાલનના અતિ આગ્રહી અને કડક હતા. ભાવનગર દીવાન ઑફિસે ગણપતરામને સૂચના આપેલી. કે ઘણાખરા દેશી રાજાઓની જેમ યુવરાજ આપખુદ, ઉડાઉ, વ્યસની અને મૂર્ખ ન નીવડે તેવી તાલીમ આપવા જ તો તમારી નિમણૂક કરી છે. એટલે એ સૂચના અનુસાર ગણપતરામ ભાવસિંહજી પાસેથી સખ્તાઈથી કામ લેતા. ભાવસિંહજીને રાજ્ય તરફથી જીવાઈ મળતી, પણ એ સ્વેચ્છાએ ખર્ચ કરી ન શકતા. એ બાબતમાં એટલે સુધી કહેવાતું કે પોતાના પિતા મહારાજા તખ્તસિંહને લખવાનો પત્ર પત્ર પણ પ્રથમ ટ્યુટર ગણપતરામને આપવો પડે અને તે કાગળ એ અવકાશે જોઇને સુધારાવધારા કરી પાછો આપે પછી તે કાગળ નવેસરથી લખીને ભાવસિંહજી ગણપતરામને સોંપે ને તેઓ પોતાની અનુકૂળતાએ એને ટપાલમાં નાખે. ટપાલનું કવર પણ યુવરાજને આપવામાં આવતું નહિ. આવી સ્થિતિમાં ભાવસિંહજીને પ્રભાશંકર મળી જતાં નહિ કલ્પેલી રાહત અને અનુકૂળતા મળી. એમને ભાવિ મહારાજા સમજીને પ્રભાશંકર તેમની સાથે નમ્રતાભર્યું વર્તન દાખવતા, શીખવતા ને સલાહ આપતા. ગણપતરામ માસ્તર પ્રભાશંકરને તાબેદાર નોકર ગણીને તેમની પાસેથી કડકાઈથી કામ લેતા. દરરોજ રાતે દૂર મેદાનમાં એક ખુરસી મુકાવી પોતે બેસતા. પોતાની સામે જમીન પર પાથરણું પથરાવતા નહિ. પ્રભાશંકરને પોતાની સાથે લઈ જતા, અને તેમની પાસે ટાઈમ્સ વગેરે છાપાં વંચાવતા. પ્રભાશંકર ફાનસના અજવાળે ઊભાંઊભાં જ છાપાં વાંચી સંભળાવતા. ભાવસિંહજીની સેવા કરવી હતી એટલે આવી આડ-મુશ્કેલી પ્રભાશંકર મૂંગે મોઢે સહી લેતા. ભાવસિંહજીએ ગણપતરામ માસ્તર પાસે પ્રભાશંકરનાં બેચાર વખત વખાણ કર્યાં ત્યારથી પ્રભાશંકર પર ગણપતરામની કડકાઈ વધી ગઈ હતી. પણ પ્રભાશંકર ગણપતરામનું એટલું કામ કરી આપતા કે તેમની ઉપયોગિતા એ માસ્તરને સમજાએલી. ગણપતરામ માસ્તર સજ્જન ગણાતા. બીલખા-આશ્રમના મહાત્મા શ્રીમન્નથુરામના એ શિષ્ય હતા અને પોતાને ત્યાં સૂરતમાં શ્રીમન્નથુરામ-ની પધરામણી કરાવેલી. ગમે તે કરણ હોય પણ ભાવસિંહજીને, પ્રભાશંકરને તથા નોકરોને તે કડકાઈથી હુકમ કરીને કામ લેતા.

એક વખત ગણપતરામ પ્રભાશંકર પાસે ટાઈમ્સ વંચાવતા હતા તે જ વખતે પ્રભાશંકર પર એક તાર આવ્યો. તાર ખિસ્સામાં મૂકી પ્રભાશંકરે છાપું પૂરું વાંચી લીધું. પછી તાર ફોડયો. તાર મોરબીથી તેમના સસરા રાજવૈદ્ય વિશ્વનાથ વિઠ્ઠલજીનો હતો. પ્રભાશંકરના દોઢબે વર્ષના પુત્ર અનંતરાય ભયંકર બીમાર હોવાથી પ્રભાશંકરને તત્કાલ બોલાવેલા. પ્રભાશંકરે ગણપતરામ માસ્તરને તારની વાત કરી રજા માગી. માસ્તરે કહ્યું કે લેખિત અરજી કાલ સવારે ઑફિસ સમયમાં કરજો. પ્રભાશંકરે કહ્યું કે મારે તરત જવું છે. હું લેખિત અરજી આપને આપતો જઉં. ગણપતરામે કહ્યું કે અત્યારે કશું કરવામાં નહિ આવે: હું અરજી નહિ લઉં. ગણપતરામના સ્વભાવને કારણે પ્રભાશંકર રાજીનામું લખીને ખિસ્સામાં સાથે જ રાખતા. તેમણે એ કાઢી તેમાં તારીખ-સમય નાખી, પોતાની સહી કરી કહ્યું કે મારે આમ નોકરી જ નથી કરવી. આ મારું રાજીનામું છે. અંતે સ્થિતિ પામી જઈ માસ્તરે રજા આપી. ભાવસિંહજીને હકીકત સંક્ષેપમાં જણાવી પ્રભાશંકર જંકશન ગયા. ત્યાંથી એક એન્જિન એ જ વખતે વાંકાનેર જતું હતું તેમાં બેસી વાંકાનેર સુધી ગયા અને ત્યાંથી તરત ગુડ્ઝ ટ્રેન મળી તેમાં મોરબી પહોંચ્યા. અડતાલીશ કલાકે એ પાછા ફરજ પર હાજર થઈ ગયા. માસ્તર ગણપતરામ અને પ્રભાશંકરનો સ્વભાવ તથા સ્થિતિ સમજવા આ એક પ્રસંગ અત્રે બસ થઈ પડશે.

ભાવસિંહજી કૉલેજના અભ્યાસ દરમિયાન પ્રત્યેક બાબતમાં પ્રભા-શંકરની સલાહ લઈ તે પ્રમાણે વર્તતા. પ્રભાશંકરે તેમને એક વાત ખાસ સમજાવેલી કે કંઈપણ કરતાં પહેલાં પોતાનો મોભો, પરિસ્થિતિનો અભ્યાસ અને તેમાંથી સારું પરિણામ કઈ રીતે આવી શકે તેનો વિચાર કરી, કોઈનું અપમાન ન થઈ જાય તે રીતે વ્યવહાર કરવો, એ દરેક માટે અને ખાસ કરી રાજા માટે વધારે જરૂરનું છે. ભાવસિંહજી હજી જુવાનીના ઉંબરે હતા. અંદરની અકળામણથી આવેશમાં ક્યારેક મનમાં આવતા વિચાર બોલી નાખતા. પ્રભાશંકર તેમને મૂગા રહી પરિસ્થિતિ સમજી બધું ગળી જવા સમજાવતા અને તેઓ સમજીને તે મુજબ વર્તવા મથતા, છતાં કયારેક બોલતા બોલાઈ જતું ત્યારે સાંભળનાર કોણ છે તે ખ્યાલ ન રહેતો. પરિણામે તેઓ મુશ્કેલીમાં મુકાતા ગયા ને ભાવ-સિંહજીને પ્રભાશંકર વગર ન ચાલે તેવું હોવાથી અને તેની જાણ છેક ઉપર સુધી હોવાથી પ્રભાશંકરની સ્થિતિ કફોડી થવા માંડી.

મહારાજા તખ્તસિંહજીને ચાર રાણીઓ હતી. ભાવસિંહજીનાં માતુશ્રી ગોંડલવાળાં બા માજીરાજબા ભાવસિંહજીને બાળપણમાં મૂકી અવસાન પામેલાં. પરમાનંદદાસ ભાવનગરના દીવાન હતા ત્યારે તેમણે પોતાના સાળાને—ગગા ઓઝાને રાજમાં નોકરી આપી. અને તેઓ અક્કલહોશિયારી તથા કર્તવ્યપરાયણતાથી આગળ વધતા જઈ પરમાણંદ-દાસ પછી દીવાનપદે પહોંચેલા. પરમાણંદદાસભાઈના પુત્ર સમર્થ શામળદાસભાઈ મહત્ત્વાકાંક્ષી હતા. દીવાન થવાની પૂરી લાયકાત હોવા છતાં યશસ્વી ગગા ઓઝા નિવૃત્ત થતા ન હતા તેથી એ દીવાનપદે આવી શકતા ન હતા. વળી, શામળદાસભાઈની અમુક વહીવટી રીતરસમો ગગા ઓઝાને સારી ન લાગતી. શામળદાસભાઈ મોટી ઉંમરે પહોંચેલા, છતાં ગગા ઓઝા તેમને ઠપકો આપી સ્વભાવ સુધારવા કહેતા. પરિણામ એ આવ્યું કે એ બે કુટુંબો વચ્ચે વૈમનસ્ય ભયંકર રીતે વધી ગયું. નાગરોમાં પણ બે તડાં પડયાં, રાજ્યના નોકરોમાં પક્ષ પડયા અને ખટપટ વધી. ભાવસિંહજીનાં નાની ગોંડલનાં રાજમાતા મોંઘીમાસાહેબ વિચક્ષણ રાજદ્વારી સન્નારી હતાં. ભાવનગરની આ સ્થિતિ સમજતાં હોવાથી એમણે બાળ ભાવસિંહજીને પોતાના રક્ષણતળે ગોંડલ રાખેલા. ભાવસિંહજીને જીવાઈ ખર્ચ લેવા માટે ભાવનગર જવું પડતું. ભાવસિંહજી સ્વમાની, તેજસ્વી ને નાનપણમાં ડંખવાળા હતા. એટલે હુકમને વશ વર્તે જ એવું ન થતું. રાજકોટ ભણતા ત્યારે એક વખત જીવાઈ મળવામાં બહુ વિલંબ થવાથી એ લેવા ભાવનગર ગએલા અને ત્યારે દીવાન-ઑફિસમાં આ યુવરાજે જે આકરા શબ્દો કહ્યા. તેનો ઉત્તર એવો મળ્યો કે પહેલાં તમે અમે કહીએ તેમ બોલતાં, રે'તાં અને વર્તતાં શીખો. જીવાઈ કયારે મોકલવી એની અમને વધુ ખબર છે. તમારે જીવાઈ માગવી નહિ ને અહીં આવવું નહિ. ત્યારે ભાવસિંહજીએ નારાજ થઈ એવું કહ્યું કે હું ગાદીએ આવીશ ત્યારે આનો હિસાબ લઈશ અને ઉત્તર મળ્યો કે કોણે કહ્યું કે ગાદી તમને જ મળવાની છે? એ લાયકાત દીવાન સાહેબ નક્કી કરશે. પહેલાં એ લાયકાત કેળવો. અમે કહીએ તેમ કરો.

આ શબ્દો દીવાન શ્રી વિઠ્ઠલદાસભાઈના ન હતા. એવી વાણી એના મોંમાં કદી ન સંભવે એવા એ વિવેકી હતા. એ શબ્દો દીવાનની ઓથે ચડી વાગેલા કોઈ અમલદારના હતા. દુભાયેલા ભાવસિંહજીએ આ વાત

ગરમાળો

Cassia-Fistula
(પુષ્પમાળા–૨૨)

લેખક • પ્રા. શંકરદેવ વિદ્યાલંકાર

आरग्वधो राज-वृक्षः शंपाक श्चतुरांगुलः ।
आरेवतो व्याधिघातः कृतमालः सुवर्णकः ।
कार्पाकारो दीर्घ-फलः स्वर्णांगः स्वर्ण-भूषणः । (ભાવપ્રકાશ નિઘંટુ)

पंक्तिपत्रो महाशिम्बी विटपी राजपादपः ।
महाजम्बू पत्र-सदक्-पत्रश्च गिरिवासी च ॥ (શિવદત્ત વૈદ્ય)

અંગ્રેજી નામ : Indian Laburnum, Pudding Pipe-tree, Purging Cassia, Golden Shower, Monkey Stick.
સંસ્કૃત નામ : દીર્ઘફળ, પ્રગ્રહ, રૈવત, પર્ણી, કલ્પદ્રુ, સ્વર્ણદ્રુ, આરોગ્ય શિમ્બી, જ્વરાન્તક, શમ્યાક, હેમપુષ્પ.
હિંદી નામ : અમલતાસ, સોનહાલી, કિરમાલા, ધનબહેડા,
બંગાળી નામ : સોન્હાલી, સોનાલુગાછ, બંદરલાઠી.
મરાઠી નામ : બાહવા, ગરમાળ.

ગરમાળો તો આપણા દેશમાં બહુ પરિચિત વૃક્ષ છે. એના પીળા પુષ્પગુચ્છોની શોભા અને એના ઔષધીય ગુણોને કારણે ઉગાડવા માટે એ સારી પેઠે લોકપ્રિયતા પામ્યું છે. સમસ્ત ભારત, બ્રહ્મદેશ, મલયપ્રાય: દ્વીપ, જાવા, ફિલિપાઈન્સ, આફ્રિકા અને મેક્સિકો તથા દક્ષિણ અમેરિકાના ઉષ્ણ પ્રદેશોમાં એ બધે થાય છે. સામાન્યતઃ તો આ મધ્યમ કદનું વૃક્ષ છે પણ સારી અનુકૂળ જમીન હોય તો વીસ–ત્રીસ ફૂટ સુધી એ ઊંચું વધે છે. હિમાલયમાં યે ચારેક હજાર ફૂટ સુધીની ઊંચાઈના પ્રદેશોમાં એ ઊગે છે. શોભાવૃક્ષ તરીકે બાગબગીચામાં તેમ જ માર્ગો ઉપર તે બહોળા પ્રમાણમાં ઉગાડાય છે.

ગરમાળાનું થડ ટૂંકું અને શાખાઓ પાતળી, છાલ લીસી અને રાખોડી રંગની. વખત જતાં તે ખરબચડી અને ઘેરી ભૂખરી થઈ જાય છે.

શાખાઓમાં ફૂટ–દોઢ ફૂટ લાંબી ડાંડલીઓ પર ચારથી આઠ પાન સામસામાં ઊગે છે. ગરમાળાનાં પાન આઠેક ઈંચ લાંબાં, ત્રણેક ઈંચ પહોળાં, છેડે બુઠ્ઠાં અણિયાળાં અને લીસાં હોય છે. માર્ચ–એપ્રિલના અરસામાં આ બધાં પાન ખરી પડયાં પછી જે નવાં પાન આવે છે તે આરંભમાં સુકોમળ અને તામ્રવર્ણી હોય છે જે પછીથી લીલો રંગ ધારણ કરી લે છે. આ જ અરસામાં, એટલે કે એપ્રિલથી જૂનના ગાળામાં નવપલ્લવિત વૃક્ષ ઉપર તેની શાખાઓના અગ્રભાગે આછી સુગંધવાળાં મનોરમ પીળાં ઉજ્જ્વલ પુષ્પગુચ્છોથી સમગ્ર વૃક્ષ શોભી ઊઠવા સાથે આસપાસના પર્યાવરણમાં એક સુંદર રંગભભક પ્રસારી દે છે. ગુચ્છમાં ઊગતાં એ પીળાં ફૂલનો ઘેરાવો લગભગ રૂપિયા જેટલો હોય છે, જેમાં તેની પીતવર્ણી તેજસ્વિતા પ્રસારતી પાંચ પાંખડીઓ હોય છે. આ પુષ્પો જ્યારે ખરવા માંડે છે ત્યારે વૃક્ષ તળે પણ સુંદર પીળી બિછાત પથરાઈ જાય છે. આ ખરી પડેલાં વૃક્ષોનાં સ્થાને લટકતી શીંગો મોટી થઈ દોઢથી અઢી ફૂટ જેટલી લાંબી વધે છે, અને હેમન્ત–શિશિર ઋતુમાં એ પાકે છે ત્યારે ઘેરા કથ્થઈ રંગની બની જાય છે. ગરમાળાની શીંગમાં નાનાંનાનાં ખાનાં હોય છે જેમાં ગોળ જેવો મીઠો માવો, અને એની અંદર બીજ હોય છે. ગરમાળાની શીંગની અંદરના માવાને 'ગરમાળાનો શીરો' પણ કહે છે. વાંદરાંઓને એ બહુ ભાવે છે તે પરથી હિંદી તેમ જ બંગાળીમાં ગરમાળાની શીંગને વાનરલાકડી ને બંદરલાઠી પણ કહે છે. ગરમાળાનો શીરો સ્વાદુ હોવા સાથે મૃદુ વિરેચક છે અને એ રીતે એનો બહોળો ઉપયોગ પણ થાય છે.

ચિકિત્સાકલિકા ગ્રંથના વ્યાખ્યાકાર ટીસટાચાર્ય ગરમાળાના વૃક્ષને 'ગિરિમાલક' નામે ઓળખાવે છે. ગુજરાતીમાં વપરાતું નામ 'ગરમાળો' એ કદાચ આના પરથી જ ઊતરી આવ્યું હશે. મારવાડમાં તે 'કિરમાળ' નામે ઓળખાય છે. વિખ્યાત સ્વીડિશ વનસ્પતિશાસ્ત્રી લિનીઅસે (૧૭૦૭–૧૭૭૮)તેને 'કેસિયા ફિસ્ચુલા' નામ આપ્યું છે. ગ્રીક ભાષામાં ફિસ્ચુલાનો અર્થ થાય છે 'નળી.' ગરમાળાની શીંગોનો દેખાવ પણ લાંબી નળી જેવો જ હોય છે. અંગ્રેજીમાં આ શીંગોનું એક નામ છે 'પુડિંગ પાઈપ: અહીં પુડિંગ એ ગરમાળાના શીરાના સંદર્ભમાં છે. ગરમાળાનાં બધાં સંસ્કૃત નામો આ વૃક્ષ, એનાં પુષ્પો, એની શીંગો વગેરેની આગવી લાક્ષણિકતા તથા આ વૃક્ષનાં ઔષધીય ગુણોના આધારે પડેલાં છે. જેના પર ગરમાળાના વૃક્ષો જ ઉગાડયાં હોય એવા કેટલાક શહેરી માર્ગોને નામ પણ 'લૅબરનમ રોડ' આપ્યું હોય છે.

સંસ્કૃતમાં ગરમાળાના વૃક્ષને 'કર્ણિકાર' કહે છે. આપણા પ્રાચીન સાહિત્યમાં આ કર્ણિકારના પુષ્કળ ઉલ્લેખો ને વર્ણનો જોવા મળે છે. 'કર્ણેષુ યોગ્યમાં નવ કર્ણિકારમ.' 'ઋતુસંહાર'માં કવિ કાલિદાસે વસન્તના વર્ણનમાં રમણીઓને વર્ણવતાં તેમના કાનમાં કર્ણિકાર પુષ્પો ભેરવ્યાનો ઉલ્લેખ કર્યો છે. એ જ રીતે એણે 'કુસુમિત સહકારૈઃ કર્ણિકારૈશ્ચ રમ્યઃ' કહીને આમ્રમંજરી અને કર્ણિકાર પુષ્પોથી સોહતી વસંત વર્ણવી છે.

કવિ અશ્વઘોષે (૧લી સદી) બુદ્ધચરિત્રમાં લખ્યું છે કે ગજભગ્ન કર્ણિકારની શાખાઓની માફક મદજન્ય વિકારથી અવશ થઈને પીતવસ્ત્રધારિણી માર–પત્નીઓ ધરતી પર ઢળી પડેલી છે–

वसनं पीतमनुत्तमंदधानाः
अवशाः वत निद्रया निपेतुः
गजभग्नाः रुव कर्णिकार–शाखाः ॥

પ્રભાશંકરને કહી ત્યારે પ્રભાશંકરે કહ્યું કે સ્થિતિનો વિચાર કરીને પણ આપે ગાદીએ આવીને હિસાબ લેવાની વાત ન કહેવી ઘટે. માફ કરશો પણ એક વાત ફરીફરીને હું વિનંતીપૂર્વક રજૂ કરીશ કે નવસો નવાણું પાદરના ધણી થનારે પોતાનો મોભો ઊંચો જ જાળવવો જોઇએ. રાજાએ ખમી ખાવું એટલું જ બસ નથી. સામો માણસ સુધરે, ફરી ભૂલ ન કરે, તે રીતે સારે માર્ગે વાળવાની જવાબદારી પણ રાજાની છે. ગાદીપતિ તો ઘણા થાય છે, પણ સેવકોનું ને પ્રજાનું ભલું કરી, પિતા પેઠે એમના ચિત્તનું રંજન કરે તેવા રાજા થવાનું ભૂલવું ન જોઇએ. આપણું રામરાજ્ય હોવું જોઇએ. આપણે રાજા રામને અનુસરવું છે.

આ પ્રસંગનાં શાં પરિણામ આવી શકે એ પ્રભાશંકર જાણતા હતા, એટલે રાજકુમાર કૉલેજ, રાજકોટના પ્રિન્સિપાલ ચેસ્ટર મૅક્નોટન, ધારવાડમાં મિ. એસ. એમ. ફ્રેઝર, કે જેમના અભિપ્રાય પર સરકારના વહીવટી અમલદારો પૂરો મદાર બાંધતાં, તેમની પાસેથી પ્રભાશંકરે ભાવસિંહજીની ચાલચલગત, અભ્યાસ, કાર્યદક્ષતા તથા રાજા થવા યોગ્ય સદ્ગુણો હોવા સંબંધે સારાં પ્રમાણપત્રો મેળવી લીધાં. ઉપરાંત, નાગરોમાં ભાવસિંહજી વિષે ખોટી માન્યતા ઊભી ન થવા પામે તે હેતુથી રાજકોટ, મોરબી, જામનગર વગેરેનાં ઘણાંખરાં નાગરકુટુંબોના પરિચયમાં હોવાથી તેમનાં જે સંબંધીઓ ભાવનગરમાં હોય તેમને જ્યારે પ્રભાશંકર ભાવનગર આવે ત્યારે મળતા. રાજકોટમાં રાજકુમાર કૉલેજમાં જામનગરના પ્રિન્સ રણજીતસિંહજી (૧૮૭૨–૧૯૩૩) ભણતા ત્યારે તેમના ટ્યૂટર રતિલાલ છોટાલાલ દેસાઈ સાથે પ્રભાશંકરને ઘણો આત્મીય સંબંધ હતો. રતિલાલ પ્રભાશંકરના પિતાની વયના હતા. રતિલાલના પુત્ર સાકરલાલ, પ્રભાશંકર ડમરી, બ. ક. ઠાકોર સાથે કાઠિયાવાડ હાઈસ્કૂલમાં સાથે ભણતા. (બ. ક. ઠાકોરે એ સાકરલાલ રતિલાલ-

વાલ્મીકિ રામાયણ તો કર્ણિકારનાં વર્ણનોથી ભરેલું છે.

इयं सुमित्रा दुःखार्ता देवी राक्षश्च मध्यमा।
कर्णिकारस्येत शाखेव शीर्णपुष्पा वनान्तरे।

ચિત્રકૂટના વનમાં પહોંચેલી રાણી સુમિત્રા દુઃખભારને લીધે સૌંદર્ય-વિહીન લાગતી હતી, જાણે કર્ણિકારનાં કુસુમો કરમાઈને શ્રીવિહીન બની ગયાં છે.

રાવણ સીતાજીને હરીને લઈ જાય છે ત્યારે સીતાજી વનનાં કર્ણિકાર વૃક્ષોને કહે છે–

आमंत्रये जनस्थानं कर्णिकारांश्च पुष्पितान्।
क्षिप्रं रामस्य शंसस्य सीतां हरति रावणः॥

–તમે શ્રીરામને કહેજો કે રાવણ સીતાનું હરણ કરી ગયો છે. અને વિષાદ ભરેલા શ્રીરામ પણ સીતાની ખબર માટે કર્ણિકારને જ પૂછે છે–

अहो तं कर्णिकाराद्य पुष्पितः शोभसे भृशम्।
कर्णिवार–प्रियां साध्वीं शंस दृष्टा यदि प्रिया।

હે કર્ણિકાર તું પુષ્પોથી શોભિત લાગે છે. મારી પ્રિયાને કર્ણિકારવૃક્ષો અતિશય પ્રિય હતાં, તો તેં જો મારી પ્રિયાને જોઈ હોય તો કહે.

પંપા સરોવરના વર્ણનમાં પણ વાલ્મીકિ કર્ણિકારને યાદ કરે છે–

सैामित्रे पश्य पंपायाः दक्षिणे गिरिशानुषु।
पुष्पितां कर्णिकारस्य यष्टिं परम–शोभिताम्॥

'વિક્રમોર્વશીય' નાટકમાં કવિ કાલિદાસ ગ્રીષ્મનું વર્ણન કરતાં કહે છે—

ऊष्णालुः शिशिरे निषीदति तरोः मूलालवाले शिखी।
निर्मिंदयोपरि कर्णिकार कुसुमार आलीयते षट्पदः॥

–મયૂર તાપ સહન ન કરી શકવાથી વૃક્ષના મૂળ પાસે આલવાલમાં આરામ માટે બેસી ગયો છે. ભ્રમર કર્ણિકારની કલિકાને ભેદીને તેની અંદર પેસી ગયો છે.


'કુમારસંભવ'માં પાર્વતીના વર્ણનમાં આવે છે કે–

आकृष्ट-हेमद्युति-कर्णिकारम् वसन्त–पुष्पाभरणं वहन्ती।

–જ્યારે તે મહાદેવજીને પ્રસન્ન કરવા જાય છે ત્યારે તે પદ્મરાગ જેવાં અશોક પુષ્પો અને સુવર્ણની છટાને પરાજિત કરનારા કર્ણિકારના વાસંતી-પ્રસૂનેથી વિભૂષિત છે.

સાહિત્ય-સંપ્રદાયમાં એવી પણ એક મધુર કલ્પના પ્રચલિત છે કે એની સામે સુંદરીઓ નૃત્ય કરે તો કર્ણિકાર ખીલી ઊઠે છે.

ગરમાળાનું કાષ્ઠ મજબૂત અને ટકાઉ ગણાય છે. મકાનની વળીઓ, થાંભલા, ગાડાં. ખેતીનાં સાધનો વગેરે બનાવવામાં તે ઉપયોગી છે, એની છાલ રંગકામમાં અને ચામડું કમાવવામાં ઉપયોગી છે. તમાકુને



સુગંધિત અને સ્વાદુ બનાવવામાં એના માવાનો ઉપયોગ થાય છે. ગરમાળાનાં ફૂલનો પણ ગુલકંદ બને છે, જે મૃદુ વિરેચક તરીકે ઉપકારક છે.

ગળાના કાકડા માટે ગરમાળાની છાલના નવશેકા ગરમ ક્વાથથી કોગળા કરવાથી રાહત મળે છે. વ્રણ-પ્રક્ષાલન માટે ગરમાળાનો ક્વાથ વાપરવો હિતકર છે. ગરમાળાની શીંગનો ગર મૃદુવિરેચન માટે ઉત્તમ છે. તાવ, હૃદયરોગ અને પિત્તપ્રકોપમાં પણ તે હિતકારી છે. એક તોલો ગરમાળાનો માવો, ૭ માસા હરડે અને એક તોલો કાળી દ્રાક્ષ લઈ તેનો કાઢો કરીને સવારસાંજ તે પીવાથી ચારેક દિવસમાં તો ઘરાં નરમ પડે છે.

ગરમાળાનાં પાનને વાટીને ખસ અને દાદર ઉપર લગાડવાથી આરામ થાય છે. ગરમાળાનાં પાનની પોટીસ બાંધવાથી પક્ષઘાત (લકવો) અને સંધિવાતમાં ફાયદો થાય છે. બહારનો સોજો ગરમાળાનાં પાન ગરમ કરીને બાંધવાથી બેસી જાય છે.

ગંડમાળ માટે ગરમાળાનાં મૂળ ચોખાના ધોવરામણ સાથે વાટીને લેપ કરવાથી લાભ થાય છે.

ની અટક મહેતા જણાવી છે તે સ્મૃતિદોષનું કારણ ગણવું.) આ સંબંધને પરિણામે થોડો સુધારો થયેલો. ઉપરાંત, અભ્યાસને અંતે ભાવસિંહજી આખા હિંદની મુસાફરીએ નીકળેલા ત્યારે મુંબઈના ગવર્નર સાથે પ્રભાશંકરે એસ. એમ. ફ્રેઝર દ્વારા મુલાકાત ગોઠવાવેલી અને ગવર્નર પાસેથી પણ સારુ પ્રમાણપત્ર મેળવેલું. આ બધાં પ્રમાણપત્રો રાજકોટ કોઠી સરકાર સમક્ષ પ્રભાશંકરે રજૂ કરેલાં અને તેમાં તેને ભાવનગરના રાજકોટ ખાતેના પ્રાંત વકીલ નાગર સદ્ગૃહસ્થ સાકરલાલ સવાઈલાલની સહાય હતી. એવી વાતો સાંભળી છે કે ભાવનગરની દીવાન ઑફિસેથી ભાવસિંહજીને બદલે કુમાર મંગળસિંહજીને ગાદીવારસ તરીકે મંજૂર કરવા એક દરખાસ્ત થયેલી, પણ ઉપરનાં ઉત્તમ પ્રમાણપત્રોને આધારે એ મંજૂર નહિ થયેલી. જો કે આ વાત રાજકોટ કોઠી સરકારનું તે વખતનું દફતર જોયા વગર સ્વીકારી શકાય નહિ.

ભાવસિંહજીથી પ્રભાશંકરને છૂટા પાડવાની પણ ખટપટ ચાલતી હતી. ભાવસિંહજીનો અભ્યાસ પૂરો થયો હતો. તેવામાં ભાવસિંહજીની હિંદની મુસાફરી દરમિયાન એવો બનાવ બન્યો કે પ્રભાશંકરે નોકરીમાંથી રાજીનામું આપી દીધું. (આ પ્રસંગ મેં અન્યત્ર વિગતે વર્ણવ્યો છે.) એ પ્રસંગે ભાવસિંહજીએ એમને રોકવા બહુ આગ્રહ કર્યો ત્યારે પ્રભાશંકરે કહ્યું કે હાલ આપ યુવરાજપદે છો એટલે આપની ઇચ્છાને હું માન આપી શકતો નથી. આપની ઇચ્છા અને આજ્ઞા બંને એકરૂપ થશે ત્યારે આપ કહેશો તેમ કરીશ.' ભાવસિંહજીએ કહ્યું, 'તો હું બોલાવું ત્યારે આવશો એવું વચન દેતા જાઓ.' પ્રભાશંકરે વચન આપ્યું.

ત્યાંથી પછી પ્રભાશંકરે દેવગઢબારિયામાં થોડા માસ નોકરી કરી ને ત્યાર બાદ મોરબી કેળવણી ખાતામાં જોડાયેલા. વચ્ચે ભાવસિંહજીના બોલાવવાથી ૧૮૯૫ના ઑગસ્ટ-સપ્ટેમ્બર બે માસની રજા લઈ

તેમની પાસે ભાવનગર રહેલા. ભાવસિંહજીના પગમાં આંગળીઓ વચ્ચે ફોડલીઓ અને ફૂગ રહેતી. એ રોગ ત્યારે આઠેક વર્ષ જૂનો હતો. પ્રભાશંકર આયુર્વેદ જાણતા એમણે જાતે ઔષધોપચાર કરીને એ રોગ દૂર કરેલો. જે પછી કદી થયો ન હતો. એ એમની અવેતન સેવા હતી.

વળી, એ વખતમાં ભાવસિંહજી રાજ્યના વરિષ્ઠ અધિકારીઓ તરફની ઈતરાજી પ્રભાશંકરને જણાવતા. તેના ઉત્તરમાં પ્રભાશંકરે વારંવાર કહીને આ વાત સમજાવવા યત્ન કરેલા કે મારા દાદાએ, પિતાએ તથા કાકાઓએ મારે ગળે એક વાત ઉતારી દીધી છે કે કોઈ માણસ સો યે સો ટકા ખરાબ કે અયોગ્ય હોઈ શકતો નથી. અનેક જાતનાં ઝાડ છે. કોઈ ઝાડ નકામું નથી. કયા રોગ પર કયું ઝાડ ઉપયોગી છે એ જેમ વૈદે જાણીને ઉપયોગ કરવો જોઇએ તેમ માનવજાતના હિત માટે કયા માણસનો ક્યાં કેવો ઉપયોગ કરવો જોઈએ એ જાણવું જોઇએ, ને ખાસ તો રાજાએ આ જાણવું જ જોઈએ. ગુણ અને દોષ બધામાં હોય છે, આપણામાં ય હોય છે. પણ જેમ વૈદ કે ડૉક્ટર તંદુરસ્તી શું કહેવાય એ જાણતો હોય તો એને રોગ પારખતાં, દવા દેતાં ને દર્દીને સાજો કરતાં આવડે તેમ જો માણસે કેવા થવું ને રહેવું જોઈએ એ આદર્શ આપણી પાસે હોય ને તે પ્રમાણે જાતે જીવતા હોઈએ તો સામા માણસના એકલા દોષ નહિ દેખાય, ગુણ પણ દેખાશે અને પછી એ સદ્ગુણ કેમ ખીલવી શકાય ને અવગુણો દૂર કરી તે માણસને કેમ સારો માણસ બનાવી શકાય, તે સહેલાઈથી સૂઝવા લાગે. રાજા પાસેથી આ કળા બીજા શીખે એવા રાજાએ થવું જોઈએ.

ઈ. સ. ૧૮૯૬ની ૨૯મી જાન્યુઆરીએ મહારાજા તખ્તસિંહજીનું અચાનક અવસાન થયું. ભાવસિંહજીએ તાર કરીને પ્રભાશંકરને તેડાવ્યા અને તેને લેવા પોતે સ્ટેશને ગએલા. પ્રભાશંકર ઊતર્યા કે તેમનો હાથ પકડી ભાવસિંહજીએ કહ્યું, 'ડૉક્ટરે મહારાજને મારી નાખ્યા છે.' પ્રભાશંકરે કહ્યું : એમ ન જ હોય. ડૉક્ટરનું કામ દર્દીને સાજા કરવાનું છે, મારવાનું નહિ.' આ વાતચીત બાજુમાં કોઇએ સાંભળી હોય કે ન હોય, પણ પ્રભાશંકરને થયું કે આટલાં વરસ સમજાવવા છતાં જો ભાવસિંહજી આવેશમાં આવું બોલી નાખે છે તો કારભારનું કામ કઠિન થશે.

ભાવસિંહજીએ પોતાના બાળપણના મિત્ર કાળુભા રાણાને ગોંડલથી અને રાજકોટથી બાવાભાઇ શામજી વડાલિયાને પણ ભાવસિંહજીએ તત્કાલ ભાવનગર બોલાવ્યા હતા પોતાના ખાસ ભાષાશિક્ષક ત્રિભુવનદાસ કાળીદાસ ત્રિવેદીને પણ બોલાવેલા. ભાવનગરના ત્યારના કોઈ અધિકારી પર ભાવસિંહજીને વિશ્વાસ ન હતો. તેમણે પ્રભાશંકરને દીવાનગીરી સ્વીકારીને રાજ્યનો કારભાર સંભાળી લેવા કહ્યું. વળી કેટલાક લોકોને કાઢવાનો પણ એમનો વિચાર હતો. પ્રભાશંકરે કહ્યું કે, હું દીવાન થવા માગતો નથી, હાલ તો નહિ જ. ભાવસિંહજીએ કહ્યું કે, 'તમે મને કહેલું કે આપની ઇચ્છા અને આજ્ઞા એકરૂપ થશે ત્યારે આપ કહેશો તેમ કરીશ.' પ્રભાશંકરે ઉત્તર આપ્યો કે 'એ વાત ખરી, પણ કોઈને ઉઠાવીને આપ મને હોદ્દો આપો એ મારે જોઇતો નથી. બીજું હું રાજકારણનો માણસ નથી, વહીવટનો જોઇતો અનુભવ મારે હજી બાકી છે. વળી, વિનંતીપૂર્વક ભાર દઈ મારે આપનું ધ્યાન ખેંચવું છે કે નાગરો જેવી વહીવટી કુશળતા આપણને બીજેથી મળવાની નથી. એમને દૂર કરશો તો વહીવટ પાંગળો બનશે અને નાગરો દુશ્મન. બીજા નોકરીઆતોને તથા પ્રજાને આપમાં વિશ્વાસ નહિ રહે, એ કોઇને માટે લાભદાયક નથી. હું જાણું છું કે આપને ન ગમે તેવું એમણે ઘણું કર્યું છે, છતાં રાજનું જેટલું એમને હૈયે દાઝે છે એટલું બીજા કોઈને દાઝતું હોય એવું મેં જોયું નથી. ઉલટે એટલું કે હાલ હું વાઘજી ઠાકોરની મોરબીની નોકરીમાં છું એમનો અને અમારો ત્રણ પેઢીનો સંબંધ હોવાથી હું નોકરી વગરનો થઈ મોરબી પાછો આવ્યો ત્યારે મને સામેથી બોલાવી ને નોકરી આપી છે. એમની નોકરીમાંથી રાજીનામું મારે ન દેવાય. આપ એમની પાસે મારી માગણી મૂકો. ભાવસિંહજીએ તારથી વાઘજી ઠાકોર પાસે પ્રભાશંકરને છૂટા કરી સોંપવા માગણી કરી. ઠાકોરે શરત મૂકી કે મોરબી જ્યારે બોલાવે ત્યારે પ્રભાશંકરે મોરબી આવવું. અને એ શરતે મોરબી ઠાકોરે પ્રભાશંકરને કપાતે પગારે ભાવનગર રાજ્યની નોકરી કરવા મંજૂરી આપી. પ્રભાશંકર પાંત્રીશમે વર્ષે મોરબી રાજ્યમાંથી છૂટા થઈ ભાવનગરરાજ્યમાં જોડાયા પણ પછીનાં ત્રીશ વર્ષ સુધી મોરબીના પગારપત્રક પર તેમનું નામ કાયમ રાખવામાં આવેલું.

ઈ. ૧૮૯૬ની ૧૦ ફેબ્રુઆરીને સોમવારે પોલિટિકલ એજન્ટ કર્નલ હેનકૉકની હાજરીમાં ભાવસિંહજીનો વિધિસર રાજ્યાભિષેક થયો. એ વખતના પોતાના પ્રવચનમાં ભાવસિંહજીએ કહેલું કે રાજ્યને આબાદ કરવામાં મારા અમલદારો એકનિષ્ઠાથી સેવા આપશે એવો મને વિશ્વાસ છે. એ પ્રસંગે હેનકૉક સાહેબે જાહેરમાં પ્રભાશંકર સાથે જે રીતે વર્તાવ કર્યો તેથી સર્વ અમલદારવર્ગને તથા પ્રજાવર્ગને એ પ્રીતિનો ખયાલ આવ્યો. ભાવસિંહજી પ્રભાશંકરને દીવાન બનાવશે, એમ કહેવાતું હતું. ત્યાં સહુના આશ્ચર્ય વચ્ચે ભાવસિંહજીના પર્સનલ સેક્રેટરીની નવી જગ્યા કાઢીને તે પર માસિક સવાસોના પગારથી પ્રભાશંકરની નિમણૂંક કરવામાં આવી. કોઈ અમલદારને તેમના સ્થાનથી ખેસવવામાં ન આવ્યા. ઉપરાંત, પ્રભાશંકર પોતે પણ દીવાન તથા રાજ્યસભાના વડા સભાસદ શ્રી વિઠ્ઠલદાસ શામળદાસ, જાહેર બાંધકામ ખાતાના સભાસદ આર. પ્રૉક્ટર સીમ્સ, રાજ્યખાતાના સભાસદ બૅરિસ્ટર જમશેદજી જીવણજી ગજધરા તથા જેમણે છેલ્લે તખ્તસિંહજીની દવા કરેલી તે સભાસદ ડૉ. બરજોરજી બહેરામજી વગેરેને દરેકને ત્યાં જઈ મહારાજા ભાવસિંહજી વતી પૂરો સાથ આપવા વિનંતી કરી આવ્યા.

ગાદીએ બેસવા સાથે ભાવસિંહજીએ બહારગામથી નાગરોની નિમણૂંક ભાવનગર રાજ્યમાં શરૂ કરી. પ્રિન્સ રણજીતસિંહજીના એક વખતના શિક્ષક શ્રી રતિલાલ છોટાલાલને હિસાબી ખાતાના ઉપરી તરીકે નીમ્યા. મહારાજા તખ્તસિંહજી દેવ થયા ત્યારે રાજ્યની તિજોરીમાં ફક્ત એકતાળીશ રૂપિયા હતા, ઝવેરાતમાં મોતીની એક માળા હતી તથા રાજ્ય પર લાખો રૂપિયાનું કરજ હતું. (૧૯૪૮માં ભાવનગર રાજ્ય સૌરાષ્ટ્ર રાજ્યમાં ભળ્યું ત્યારે અઢાર કરોડ રૂપિયા રોકડા, જુદાંજુદાં બીજાં મોટાં ફંડો તથા બીજી ઈસ્કયામતો સોંપેલી.) નડિયાદના ગોપાળદાસ બિહારીદાસને બોલાવી સારો હોદ્દો આપ્યો. ભાવસિંહજી યુવરાજપદે હતા ત્યારે કોઠી સરકારને તેમના અંગેનાં પ્રમાણપત્રો રજૂ કરતી વખતે ઉપયોગી થયેલા તે પ્રાંત વકીલ સાકરલાલ સવાઈલાલને વધુ સત્તા ને બઢતી આપી. સાકરલાલના ભાઈ હરીલાલને ૧૯૦૦માં નાયબ દીવાનની નવી જગ્યા ઊભી કરીને નીમવામાં આવેલા. (આ બે ભાઇઓ અને પ્રભાશંકરના સંબંધની વાત જાણવા યોગ્ય છે.)

પ્રભાશંકરના પિતા દલપતરામ માણાવદરમાં રહી મોસાળની જમીનનો વહીવટ કરતા ત્યારે માણાવદરમાં પ્રભાશંકર દલપતરામ દેસાઈ નામના એક વડનગરા નાગર દીવાન હતા. બંને કુટુંબો વચ્ચે ગાઢ ઘરોબો હતો. માંદા થવાથી પ્રભાશંકર મેડિકલ કૉલેજ છોડી માણાવદર પાછા આવ્યા ત્યારે ઘર આગળ કાયદાનો અભ્યાસ કરવાનું તેને સૂચન કરેલું અને પુસ્તકોની ગોઠવણ કરી આપેલી. વળી, રાજકોટ રાજકુમાર કૉલેજમાં કંપાઉન્ડરની જગ્યા ખાલી હોવાથી ત્યાંના પ્રિન્સિપાલ ચેસ્ટર મૅક્નોટન પર ભલામણ-પત્ર લખી નોકરી અપાવેલી. ત્રણ માસ કરી પ્રભાશંકરે એ નોકરી છોડી. કારણ કે પ્રિન્સિપાલ સજ્જન માણસ હોવા છતાં કૉલેજમાં કોઇની માંદગી વખતે ડૉક્ટરને બોલાવવાને બદલે પોતે જ પ્રિસ્ક્રિપ્શન લખતા, એ પ્રભાશંકરને અયોગ્ય તથા જોખમી જણાયેલું. પ્રભાશંકરે ભાવસિંહજીને વિનવી સમજાવી એ માણાવદર દીવાનના

બે પુત્રો, લાભશંકર તથા મુકુન્દરાયને તેમ જ તેમના પિત્રાઈ ભાઈ શામળદાસને ભાવનગર રાજ્યમાં સારા હોદ્દાએ સમાવી લીધા હતા.

રાજકુમાર કૉલેજમાં સુધારક વિચારના માણેકલાલ માસ્તર હતા. એ થીયોસોફિસ્ટ પણ હતા. ઘણા લાગણીવાળા ને ભણાવવામાં કાળજીવાળા હતા. એમના પુત્ર નટવરલાલને ભાવનગર રાજ્યમાં લીધા જે નોકરીનાં છેલ્લા દશ વર્ષ રાજ્યના નાયબ દીવાનપદે હતા. પ્રભાશંકરે પોતાના ત્રણ માણસોને રાજ્યમાં નોકરીએ રખાવેલા. ત્રણેય મોરબીના. એક મિત્ર વસનજી માસ્તર અને બીજા બે જ્ઞાતિજનો જેમાંનાં એક મ. મ. શાસ્ત્રી શંકરલાલના પુત્ર ખેલશંકર મહારાજા ભાવસિંહજીનું ખાનગી કામકાજ સંભાળતા. બીજા કાકા કાનજી હરિરામના જમાઈ ને પોતાના સ્વ. મિત્ર હરિલાલ ત્રીશુાના ભત્રિજા માણેકલાલ સુંદરજી. થાણદાર તરીકે હતા. એમણે પ્રામાણિક નોકરી શી કહેવાય તેનું સારું દૃષ્ટાંત પ્રજામાં પૂરું પાડેલું.

ભાવસિંહજીએ પોતાના ટ્યૂટર માસ્તર ગણપતરામને આમંત્રીને ભરી સભામાં તેમનો સત્કાર કરી રાજ્યપોશાક તથા મોટો પુરસ્કાર આપી બહુમાન કર્યું હતું. રાજ્યસભાના કોઈ પણ સભાસદ રજા પર ઊતરે ત્યારે તેનો ચાર્જ દીવાન વિઠ્ઠલદાસને આપવામાં આવતો અને વિઠ્ઠલદાસભાઈ રજા પર હતા ત્યારે દીવાનનો ચાર્જ જે અમલદારે ભાવસિંહજીને કડવાં વેણ કહેલાં તેને આપવામાં આવેલો. દીવાનના નાના ભાઈ લલ્લુભાઈ શામળદાસ વસૂલાતી અધિકારીના પદેથી રાજીનામું દઈ નિવૃત્ત થયા ત્યારે દીવાનના પુત્ર ભૂપતરાય વિઠ્ઠલદાસને એક વિભાગના વસૂલાતી અધિકારી તથા સેન્ટ્રલ ઑફિસર તરીકે નીમવામાં આવેલા. એ પછી ટૂંક વખતમાં જ નાદુરસ્ત તબિયતના કારણે દીવાનપદેથી વિઠ્ઠલદાસભાઈ રાજીનામું આપી નિવૃત્ત થયા ત્યારે ડૉ. બરજોરજીને દીવાનપદ સોંપવામાં આવ્યું. ભાવસિંહજીનું આ પગલું પ્રભાશંકરની સલાહથી છે એમ સર્વને લાગેલું. પણ આ નિમણૂકથી નાગરજ્ઞાતિને અસંતોષનું કારણ મળ્યું. પરાપૂર્વથી રાજ્યમાં નાગરો જ દીવાનપદે રહેતા એ પરંપરા આ નિમણૂકથી તૂટી હતી. આવા પ્રતિભાવની સંભવના પ્રભાશંકરે કલ્પેલી. પણ પ્રથમ ડૉ. બરજોરજી વિષેની શંકા દૂર કરવી જરૂરી હતી. એ ડૉ. બરજોરજી નિવૃત્ત થતાં પ્રભાશંકરને જોઈતી તક મળી. ભાવસિંહજી મહારાજે પ્રભાશંકરને દીવાનપદ સ્વીકારી લેવા આજ્ઞા કરી ત્યારે પ્રભાશંકરે કહ્યું કે, 'આપે મને પૂરો વિશ્વાસુ ગણ્યો છે તેથી વધારે મોટું પદ હું શેને ય ગણતો નથી. આપને હું વારંવાર વિનંતી કરતો આવ્યો છું કે ગગા ઓઝા અને શામળદાસભાઈ બન્ને મામા-ભાણેજ હોવા છતાં દીવાનપદની ખેંચમાં છેલ્લાં પચ્ચીસ વર્ષથી એ બે કુટુંબ વચ્ચે વૈમનસ્ય વધતું જ ગયું છે, અને ગગા ઓઝાના કુટુંબને નીચું જોવું પડે એવી સ્થિતિમાં એ મુકાઈ ગયું છે. તો અત્યારે તેમનું સ્થાન પાછું ઊભું કરવા અને એ બે કુટુંબો વચ્ચે સંપ ઊભો કરવા બધી તક અને અનુકૂળતા આપ આપો એ આપ જેવા નૃપતિને યોગ્ય પગલું ગણું છું આપ (ગગા ઓઝાના પુત્ર) વજલભાઇને બોલાવીને દીવાનપદ લેવા કહો. એ ભલે માંદા રહેતા હોય, એમને મદદ કરવા નાયબ દીવાન તરીકે હરિલાલ સવાઈલાલની નિમણૂક કરો. એ નાગર છે, પણ નાગરોમાં જે તડાં છે તેમાં એ તટસ્થ તથા અન્યાય ન થાય તેમ જોનારા ને કાર્યદક્ષ છે.'

પ્રભાશંકરની વાત મહારાજાએ સ્વીકારી અને હજૂર ઠરાવ નં-૭, તા. ૧૬-૧-૧૯૦૦થી 'મુખ્ય દીવાનની જગ્યાએ આઝમ વજેશંકર ગવરીશંકરને નીમવામાં' આવ્યા અને તેમને 'મદદ કરવા માટે' નાયબ દીવાનની જગ્યા ઉત્પન્ન કરી તે જગ્યાએ 'આઝમ હરીલાલ સવાઈલાલને નીમવામાં' આવ્યા. એ વજલભાઈ બીમાર રહેતા. છેવટ બીમારીના કારણે કંટાળી તેમણે રાજીનામું આપ્યું. ત્યારે પ્રજાજનો ને સર્વ અમલદારોના આગ્રહથી મહારાજાએ હજૂર ઠરાવ નં. ૩ તા ૧૯-૨-૧૯૦૨થી પ્રભાશંકર દ. પટ્ટણીને દીવાનપદે નીમ્યા અને હરિલાલભાઇને નાયબ દીવાન તરીકે ચાલુ રાખ્યા.

પ્રભાશંકરની સિદ્ધિઓ ઘણી હતી. જે કાર્ય સિદ્ધ થઈ શકતું તેનો યશ પ્રભાશંકર ન લેતા. એ કહેતા કે 'હું જે કરી શક્યો છું તેની પાછળ ખરી હકીકત તો એ છે કે મહારાજા ભાવસિંહજીને હું જડી ગયો અને તેમના વિશ્વાસને લઇને જે શક્તિઓ મારી બહાર આવી. હું માનું છું કે મારા જેવા ઘણાય છે. માત્ર તેને મહારાજા ભાવસિંહજી મળ્યા નથી.'

[ઋણસ્વીકાર: સ્વ. પ્રભાશંકર પટ્ટણીના અંગત સચીવ શ્રી જયંતીલાલ મો. મોરારજી. સ્વ. પ્રભાશંકરનું જીવનચરિત્ર લખવાના હતા. તે માટેના સાહિત્યમાંથી તેમના પુત્ર શ્રી વિનોદરાય મહેતાએ મને થોડો ઉપયોગ કરવા દીધો છે. ઉપરાંત, ડૉ. જયંતીલાલ હીરાલાલ શાહે (રીડર-ગુજરાત યુનિ૦) ભાવનગર રાજ્યના જૂના દફતરમાંથી જોઈતી માહિતી એકઠી કરી આપી છે. તેઓ બંનેનો આ લેખ તૈયાર કરવામાં સાથ આપવા બદલ આભારી છું—સં].

અનુસંધાન] **પ્રદેશે જય-વિજય** [પૃ. ૧૨થી

લહાવો છે. ભારતમાં યે અનેક સ્થળે આવી સુંદર વ્યવસ્થાઓ કરી શકાય, પરંતુ એ તો ભારત આર્થિક રીતે સધ્ધર બને ત્યાર પછીની વાત છે.

એક પછી એક સ્થળ અમારો ડ્રાઈવર બતાવતો જતો હતો. એ બહુ વાતોડિયો હતો. કહે 'તમારામાંથી કોઇએ પર્વતી રાક્ષસ (**Mountain Devil**) જોયો છે? હું તમને એ બતાવું. પણ તમે કોઈ ગભરાઓ નહિ તો.' આમાં કંઈક નવું જોવાનું હશે, ગભરાવા જેવું કંઈ ખાસ નહિ હોય, એમ તો અમે એની વાત પરથી સમજી ગયાં હતાં, બધાંએ હા પાડી. ડ્રાઈવરે એક સ્થળે બસ ઊભી રાખી. ઊતરીને પાસેની ઝાડીમાં ગયો, થોડી વારે ત્યાંથી પાછો આવ્યો. કૌતુકથી એ શું કરે છે તે અમે બધાં જોવા લાગ્યાં. બસમાં આવી એણે ઝાડની એક નાનકડી ડાળખી બતાવી. એનો આકાર રાક્ષસના જેવો હતો. મોટું માથું અને ચાર અણિયાળાં શિંગડાં હતાં. ડાળખી નાની હતી. ઝાડ પર થતા કોઈ ફળની કે કળીની એ એક નાનકડી આકૃતિ હતી. પરંતુ ધારીને જોઇએ તો કોઈ બિહામણા રાક્ષસની મુખાકૃતિ જેવી જ લાગતી હતી.

બ્લ્યૂ માઉન્ટન્સમાં જુદીજુદી જગ્યાએ અમારી બસ ઘૂમી. પર્વત ઉપર ટ્રેન પણ ચાલે છે. નાનાંનાનાં ગામો યે વસેલાં છે. હવામાન ઠંડકવાળું હોય છે. અહીં અવારનવાર આગ ફાટી નીકળે છે એટલે ઘણે સ્થળે થોડેથોડે અંતરે બંબાઓની કાયમી વ્યવસ્થા પણ રાખી છે. માર્ગમાં પણ થોડેથોડે અંતરે બોડ પરથી જાણી શકાય છે કે એટલામાં નજીકમાં નજીક બંબો ક્યાં કેટલો દૂર રાખવામાં આવ્યો છે.


સાંજ પડતાં બ્લ્યૂ માઉન્ટન્સ ઉપરથી અમે સીડની પાછા ફર્યાં. નહિ કલ્પેલો એવો અનુભવ બ્લ્યૂ માઉન્ટન્સના આ પ્રવાસમાં અમને સાંપડચો. આગ ન લાગી હોત તો કોઈ પણ હિલ-સ્ટેશને ફરવાના અનુભવથી વિશેષ અનુભવ ન થાત. પણ ડુંગરોમાં આગ લાગે ત્યારે ત્યાંનું દૃશ્ય અને વાતાવરણ કેવાં હોય છે તેનું પ્રત્યક્ષ દર્શન કરવાની આ એક અપૂર્વ તક સાંપડી. સાંજે સમશેર કાનજી સાથે શહેરમાં ફરવા જવાનું હતું ને જમવાનું પણ એમને ત્યાં જ હતું. નાના પુત્રને સાથે લઇને એ આવ્યા અને અમે સીડનીમાં ચક્કર મારવા નીકળી પડ્યા.

હું સીડની આવ્યો ત્યારથી કોઈ કોઈ સ્થળે દીવાલ ઉપર મોટા અક્ષરે લખેલું વાક્ય જોવા મળતું હતું. 'સ્ટૉપ માઇનિંગ યુરેનિયમ'. આજે પણ એક સ્થળે એ વાંચ્યું. આ શા માટે લખાય છે એ વિષે મેં સમશેરને પૂછ્યું. એમણે કહ્યુ: 'એ અમારી ચૂંટણીનું એક સૂત્ર છે. થોડા દિવસ પહેલાં જ ઑસ્ટ્રેલિયામાં રાજદ્વારી ચૂંટણીઓ થઈ ગઈ અને લિબરલ પાર્ટીનો વિજય થયો. ઑસ્ટ્રેલિયાની ધરતીમાં પુષ્કળ યુરેનિયમ છે. ઑસ્ટ્રેલિયાની સરકાર ખાણોમાંથી યુરેનિયમ કાઢી અણુ-બૉમ્બ બનાવનાર દેશોને તે વેચે છે. તે સામે લોકોનો, ખાસ કરીને યુવાનોનો વિરોધ છે.' □


આવું છે જીવન !

માણસનું જીવન, શું અહીં કે શું બીજે, બધે સરખું જ છે. આનંદની પળો યે માણસના જીવનમાં નથી રહી એવું તો નહિ કહેવાય, પણ આજે તો બધે માણસ એક યા બીજી ચિંતાથી ઘેરાએલો છે. અનેક પ્રકારની આશંકાઓથી તે અસ્વસ્થ છે. માણસ દ્વારા જ એ પરેશાન છે. પોતે જ શિકારી ને પોતે જ શિકાર પણ છે. અનેક વિડંબનાઓ અને વિરોધાભાસથી એ ઘેરાઈ ગયો છે. આજે આવું જ છે જીવન. અને તેનું પ્રતિબિંબ પણ અપ્રકટ નથી રહેતું. માણસનાં કાર્યો, વિચારો ને સર્જનોમાં એ પ્રકટ થાય છે જ. કટાક્ષચિત્રો પણ એક એવું માધ્યમ છે, એટલું જ નહિ, તેને જે કહેવાનું છે તે વધુમાં વધુ સરળતાથી અને વધુમાં વધુ ચોટદાર રીતે કહેવાની તેનામાં ક્ષમતા છે. પોતાની ચિંતાઓ અને પરેશાનીઓને, પોતાનાં દુઃખ, અને પોતાની બાધાઓને પણ માણસ હસી કાઢી શકે તેની પ્રતીતિ કટાક્ષચિત્રો દ્વારા થઇ જાય છે. પ્રથમ નજરે તેમાં દેખાતાં રમૂજ, ટીખળ કે હાસ્યની પાછળ બીજું પણ ઘણું ઘણું ઢંકાએલું છે એ સહેજે સમજી શકાય છે. માત્ર હસાવવાનું જ તેનું લક્ષ નથી. સાથોસાથ એમાં તાતી ટકોર પણ હોય છે જ. આમ, કટાક્ષચિત્રો એ આખાબોલા મિત્ર જેવાં છે. ઉપરથી ગળી લાગતી-કડવી ને ગુણકારી દવા જેવાં છે. કટાક્ષચિત્રોની આ શક્તિનો હવે તો સર્વત્ર સ્વીકાર થઈ ચૂક્યો છે. અનેક દેશોમાં હવે કટાક્ષચિત્રોનાં આંતરરાષ્ટ્રીય પ્રદર્શનો પણ યોજાય છે, અને તેમાં કોઈ એક જ વિષય પરની રજૂઆતો પણ થાય છે. એ રીતે કોઈ એક બાબત વિષેના દુનિયાભરમાં વિભિન્ન અભિગમ અને દૃષ્ટિકોણ જોવા મળે છે.

યુગોસ્લાવિયામાં ૧૯૭૯માં આવું જ એક આંતરરાષ્ટ્રીય કટાક્ષચિત્ર પ્રદર્શન યોજાયું હતું. વિષય હતો : 'આવું છે જીવન'. યુગોસ્લાવિયામાં આવું એ ૧૧મું પ્રદર્શન હતું. ૨૮ દેશના વ્યંગચિત્રકારોએ તેમાં ભાગ લીધેલો. ભારતમાંથી ડૉ. ઇન્દ્રદેવ આચાર્યની કૃતિ પણ તેમાં પ્રદર્શિત થઈ હતી. ડૉ. આચાર્યથી 'કુમાર'ના વાચકો પરિચિત છે. અમદાવાદના દૈનિક પત્ર 'ગુજરાત સમાચાર'માં દરરોજ પ્રકટ થતાં 'આચાર્યની આજકાલ'નાં કટાક્ષચિત્રોના આલેખક તથા એ જ પત્રની સૂરત-વડોદરા-મુંબઈની રવિવારની આવૃત્તિમાં 'આનંદમેળા' વિભાગના સંપાદક તરીકે પણ તેઓ જાણીતા છે. તાજેતરમાં એ પ્રદર્શનમાં રજૂ થએલી કૃતિઓનું કેટલૉગ ડૉ. આચાર્યને મોકલાયું તેમાંથી મુદ્રણની મર્યાદાઓને કારણે આપી શકાય તેવી કૃતિઓમાંની થોડી કૃતિઓ વાનગી રૂપે અહીં આપી છે. □




△ જીવનભર ઉકેલતા જ રહો, સતત મથ્યા જ કરો. આવું છે જીવન ! (નીચે ડાબી બાજુ) પ્રદર્શનમાં રજૂ થએલું ડૉ. આચાર્યનું કટાક્ષચિત્ર. જીવનકથા: જન્મ, પ્રેમ, સંવર્ધન અને મૃત્યુ.





જીવન ? અરે, પૃથ્વી સમસ્ત બીમાર છે. બધે જ પાટાપીંડી છે.





△ પ્રગતિનાં સોપાન તો માણસે જાતે જ આંકવાં પડે છે.




△ ડાબી બાજુ મથાળે : જીવન એટલે બીજાનું લૂંટી લેવું. પોતે લૂંટાય છે તેના ભાન વિના.



જીવનનો કાર્ડિયોગ્રામ : હૃદયધબકાર, લોહીનું દબાણ અને અંત △

△ મરતો હો તો મર, બરાડા ના પાડ. આ સાયલન્ટ ઝોન છે.

▷ સૌની એક જ એષણા, સર્વોચ્ચ સ્થાન મેળવવાની.



▽ જીવન : સમય રોક્યો રોકાય નહિ.



▽ આવું છે જીવન ! એકના દાંત કઢાવી નાખી બીજું તેની માળા કરીને પહેરે.



મકરસંક્રાંતિનું પર્વ પોંગળ

ધાર્મિકતા, સામાજિકતા ને તહેવારોમાં સાંકળીને હિંદુ-ધર્મે એની જીવંતતા દીર્ઘકાલીન બનાવી છે. સૂર્યની આભાસી ગતિના અન્વયે ઉજવાતું મકરસંક્રાંતિનું પુણ્યપર્વ સૂર્યપૂજાને નિર્દેશે છે. સૂર્યની ગતિ (વાસ્તવમાં પૃથ્વીની ગતિ)થી દિવસ-રાત, એની વધઘટ ને ઠંડી-ગરમી થતી રહે છે. સૂર્ય વિષુવવૃત્તની વધુમાં વધુ દક્ષિણે હોય ત્યારે પૃથ્વીના ઉત્તર ગોળાર્ધમાં ટૂંકામાં ટૂંકો દિવસ ને લાંબામાં લાંબી રાત (૨૨ ડિસેમ્બરે) હોય છે. તે પછી સૂર્ય ઉત્તર તરફ ગતિ (અયન) કરે છે. ત્યારથી માંડીને છ માસનો ગાળો ઉત્તરાયણ કહેવાય છે. એ છ માસ વિષુવવૃત્તના ઉત્તરમાં રહેનારને સ્વાભાવિક રીતે જ આગળના છ માસ અર્થાત્ દક્ષિણાયનના સમય કરતાં સૂર્યનાં કિરણો વિશેષ મળે છે. પ્રકૃતિમાં આનંદોલ્લાસ છવાઈ જાય છે. ઉત્તરાયણનો કાળ માંગલિક પ્રસંગો માટે શુભ લેખાયો છે. બાણશય્યા પર પોઢેલા ભીષ્મ પિતામહે ઉત્તરાયણની પ્રતીક્ષામાં મૃત્યુને રોકી રાખ્યાની 'મહાભારત'ની કથા જાણીતી છે.

વરાહમિહિરના સમયમાં આપણી ખગોળની હાલની ગણતરી આરંભાઈ ત્યારે સૂર્યના ઉત્તરાયનનો પ્રારંભ અને મકરસંક્રાન્તિ ૨૨ ડિસેમ્બરે થતાં, પરંતુ નાક્ષત્ર વર્ષ ૨૦ મિનિટ લાંબું હોવાથી મકરસંક્રાંતિ દર વર્ષે થોડો થોડો સમય મોડી થતી ગઈ અને એ રીતે ઉત્તરાયણ અને મકરસંક્રાંતિના સંબંધનું એકત્વ તૂટી ગયું. મકરસંક્રાંતિ ૨૨ ડિસેમ્બરથી આઘી ખસતી ગઈ. અને હાલમાં ૧૪ જાન્યુઆરીએ થાય છે. અલબત્ત, સમાજમાં તો ઉત્તરાયણ-મકરસંક્રાંતિનો સંબંધ અતિ રૂઢ થઈ ગયો હોઈ મકરસંક્રાંતિ–ઉત્તરાયણ ઉભયનું આજે પણ એકત્વ છે.

'મકરસંક્રાંતિ' સમાસનું પૂર્વપદ 'મકર' એ બાર રાશિ પૈકીની દસમી રાશિ છે. 'સંક્રાંતિ' અર્થાત્ એક સ્થાન કે સ્થિતિમાંથી બીજા સ્થાન કે સ્થિતિમાં જવું તે. અહીં સૂર્યની સંક્રાંતિનો અર્થ સૂચિત છે. સૂર્યનું બાર રાશિઓમાં સંક્રમણ તે સંક્રાંતિ. સંક્રાંતિ સમયે સ્નાન, દાન, તપ, શ્રાદ્ધ ને હોમ કરવાથી મહાફળ મળે અને સ્નાન નહીં કરનારને સાત જન્મ સુધી રોગ અને ગરીબાઈ ભોગવવી પડે તેવી માન્યતા લોકોમાં પ્રવર્તે છે. વળી, તે દિવસે કરેલાં દાન-હવનનાં ફલાર્થે સૂર્ય ભગવાન જન્મોજન્મની સમૃદ્ધિ આપે છે એવી માન્યતા પણ પ્રચલિત છે. સૂર્યનું મકરરાશિમાં પ્રવેશવું તે મકરસંક્રાંતિ. અતઃ સૂર્ય આ તહેવારમાં કેન્દ્ર સ્થાને છે. માનવજીવનને પોષક સૂર્ય અનાજ તેમ જ ફળફળાદિનો પણ પોષક હોઈ તેના પ્રતિ આદરભાવ દર્શાવવા લોકો ખેતીની પ્રથમ પેદાશ રૂપ શેરડી, ફળો, ચોખા ઈ. ધરીને પ્રત્યક્ષ દેવ સૂર્યને આરાધે છે.

તમિળનાડમાં મકરસંક્રાંતિના દિવસે ઉજવાતો 'પોંગળ–અનાજની મોસમનો તહેવાર' એ સૂર્ય પૂજાનું અનોખું પર્વ છે. તમિળ માસ 'તઈ'ના પ્રથમ દિવસે જ સૂર્યના ઉત્તરાયણનો પ્રારંભ થાય છે તે સાથે આ દિવસે અનાજની મોસમ–લણણીનો અંત આવે છે. આથી ત્યાં આ મકરસંક્રાંતિ–પોંગળનો તહેવાર અપૂર્વ ઉત્સાહથી ઉજવાય છે.

સૂર્યપૂજાનો આ તહેવાર–પોંગળ ચાર દિવસ–ભોગી પોંગળ (મકરસંક્રાંતિ), મુટ્ટુ પોંગળ ને કાનુ પોંગળ સુધી ઉજવાય છે.

ભોગી નૂતન વર્ષના ઉલ્લાસનો પ્રથમ દિન છે. સૂર્યોદય પૂર્વે ઘરને સ્વચ્છ કરાય છે. ગાયના છાણના ગોળા પર પીળાં કોળાનાં ફૂલો વડે રંગોળી તથા આંબા અને નાળિયેરનાં પાન વડે ઘર સુશોભિત કરાય છે. કૃષ્ણના ગોવર્ધનધરણની દંતકથા આ તહેવાર સાથે મંડાયેલી છે.

બીજે દિવસ પોંગળ (અથવા મકરસંક્રાંતિ) એ મુખ્ય તહેવાર છે. એ દિવસે ઘરના ખુલ્લા ફળિયામાં રંગોળી પર ઇંટનો ચૂલો બનાવાય છે. ધાતુ કે માટીના સુશોભિત પાત્રમાં ચોખા, દાળ, દૂધ ને ખાંડનું મિશ્રણ કરીને એના પર રાંધવા માટે ખુલ્લું મુકાય છે. વાસણ ખુલ્લું રાખવામાં સૂર્યને ધરવાની ભાવના ઇંગિત છે. એ મિશ્રણ પોંગળ તરીકે ઓળખાય છે. પોંગળ શબ્દ મૂળ 'પોંગે' અર્થાત્ 'ઉકાળવું' પરથી બન્યો છે. વાસણ ફરતાં માંગલ્યના પ્રતીક રૂપ હળદરનો તાજો છોડ વીંટાળે છે. ચોગાન ફરતાં શેરડીના સાંઠા બંધાય છે. એ દિવસે નદી–સ્નાનનું માહાત્મ્ય છે. સૂર્યને ધરેલા પોંગળનું નાનાંમોટાં સહુ ભેગાં મળીને સામૂહિક ભોજન કરે છે. 'પોંગળ...પોંગળ'ના હર્ષનાદથી વાતાવરણ ગાજી ઊઠે છે. રંધાયેલા પોંગળ પરથી આવનાર વર્ષની આગાહી પણ થાય છે. સ્પષ્ટતઃ આ સૂર્યપૂજાનો તહેવાર છે.

મુટ્ટુ પોંગળના દિવસે ગો–પૂજા થાય છે. મુટ્ટુ કે મટ્ટુનો અર્થ ઢોર થાય છે. ખેતીમાં સહાયક ગાય ને બળદને શણગારીને પ્રત્યેક ઘરે લઈ જવાય છે. ગૃહલક્ષ્મી એની પૂજા કરે છે ને પોંગળ ખવડાવે છે. છોકરીઓ કાગડા ને બીજાં પક્ષીઓ માટે ખુલ્લા આંગણમાં રંગીન ચોખા નાખે છે ને પોતાના ભાઈ માટે પ્રાર્થના કરે છે. પરણેલી પુત્રીઓને કપડાં મોકલવાનો રિવાજ છે. મુટ્ટુ પોંગળના દિવસે બહાદુરી અને નિર્ભય યુવાનો બળદ સાથે લડવાની સ્પર્ધા ગોઠવે છે.

કાનુ પોંગળ આજુબાજુના સ્થાને સુંદર વસ્ત્રો પહેરીને ફરવાનો દિવસ છે. હર્ષ ને ઉલ્લાસથી લોકો નૃત્ય કરે છે. આમ, તમિળનાડમાં મકરસંક્રાંતિ–પોંગળ એ જીવનપોષક સૂર્યની સ્તુતિ અને તેના પ્રતિ આભાર વ્યક્ત કરવાનું પર્વ છે.

—પ્રફુલ્લ રાવળ

અનુસંધાન] **પાત્ર એક તરડાએલું** [પૃષ્ઠ ૧૦થી

ધ્રુ૦: હા, હા, ધૈવત જલદી પાણી લાવ..

ચે૦: લો હું તમને વાંસામાં પંપાળું.

ચિ૦: બાપુજી, તમે બહુ બોલતા ન હો તો!

ધૈ૦: દાદાજી, લો પાણી.

દા૦: (ઉધરસ ખાતાંખાતાં) લાવ, બેટા. (થોડીવારે) હા...શ!

સુ૦: જો પાછો એનો એ જ પ્યાલો લાવ્યોને તિરાડવાળો?

દા૦: મને પાણીનું એ પાત્ર...(ઉધરસ)

ધૈ૦: લાવો દાદાજી મારા હાથમાં. એ પાછું પડી જશે તો ફૂટી જશે.

દા૦: હા, બેટા તિરાડવાળું પાત્ર છે ને. જાળવીજાળવીને વાપરીએ ત્યાં સુધી હવે ચાલવાનું છે, બાકી હવે તેને ફૂટતાં વાર નહિ લાગે. લાવ.

ધૈ૦: લો દાદાજી.

દા૦: જો શું દેખાય છે, ધૈવત, આમાં?

ધૈવત૦: તિરાડો, દાદાજી!

દા૦: (નિશ્વાસ નાખીને) હં! આ કુટુંબમાં સહુ પોતાના વ્યક્તિત્વનો વિકાસ કરે એટલા માટે મેં દરેકને સ્વતંત્રતા આપી. પણ મને **શી** ખબર કે વ્યક્તિસ્વાતંત્ર્યની વિકૃતિ આ કુટુંબની દશા આ તરડાએલા પાત્ર... (એકદમ ઉધરસ ચઢે છે, હાથમાંથી પ્યાલો પછડાય છે.)

ચિ૦: અરે, અરે! બાપુજીના હાથમાંથી આ પ્યાલો પડી ગયો. ફૂટી ગયો. ધ્યાન રાખો કોઈને કાચ વાગે નહિ. (ઉધરસ ધીમી પડે છે.)

ચે.૦: ધૃતિ, સુજાતાભાભી, તમે સાવરણી લઇ આ કાચની કરચો ભેગી કરી લો.

દા૦: (ઉધરસ સમાવતાં) હા, એ કાચની કરચો ભેગી કરી લો, મારી જ ભૂલથી પ્યાલો પડી ગયો. પણ હવે એ કાચની કરચો ભેગી કરવાથી પ્યાલો નહિ બને. (સહેજ ઉધરસ પછી) ધૈવત, તું આઘો રહેજે. બેટા તને વાગે નહિ એ કાચની કરચો. □

સાહિત્યસંપર્ક

નવાં પ્રકાશનો

આનંદ • શ્રી હરજીવન થાનકીના જીવન-લક્ષી લઘુલેખોના આ સંગ્રહમાં માનવજીવનને ઉપકારક એવા મુદ્દાઓને અનુભવની સરાણે ચઢાવ્યા બાદ જે રીતે નાણ્યા માણ્યા છે તેનો સરળ અને સરસ ખયાલ આપવામાં આવ્યો છે. લેખકની ચિંતનવૃત્તિ અને સંવેદનશીલ પ્રકૃતિ ઠેર ઠેર પ્રકટ થવા પામી છે. ક્યાંક ક્યાંક મનુષ્યની પશુપ્રવૃત્તિ પર કે પ્રવર્તમાન રાજકીય પરિસ્થિતિ પર વ્યંગો પણ કરી લેવાયા છે. પુસ્તકનું વાચન સંઘર્ષમય જીવનમાં આનંદ-ની પ્રાપ્તિ શામાં છે તે સમજવામાં ઉપયોગી થશે. (પ્રાપ્તિસ્થાન: આર્ય કન્યા ગુરુકુલ, પોરબંદર, પાકું પૂઠું, પૃ. ૧૧૦, રૂ. ૮)

જયંતિ દલાલ • શ્રી પ્રફુલ્લ રાવળે પ્રસ્તુત ગ્રંથમાં આપણા સમર્થ પ્રયોગશીલ સર્જક અને વિચારક જયંતિ દલાલની વિવિધ સર્જનપ્રવૃત્તિનો પરિચય કરાવી તેનું સમભાવી વિવેચન આપ્યું છે. જો કે આ વિવેચનમાં લેખકને કશું નવું કહેવા જેવું નથી, પરન્તુ મૌલિકતા કરતાં એમની અભ્યાસનિષ્ઠા અને શ્રમવૃત્તિનાં અહીં સારી રીતે દર્શન થાય છે. મુખ્યત્વે શ્રી દલાલના વિદ્યાર્થીઓને એક આદર્શ અભ્યાસ-સામગ્રી તો અહીંથી જરૂર મળી રહેશે. (સમીર પ્રકાશન, રૂપમ સિનેમા પાછળ, નાગોરી શાળા, પંકજ ટ્રેડર્સની બાજુમાં, રતન પોળ, અમદાવાદ-૧, કાચું પૂઠું, પૃ. ૧૨૦, રૂ. ૧૨)

રામચરિત માનસની અલંકાર-સમૃદ્ધિ • પ્રસ્તુત ગ્રંથમાં તુલસીદાસજી કૃત રામચરિત માનસમાં પ્રયોજાયેલી અલંકાર-સમૃદ્ધિનો વર્ગીકરણપૂર્વક વિગતવાર પરિચય કરાવવામાં આવ્યો છે. પ્રત્યેક સ્થાને યોગ્ય ઉદાહરણ અને એના ઉપરનું, જરૂર જણાઈ ત્યાં, ટૂંકું વિવરણ પણ આપવામાં આવ્યું છે. લેખકનો રામચરિત માનસનો ઊંડો અભ્યાસ અહીં અછતો રહેતો નથી. (લે. શાન્તિલાલ છ. ઉપાધ્યાય, પ્રકા. આનંદરાય શિવલાલ દવે, ઈન્ડેન્ટો પ્રા. લિ., હરિલીલા હાઉસ, આઠમે માળે, ૩૬, મિન્ટ રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૧, કાચું પૂઠું, પૃ. ૨૦૪, કિંમત છાપી નથી.)

કાવ્યરત્નસૌરભ • લગભગ બસો-સવાબસો વર્ષ પૂર્વે થઈ ગયેલા આગ્રાના ઉર્દૂ કવિ નઝીર અકબરાબાદીની ગઝલો-નઝ્મો લોકજીભે રમતી રહી છે તેનો કચ્છી સર્જક દુલેરાય કારાણીએ આ ગ્રંથમાં રોચક અનુવાદ આપ્યો છે. પ્રત્યેક રચનાની નીચે અર્થદ્યોતક ભાવાનુવાદ પણ અપાયો છે જે મૂળ પદ્યરચનાને પામવામાં ઉપયોગી થાય તેવો છે. (પ્રકા. લેખક પોતે, ૯, પંડિત દિનદયાળ સોસાયટી, અમદાવાદ-૩૮૦ ૦૧૪, પાકું પૂઠું, પૃ. ૨૪૮, રૂ. ૬)

ઇતરેતર-સુરતના નવા વાર્તાકાર શ્રી વિજય શાસ્ત્રીનો આ ચોથો વાર્તાસંગ્રહ એમની જારી રહેલી પ્રયોગશીલતાનો મુખ્યત્વે દ્યોતક છે. અહીં સંગૃહીત થયેલી કુલ ૨૯ વાર્તાઓમાં અંતસ્તત્ત્વ કે આકારના નવા નવા પ્રયોગો થયા છે. આ પ્રયોગો બધે જ સુભગ પરિણામો લાવી શક્યાં છે એમ તો નથી, પરન્તુ વાર્તાઓ એકંદરે વાચનક્ષમ રહે છે અને લેખકની એ સાહિત્યસ્વરૂપ પરત્વેના સૂઝ અને એના પરની પકડને ઉપસાવી આપે છે. આધુનિક વાર્તાપ્રયોગોમાં આ સંગ્રહની કેટલીક રચનાઓ અવશ્ય સ્થાન પામે તેવી બની આવી છે. (પ્રકા. સાહિત્ય સંગમ, બાવા સીદીનો ટેકરો, ગોપીપુરા, સુરત-૩૯૫ ૦૦૧, કાચું પૂઠું, પૃ. ૨૪૦, રૂ. ૧૫) —ધી. પ.

શબ્દકથા: તળાઇ · તૂર

તળાઈ એટલે 'રૂ ભરેલું ગાદલું'. પંજાબી તુલાઈ, હિંદી તુલાઈ, તુવાઈ, દુલાઈ (કોઈક પ્રાદેશિક રૂપ હશે). જૂની ગુજરાતી તુલાઈ.

તૂલ એટલે 'રૂ'. તૂલા અને તૂલી એવાં રૂપો પણ પાછળથી મળે છે. તૂલવતી ઉપરથી પ્રાકૃત દ્વારા તુલાઈ, તળાઈ વગેરે થયાં છે.

પ્રાકૃતમાં તળાઈ માટે તૂલી અને તૂલિયા પણ મળે છે.

ગુજરાતીમાં તૂર શબ્દનો અર્થ 'આકડો, શીમળો, ડોડી વગેરેનાં ડુંડાંનો બારીક રૂ જેવો પદાર્થ' એવો થાય છે. સંસ્કૃતમાં તૂલ શબ્દનો જૂનો અર્થ આ જ છે. એટલે તેનું ર કાર વાળું પ્રાદેશિક રૂપ પણ પ્રચલિત હતું એમ સ્વીકારવું પડશે.

એક જૂના પદમાંથી તૂરનો પ્રયોગ નોંધીએ:

ઊંચી મેડી, અજબ ઝરૂખા, માથે તપે છે સૂર
એવા રાજા ઊડી ગયા, આકડાને તૂર.

હરિવલ્લભ ભાયાણી

આવકાર

ધરતીની આરતી (પુનર્મુદ્રણ): લે. સ્વામી આનંદ. પ્ર. લોકમિલાપ ટ્રસ્ટ, ભાવનગર. પૃ ૪૯૯, પાકું પૂઠું, રૂ. ૧૬.

રામવિજયના ચેલા (પુનર્મુદ્રણ): લે. મુનિશ્રી ચંદ્રગુપ્તવિજયજી. પ્ર. શ્રી વિવેકબાણ પ્રકાશન ટ્રસ્ટ, મહેસાણા. પૃ. ૧૧૯, કાચું, રૂ. ૩.

ચાલો રમીએ નાટક નાટક: લેખક પ્રકાશ લાલા. પ્ર. ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ ૯, પૃ. ૭૨, કાચું પૂઠું, રૂ. ૩-૫૦.

ખૂલતો પત્ર: લે. મથુરદાસ જોગી. પ્ર. પોતે. નવા ઝાંપે, બ્રહ્મક્ષત્રિય જ્ઞાતિની વાડી, મહુવા પૃ. ૧૨૦, કાચું પૂઠું

વસંત અને પાનખર: લે. જયેન્દ્ર મહેતા. પ્ર. પોતે. ૮૮ શાહઆલમ સોસાયટી, અમદાવાદ ૬. પૃ. ૫૬, કાચું પૂઠું, રૂ. ૧૨.

ઉમરખેમાજીની રૂબાઈયાત – તેના જીવનચરિત્ર સાથે (પુનર્મુદ્રણ): લે. હરિલાલ સંઘવી. પ્ર. નરેન્દ્ર તાપીદાસ સંઘવી. ૮૧૮, કમર પેપર મોટું ઇન્ડિયાના પોલીસ ઇન્ડસ્ટ્રીઝ (યુ. એસ. એ.), પૃ. ૧૦૧, પાકું પૂઠું, રૂ. ૭.

આપણાં અદ્ભુત ઔષધો: લે. ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી, પ્ર. ગુજરાત યુનિવર્સિટી, નવરંગપુરા, અમદાવાદ. પૃ. ૨૪૬, પાકું, રૂ ૧૦.

અહિંસક ક્રાંતિસંગઠન: લે. દાદા ધર્માધિકારી. પ્ર. યજ્ઞ પ્રકાશન, હુજરાત પાગા, વડોદરા ૧. પૃ. ૧૫૦, કાચું પૂઠું, રૂ. ૬.

ગીતાઈ: અનુ. ગોકુળભાઈ ભટ્ટ. પ્ર. ઉપર મુજબ, પૃ. ૧૨૭, કાચું પૂઠું, રૂ. ૧.

મધપૂડો: સં. મુકુન્દ શાહ. પ્ર. કુસુમ પ્રકાશન, નારાયણનગર, અમદાવાદ-૭. પૃ. ૫૨, કાચું પૂઠું રૂ. ૩.

ઍક્યુપ્રેશર અને ડાયાબિટીસ: લે. હરિકિશન ગાંધી. પ્ર. ઉપર મુજબ. પૃ. ૮૪, કાચું પૂઠું, રૂ. ૫.

વિસંગતિ: લે. સુરેશ દલાલ. પ્ર. વોરા ઍન્ડ કંપની, અમદાવાદ. પૃ. ૩૨, કાચું, રૂ. ૭

દશાવતાર

વિષ્ણુઅવતાર-વિભાવના

બ્રહ્મા-વિષ્ણુ-મહેશ દિવત્રયીમાંના સૃષ્ટિના પાલક-સંરક્ષક વિષ્ણુએ ધર્મસંસ્થાપનાર્થે, સાધુપુરુષોના રક્ષણાર્થે અને અસુરોના વિનાશાર્થે અનેક અવતારો ધારણ કર્યાની વિધવિધ કથા-કલ્પનાઓ પ્રચલિત છે. ઋગ્વેદ અને શુક્લ યુજુર્વેદમાં નૃસિંહ ને વામન અવતારનો, અથર્વવેદના પૃથ્વીસૂક્તમાં વરાહાવતારનો નિર્દેશ મળે છે. યજુર્વેદના ભાષ્યકાર ઉવટે મત્સ્ય-કૂર્માદિ અવતારોનું સ્મરણ કર્યું છે. શતપથાદિ બ્રાહ્મણોમાં વિષ્ણુના અવતારોના સંકેતો મળે છે.

વૈદિક દેવ વિષ્ણુ અને અવૈદિક નારાયણની ઉપાસનામાં પછી દેવ રૂપે પ્રચલિત વાસુદેવની ઉપાસના ભળતાં વિષ્ણુ-નારાયણ-વાસુદેવની ઉપાસના એક થઇ હશે. તે પછી અવતારોની સ્પષ્ટ વિભાવના વિકસી હશે. ગીતામાં 'સંભવામિ યુગેયુગે' દ્વારા અવતારોનું સ્પષ્ટ કથન મળે છે. પાણિનીના યુગમાં વિષ્ણુના સાત અવતારો ગણાતા અને પૂજાતા. પતંજલિએ વિષ્ણુ-અવતાર રૂપે કૃષ્ણનો ઉલ્લેખ કરેલો છે. વિદિશાના ગરુડધ્વજ અને કૃષ્ણમૂર્તિની છાપવાળા સિક્કાથી અવતારવાદનું સ્પષ્ટ સમર્થન મળે છે. મહાભારત અને રામાયણ દ્વારા કૃષ્ણ અને રામની સર્વવ્યાપકતાનું પ્રમાણ મળે છે.

વેદકાળમાં રોપાએલાં અવતારવાદનાં બીજ આધિસત્ત્વના સિદ્ધાંતના પ્રભાવથી ગુપ્તકાળમાં પલ્લવિત થઇ એ કાળે રચાએલાં મનાતા પુરાણોમાં નામોની ભિન્નતાએ ઉપલબ્ધ થાય છે. ભક્તિમાર્ગનો પ્રસાર થતાં વિષ્ણુઅવતારની વિભાવના વ્યાપક બની. પ્રારંભમાં વેદોલ્લેખિત વરાહ નૃસિંહ અને વામન તથા માનુષ વાસુદેવ કૃષ્ણ એમ ચાર અવતારની સાથે પરશુરામ અને રામ પણ ભળ્યાં અને પછી ઉત્ક્રાંતિનો ક્રમ દર્શાવતી દશાવતારની વિભાવના પ્રકટી. જેમાં નામોની ભિન્નતા છે. શ્રીમદ્ ભાગવતમાં ૨૪ અવતારોનો ઉલ્લેખ છે. લીલાવતાર અને મન્વંતરાવતારના સંયોગે એ સંખ્યા ૩૯ની થઇ. શેષાવતાર લક્ષ્મણ અને સુદર્શનાવતાર ભરત જેવા વિષ્ણુના વાહન અને શસ્ત્રાદિના અવતારો પણ પ્રચલિત થયા.

ત્રણ પુરુષાવતાર, ત્રણ ગુણાવતાર અને ૨૫ લીલાવતાર તથા ૧૪ મન્વન્તરાવતાર મળીને થતા ૪૫ અવતારોના આવેશ, પ્રાભવ, વૈભવ ને પરાવસ્થ એવા ચાર પ્રકારો છે. પૂર્ણાવતાર અને અંશાવતાર એવા દિવ્યતાનુસાર બે ભેદ પણ જોવા મળે છે. —પ્રફુલ્લ રાવળ



મધુકરી

હું યે જલધિમોજ શો કયમ કદી ય ચિંતા ધરું:
તૂટે મનુજદુ:ખનો અડગ શો ઊભો પહાડ આ!
ઉરે હું લઈ ગીત ને સ્મિત તણી ધરી દીવડી,
યુગોયુગ તણા પહાડ પર જે પડું આથડી!


('બારી બહાર'માંથી) —પ્રહ્લાદ પારેખ

શ્રી. અણ્ણાસાહેબ કિર્લોસ્કર (૧૮૪૩-૧૮૯૫) અને મરાઠી નાટ્ય-સંગીતની પ્રથમ શતાબ્દી

સો વર્ષ પહેલાંનો ૩૧ ઑક્ટોબર-૧૮૮૦નો એ રવિવાર હતો. સરકારી મહેસૂલખાતાના એક કાર્યકર પંડિત પાંડુરંગ ઉર્ફે અણ્ણાસાહેબ કિર્લોસ્કર નામના સદ્‌ગૃહસ્થ, પોતે કરેલા કવિગુરુ કાલિદાસના 'શાકુંતલ' નાટકનું મરાઠીમાં ગીતમય-નાટ્ય ભાષાંતર પૂણે નગરીના 'આનંદ ઉદ્‌ભવ' નાટકઘરમાં રજૂ કરવાની તડામાર તૈયારી કરી રહ્યા હતા.

આ પૂર્વે શાકુંતલનાં સંસ્કૃત અને અંગ્રેજીમાં ભજવાએલા નાટ્યપ્રયોગો જોનાર પૂણે તથા આજુબાજુનો નવશિક્ષિત પ્રબુદ્ધ સમાજ આ અભિનવ નાટ્ય-પ્રયોગને જોવા માટે તે નાટ્યશાળા તરફ ઉત્સાહભેર ઊમટી રહ્યો હતો. જેમાં ડેક્કન કૉલેજ, પૂણેના પ્રતિભાશાલી ગણિત-પ્રાધ્યાપક કેરૂનાના છત્રે પણ મીટ માંડી રહ્યા હતા. આ જ કૉલેજમાં બી.એ. થયેલા જાંભેકર નામક તરુણ આ નાટ્યપ્રયોગમાં મંચ ઉપર ઊતરી રહ્યા હતા. ચાર દિવસ પહેલાં જ આ નાટક માટેની સમસ્ત ટિકિટો વેચાઈ ગઈ હતી. મુંબઈ અને પૂણેમાં આ નાટકના અંગ્રેજી અને સંસ્કૃત પ્રયોગોને લીધે કિર્લોસ્કર સારી પ્રશંસા પામી ચૂક્યા હતા. આમ તે દિવસે મરાઠી-સંગીત-નાટ્ય એક નવા યુગમાં પ્રવેશ કરી રહ્યું હતું.

ઈ. ૧૮૪૩માં ધારવાડ (કર્ણાટક)માં જન્મેલા કિર્લોસ્કરે બાર વર્ષ સુધી મરાઠી અને કન્નડ સાહિત્યનું અધ્યયન કર્યું. પછી પૂણે આવ્યા તો નાટકનો શોખ લાગ્યો. શિક્ષક તરીકે પણ કામ કર્યું. પહેલાં એક નટ-મંડળ એકઠું કર્યું. પછી પોતાની અલગ નાટકમંડળીની સ્થાપના પણ કરી. ઈ. ૧૮૭૩માં એમણે 'શંકર-દિગ્વિજય' નામક મરાઠી નાટક ગદ્યમાં લખ્યું. એક વખત એમણે એક પારસી નાટકમંડળીનું ઑપેરા (ગીતબહુલ નાટક) જોયું. તે જોઇને સ્વયં આવું ગીત-નાટ્ય લખવાની પ્રેરણા જાગી અને આમ મરાઠીમાં શાકુંતલ ગીત-નાટ્યનો અવતાર થયો. ભારતમાં અન્ય કોઈ પણ પ્રદેશમાં આવી રીતે ભારતીય શાસ્ત્રીય-સંગીત અને સુગમ સંગીતનો સમન્વિત પ્રયોગ નાટ્યમંચ પર કદાચિત્ નહિ થયો હોય. કારણ કે કિર્લોસ્કર સુશિક્ષિત હોવા ઉપરાંત સંસ્કૃત-સાહિત્યના પંડિત, પ્રતિભાશાળી નાટ્યલેખક, સુકવિ, કુશળ અભિનેતા અને પરિષ્કૃત રુચિના સંગીતજ્ઞ હતા. ઉત્તર હિંદુસ્તાનની ગાયકીના પણ તેઓ સારા જાણકાર હતા.



ઈ. ૧૮૮૩માં એમણે સ્વતંત્ર રૂપમાં 'સંગીત-સૌભદ્ર' લખ્યું જેમાં સુગઠિત કથાનક, સ્વાભાવિક સંવાદો અને વિલોભનીય વ્યક્તિરેખાઓ ઊપસી આવતી હતી. પ્રણય-ભાવનાનું સારું નિરૂપણ થયું હતું. 'સંગીત-સૌભદ્ર' એમની સૌથી લોકપ્રિય રચના સિદ્ધ થઈ છે; એમના

હિપ્નોટિઝમ

હિપ્નોટિઝમ કરનાર મોટા કે ધીરા અને લંબાતા અવાજે સૂચના કરે તે પ્રમાણે વ્યક્તિ ઊંઘણશી જેવી સ્થિતિમાં, એકીટસે જોતી આંખોએ, જાગ્રત અવસ્થામાં કરે તેના કરતાં જલદીથી, ઢીલાં પડેલાં અંગોથી, હાસ્ય, આશ્ચર્ય કે જિજ્ઞાસા ઉપજાવે તેવાં કાર્યો ઉપાડે ત્યારે હજી યે ઘણાને મન હિપ્નોટિઝમ જાદુ જેવું લાગે છે.

ધારવામાં આવે છે તે મંદબુદ્ધિ, સાલસ અને અતિ ભોળા લોકો હિપ્નોટિઝમના પ્રભાવ તળે વહેલા આવી જાય છે, પણ એવું નથી. બધા પ્રકારના માણસો હિપ્નોટિઝમની અસરને પાત્ર છે. પણ સરેરાશ કરતાં વધારે બુદ્ધિશાળી, વાચન, સંગીત, નાટકના રસિયા ને ધર્મમાં આસ્થા વાળા લોકો પર હિપ્નોટિઝમની અસર વધુ થાય છે, જ્યારે ચકોર અને વાસ્તવવાદી લોકો પ્રતિકાર દાખવે છે. એક ગણતરી પ્રમાણે ૮૦ ટકા લોકો મંદ-બેશુદ્ધિમાં આવે છે, અર્ધા લોકો મધ્ય તબક્કામાં રહે છે અને વીસ ટકા જ નિદ્રાભ્રમણ કરવા જેટલી ગાઢ તંદ્રામાં પડે છે.

ઊંઘ માટે ગ્રીક શબ્દ હિપ્નોસિસ છે. વ્યક્તિને વિશ્રાંત ને તંદ્રાધીન બનાવી તેને સૂચના કરી શકાય, વશ કરી શકાય એ હિપ્નોટિઝમ, (વશીકરણ, સંમોહન, મૂર્છનાશાસ્ત્ર) છે. ઊંઘ અને જાગ્રત અવસ્થા વચ્ચેની આ સ્થિતિમાં સૂચના સ્વીકારવાની, વશ થવાની પાત્રતા વધે છે. આ વખતે ઇંદ્રિયો સામાન્ય કરતાં વધુ તીક્ષ્ણ બને છે.

હિપ્નોટિઝમના બે પ્રકાર છે. ગાઢ હિપ્નોટિઝમ, જેમાં કૃત્રિમરીતે મનના ભાગલા પડે છે. જે માનસિક રીતે ઘણા માટે લાભપ્રદ નીવડે છે. મંદ હિપ્નોટિઝમમાં વ્યક્તિને મન અને શરીરની વિશ્રાંતિ આપીને તેને અમુક વિચાર સૂચવવામાં આવે છે, જે 'હિપ્નોઈડલ સજેશન' કહેવાય છે.

મોહનિદ્રા (હિપ્નોસીસ) એ માનવ મનને વશ કરવાની ભૂવા અને મંત્રશાસ્ત્રીઓની જૂનામાં જૂની કાર્યરીતિ છે. ઈ. સ. ૧૭૭૫ના અરસામાં વીએના યુનિવર્સિટીના દાક્તરી વિદ્યા ભણેલા ફ્રાન્ઝ એન્ટોન મેસ્મરે પક્ષઘાતીઓને ચાલતા અને બધીરોને સાંભળતા કર્યા. પોતાના શરીરમાંથી નીકળતા કોઈ ગહન ચુંબકત્વનાં તરંગોથી દર્દીઓને મટતું હોવાનું મેસ્મર માનતા. તેમનો સિદ્ધાંત મેસ્મેરિઝમ નામે પ્રસિદ્ધિ પામ્યો હતો. પણ હવે તો જાણીતું થયું છે કે મેસ્મરના રોગીઓ હિસ્ટીરીઆથી પીડાતા ચિત્તક્ષોભ (ન્યુરોસીસ)ના રોગીઓ હતા.

ચિત્તક્ષોભના રોગીઓની, વશ પડવાની પાત્રતાનો ખરો ઉપયોગ ફ્રોઇડે (૧૮૫૬–૧૯૩૯) કર્યો. રોગનાં લક્ષણો થવા પાછળ રહેલા મનોભાવોના પ્રશ્નો અને ચિંતા-ફિકરનો ઉકેલ આણવાની બાબત રજૂ કરી. અને તે રીત અમલમાં મૂકીને વિચિત્ર મનોદૈહિક (સાઇકોસોમેટિક) માંદગીમાંથી રોગીઓને મુક્ત કર્યા.

નિશ્ચેતન આણનારાં ઔષધો શોધાયાં તે પહેલાં વેદનાહર ઉપચારમાં કેટલાંક સર્જનો હિપ્નોટિઝમનો ઉપયોગ કરતા હતા. ઈ. ૧૮૮૦નાં વરસોમાં કલકત્તાના સર્જન ડૉ. એસડેઇલે દર્દીઓને મોહનિદ્રામાં નાખીને ત્રણસો ઑપરેશનો કર્યાં હતાં. થોડાં વરસો અગાઉ લંડનની એક હૉસ્પિટલમાં મોહનિદ્રા હેઠળ રાખેલી એક સ્ત્રીનું ત્રણ કલાક સુધી ઑપરેશન ચાલ્યાનો ઉલ્લેખ છે. હિપ્નોટિઝમના જાહેર પ્રયોગોમાં બે ખુરશી ઉપર માત્ર ડોક અને પગની એડીના આધારે અધ્ધર રાખેલા મોહનિદ્રામાં પડેલો માણસ પોતાના પેટ ઉપર નેવું કિલો વજન ખમી શકે એ આશ્ચર્યજનક લાગે, પણ માસાચ્યુસેટ્સ (અમેરિકા) કૉલેજના સાઇકોલોજીના ડિરેક્ટર ડૉ. ઈ. એક્સ બાર્બરનું કહેવું છે કે પેટના સ્નાયુઓ અક્કડ હોય તો સામાન્યતઃ એકસો વીસ કિલો જેટલું વજન ઉપાડી શકાય.

માનસચિકિત્સાની જેમ મોહનિદ્રાનો ઉપયોગ પ્રસૂતિ અને દંતશાસ્ત્રમાં પણ સ્વીકારાયો છે. મંદ મોહનિદ્રાથી પ્રસૂતિ તદ્દન વેદનાવિહીન તો નહિ પણ તંગ અને ભયગ્રસ્ત સ્ત્રીઓ માટે સરળ બને છે. રોગીને વિશ્રાંત બનાવવા માટે શામક ઔષધો વાપરવા કરતાં હિપ્નોઈડ સજેશન સલામત રીતે વાપરી શકાય. હિપ્નોટિઝમ માનસચિકિત્સાની એક કાર્યરીતિ છે. તેના ગુણ પ્રશાન્તક ઔષધ જેવા છે. તેનાથી મનોદૈહિક માંદગીમાં આશ્ચર્યકારક અને અસામાન્ય પરિણામો મળે છે પણ આવા ઉપચાર અગાઉ રોગીના રોગની સંપૂર્ણ તપાસ થવી જરૂરી છે.

શસ્ત્રક્રિયામાં નિશ્ચેતક ઔષધની માત્રા ઘટાડવા, દંત-ચિકિત્સામાં દાંત પાડવાની અને દાંત સારવાની બીક હટાવવા, વેદના માટે જડતા આણવા તથા મોંમાંથી પુષ્કળ પડતી લાળ ઓછી કરવા હિપ્નોટિઝમનો પ્રયોગ અજમાવાય છે.

એનેસ્થેસિયા (નિશ્ચેતના), જીવાણુમુક્તતા (એસેપ્સીસ) અને એન્ટીસેપ્સીસ (પ્રતિ. જીવાણુતા), રોગોના કારણરૂપ જીવાણુઓ, માનસવિશ્લેષણ, વિટામિનોનું જ્ઞાન અને આધુનિક વૈદક વિજ્ઞાનના કરતાં હિપ્નોટિઝમ જૂનું છે. ઘણી ય વાર તે આગલી હરોળમાં આવે છે; વળી પાછું ધકેલાય છે. હિપ્નોટિઝમ વિજ્ઞાન ના કહી શકાય પણ વિજ્ઞાનના ઉંબરા ઉપર તેના પગ તો ગોઠવાયા છે. —ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

'રામરાજ્ય-વિયોગ' નાટકે પણ સારી ખ્યાતિ મેળવી હતી. પોતાનાં નાટકોમાં તેઓ સંસ્કૃત શાસ્ત્રીય પરંપરા પ્રમાણે નાંદિ (મંગલાચરણ) સૂત્રધાર, પારિપાર્શ્વક અને નટી વગેરેનો સમાવેશ પણ રાખતા હતા. 'શાકુંતલ'ના મરાઠીમાં થયેલા અભિનવ પ્રયોગની વર્તમાન-પત્રોએ મુક્તકંઠે પ્રશંસા કરી હતી. થોડા સમય પછી મુંબઈમાં પણ આ સંગીત-નાટ્ય ઉત્સાહભેર ભજવવામાં આવ્યું હતું.

સામાન્ય રીતે મરાઠી નાટ્ય-સંગીતના વિકાસને આપણે આમ તબક્કાઓમાં વહેંચી શકીએ: પ્રારંભિક દશામાં સાખી અને દિંડીની જેમ આવા પ્રયોગોમાં ગીતો અનુપ્રાસ-બદ્ધ છન્દોમાં ગવાતાં હતાં. અમુક ગીતો કર્ણાટક પદ્ધતિએ પણ ગવાતાં.

અણ્ણાસાહેબ મૂલતઃ ઉત્તર કર્ણાટકના હતા. તેઓ પોતાની પ્રતિભા અને કલ્પના વડે શાસ્ત્રીય સંગીત અને લોકપ્રિય સંગીત વચ્ચે સ્વચ્છ અને સ્વસ્થ સમતુલા જાળવી રાખતા. સ્વરાવલીના ચયનમાં પણ તેઓ તેની લાક્ષણિક ગરિમા અને ચારુતાનો ખ્યાલ રાખતા, પછી તે સંગીત સ્વરચિત શાકુંતલ, રામરાજ્ય. વિયોગ કે સંગીત-સૌભદ્રનું હોય. આમ તેઓ બધા વર્ગના શ્રોતાઓને પ્રભાવિત કરી શકતા. ગીતોની સ્વરાવલી તેઓ પોતે ગોઠવતા તેથી એમનાં ગીત પ્રચુર નાટકો (ઓપેરા) ખૂબ લોકપ્રિય બની ગયાં હતાં.

આ પ્રસંગમાં અણ્ણાસાહેબની મંડળીના ત્રણ સંગીતકાર નટોનાં નામ ઉલ્લેખનીય છે: (૧) મોરાબા વાઘોલીકર (૨) બાળકોબા નાટેકર અને (૩) ભાઉરાવ કોલહાટકર. જેઓ સાચા અર્થમાં મરાઠીના સંગીતના ઇતિહાસમાં 'પવિત્ર ત્રિપુટી' તરીકે વિખ્યાત થયા છે. પ્રારંભિક દિવસોમાં અણ્ણાસાહેબ ગ્વાલિયરની ખયાલ ગાયકીને મહારાષ્ટ્રમાં લાવનાર બાલકૃષ્ણબુઆ ઇચલકરંજીકર પાસેથી માર્ગદર્શન મેળવતા હતા.

ત્યાર પછી અણ્ણાસાહેબના કર્તૃત્વને પડકાર આપનાર પાંડોબા ગુરાવ યાવતેશ્વરકર આગળ આવ્યા. તેઓ પોતે તે યુગના એક નામાંકિત અભિનેતા હતા. એમણે મરાઠી નાટ્ય-સંગીતને લોકપ્રિય બનાવવાની સારી જહેમત ઉઠાવી હતી. એમની સ્વરાવલી ઉચ્ચ પ્રકારની અને કઠોર હતી, જેથી પાંડોબાનું સાહસ સફલ થયું નહિ. એ જ વખતે માધવ નારાયણ પાટણકર, પારસી અને ગુજરાતી રંગમંચમાંથી પ્રેરણા

ટિકિટ-સંગ્રહ

કૉન્ફરેન્સ ઑાવ યુરોપીઅન પોસ્ટ ઍન્ડ ટેલિ-કૉમ્યુનિકેશન્સ-CEPT એ આ વર્ષની ટપાલટિકિટો પર લોકસાહિત્ય ને પ્રણાલિઓને ચિત્રાંકિત કરવાનો નિર્ણય કર્યો છે. તદનુસાર બ્રિટનની આ વર્ષની પ્રથમ ૪ ખાસ ટિકિટો ફેબ્રુઆરીની છઠ્ઠી તારીખે બહાર પડશે. આ ચારે બહુરંગી ટિકિટો પર ત્યાંનાં કેટલાંક પર્વોનું કલાકાર ફ્રિટ્ઝ વેગ્નરે સુંદર સૂચક આલેખન કરેલું છે. આમાંની પ્રથમ ૧૪ પેન્સની ટિકિટ ઉપર 'સેન્ટ વૅલન્ટાઇન ડે'નું સૂચન છે. ઇટાલીના સંત વૅલન્ટાઈનનું આ પર્વ છેક મધ્યકાળથી પ્રેમીઓનું પર્વ મનાય છે. આ પર્વના દિવસે-૧૪ ફેબ્રુઆરીએ પ્રેમીઓ અરસપરસ પ્રેમપત્ર કે પ્રેમપ્રતીકની આપલે કરે છે. આ પ્રેમભાવનાના સૂચનરૂપ ચિત્રકારે એ દેવબાળ, પુષ્પો, લવબર્ડ અને વચ્ચે હાર્ટ



-હૃદય દર્શાવ્યાં છે. બીજી ૧૮ પેન્સની ટિકિટ ઉપર મૉરિસ ડાન્સર્સ દર્શાવ્યા છે. જે શ્રૉપશાયરના ૧૬મી સદીના લે મૅનોરની એક બારી પરના ચિત્રમાંથી લીધેલા છે. બંને ટિકિટ ઉપર CEPTની સંજ્ઞાઓ પણ આપી છે. ત્રીજી ૨૨ પે.ની ટિકિટ ઉપર દર ઑાગસ્ટમાં ઉજવાતા કાપણીના ઉત્સવનું સૂચન છે, જેમાં ઘઉંની ડૂંડીઓનાં શોભન અને મબલખ પાકનાં સૂચન સાથે સારી ફસલથી આનંદીને નાચતાં ખેડૂત સ્રીપુરુષ બતાવ્યાં છે. ચોથી ૨૫ પે.ની ટિકિટ પર મધ્યકાલીન મમર્સ એટલે કે ડાગલાઓનું આલેખન છે, જે ૧૪મી સદીની એક સચિત્ર હસ્તપ્રતમાંથી લીધેલા છે.

(પ્રેષક : રમણિકલાલ સોલંકી-લંડન)

લઈને પૈસા-કમાઉ સ્વરાવલી (ધૂનો) લઈને આવ્યા, જે ઉર્દૂ કવ્વાલી અને ગઝલોની યાદ અપાવતી હતી. તેમાં અભિનય સાથે યુગલ સંગીતની પણ રસિકતા હતી.

હવે મરાઠી રંગભૂમિના ક્ષેત્રમાં એક પ્રભાવી અને પ્રતાપી પુરુષ તરીકે શ્રીપાદ કૃષ્ણ કોલ્હટકરનું અવતરણ થાય છે. એમના આવવાથી મરાઠી નાટ્ય ક્ષેત્રમાં ઉલ્લેખનીય સુધારાઓ થયા. એમણે પરંપરાગત સૂત્રધાર નટીપ્રવેશ વગેરે તત્ત્વો દૂર કર્યાં. કોલ્હટકર પોતે નામાંકિત નાટ્યલેખક, શાસ્રવેત્તા અને સંગીત-વિશારદ હતા. મરાઠી, ગુજરાતી અને ઉર્દૂના નાટ્યક્ષેત્રોમાં પણ એમની સારી પ્રતિષ્ઠા હતી. એમણે પોતાનાં નાટકોમાં ઉર્દૂ, પારસી તથા ગુજરાતી રંગમંચથી પ્રેરણા લઈને પોતાનાં 'વીર તનય' અને 'મૂક નાયક' વગેરે નાટકોમાં ઉદાત્ત પ્રકારની સ્વરાવલીઓની યોજના કરી. એમના સતત પુરુષાર્થથી મરાઠી શ્રોતાઓની સંગીતની અભિરુચિ ખૂબ પરિષ્કૃત થઈ. એટલે સુધી કે કોલ્હટકર પોતાના પરવર્તી 'મતિ-વિકાર' અને 'પ્રેમ-શોધન' વગેરે નાટકોમાં ગીતોને શાસ્રીયસ્વરાવલીનું રૂપ આપવા લાગ્યા. કોલ્હટકરનાં મરાઠી નાટ્ય-સંગીતના મૌલિક નમૂનાઓ આજે પણ વિશાલ પ્રમાણમાં, મરાઠી રસિક સમાજને આહ્‌લાદ અને પરિતોષ આપી રહ્યા છે.

આ સંદર્ભમાં મરાઠી-સંગીત-નાટ્યાકાશની આકાશ-ગંગાના કેટલાક ઉજ્જ્વલ નક્ષત્રો અવશ્ય ગણનાપાત્ર છે. જેઓ પોતે સારા નટ-ગાયકો અને ગીતકારો હતા. જેમાં શ્રી ભાસ્કર બુઆ બખલે અને રામકૃષ્ણ બુઆ વઝેએ રંગમંચ પર શાસ્રીય સંગીતને સારું પ્રોત્સાહન આપ્યું. શ્રી ભાસ્કર બુઆની પ્રતિભાનું દર્શન પૌરાણિક નાટક 'સ્વયંવરમ્'ની સ્વરાવલીમાં થાય છે. આ 'સ્વયંવરમ્' નાટકના લેખક હતા સુવિખ્યાત નાટ્યકાર કાકાસાહેબ ખાડિલકર (કૃષ્ણાજી પ્રભાકર-જે મરાઠીના સુવિદિત દૈનિક-પત્ર 'નવા કાલ'ના સંસ્થાપક તંત્રી તરીકે પણ વિશેષ કીર્તિમંત થયા) એમણે ઘણાં નાટકોની રચના કરી છે.

ભાસ્કર બુઆના સુયોગ્ય શિષ્ય ગોવિન્દરાવ તાંબેની સ્વરાવલી પણ ઠીકઠીક પ્રશંસા પામી હતી. તે યુગમાં એક સમર્થ નાટ્ય અભિનેતા બાલગંધર્વનાં રેકર્ડ થયેલાં ગીતો આજે પણ ઘણાં મરાઠી-રસિક ઘરોમાં સાંભળી શકાય છે. એમનું અંત નામ હતું નારાયણરાવ શ્રીપાદ રાજહંસ. એમની ગીત-ગરિમા અને અભિનય-પટુતા જોઈને લોકમાન્ય તિલકજીએ એમને 'ગાંધર્વ'નું બિરુદ આપ્યું હતું.

બાલગંધર્વના પૂર્વવર્તી કલાકારોમાં દીનાનાથ મંગેશકર, વૈંકટેશ પેંઢારકર, વિનાયકરાવ પટવર્ધન, સવાઈ ગંધર્વ, કેશવરાવ ભોળે, શંકરરાવ સરનાઇક અને કૃષ્ણરાવ ગોરે વગેરેનાં નામો ખાસ ગણનાપાત્ર છે. આ બધા જ આપણા ગઈ કાલના સંગીત અભિનેતાઓ છે. આનંદની વાત છે કે આ કલાક્ષેત્રના ઉજ્જ્વલ કલાકારો આપણી વચ્ચે વિદ્યમાન છે. એમનો ઉલ્લેખ અસ્થાને નહિ ગણાય-શ્રી હીરાબાઈ બડોદેકર, છોટાગંધર્વ, ભાલચંદ્ર પેંઢારકર, જ્યોત્સ્નાબહેન ભોળે, જયમાલા શિલેદાર, રામભાઉ મરાઠે. સુરેશ હલદણકર, પ્રસાદ સાઉકાર, વસન્તરાવ દેશપાંડે, વામનરાવ સાડોલીકર અને કૃષ્ણરાવ ચોનકર.

—શંકરદેવ વિદ્યાલંકાર

આપણા જહાજ વ્યવહારના સલામત-સંરક્ષક

ભારતને વિશાળ સાગરકિનારો હોઈ તેના પર સતત જહાજ-વ્યવહાર તેમ જ સ્થાનિક મત્સ્ય-વ્યવહાર વગેરેથી તે ધમધમે છે. આ કિનારો બધી જ જગ્યાએ એકસરખો સલામત નથી. ક્યાંક જોખમી ખડક ને કંઠાર પણ છે, જ્યાં અજાણ્યું જહાજ અથડાઈને નુકસાન પામી શકે. આવાં જોખમનાં સ્થળો એ રાત્રિના અંધકારમાં પણ નૌકાચાલકોને માર્ગદર્શન પૂરું પાડવા માટે ઠેરઠેર દીવાદાંડીઓ ખડી કરેલી છે, જે જહાજ-સંચાલકોને સમુદ્રમાં તેમનું સ્થાન નક્કી કરવામાં મદદ કરે છે. સાગરમાં જતો જમીનનો ભાગ નક્કી કરવામાં તથા ખાડી કે નદીના મુખ તરફ જતાં જહાજોને સહાય આપે છે. ખાડીની નૌકાનયન-મર્યાદા

નક્કી કરે છે. ખાસ અવરથાનો અને કિનારાની ખાસ સ્થિતિ કે માર્ગમાં રહેલા અંતરાયો દર્શાવે છે.

ઈ. ૧૯૨૭માં 'ભારતીય દીવાદાંડી ધારો' ઘડાયો, ઈ. ૧૯૨૯માં તે અમલી બન્યો અને દીવાદાંડી તથા દીવા-જહાજ (લાઈટશિપ) ખાતાની રચના થઈ.

દેશની સાગરકંઠારમાં સૌરાષ્ટ્ર અને કચ્છનો ૧૫૦૦ કિ. મી. લાંબો સાગરકિનારો એક મહાબંદર સાથે અનેક નાનાં અને મધ્યમ બંદરો ધરાવે છે. આથી સૌરાષ્ટ્ર અને કચ્છનો દીવાદાંડી વિભાગ સૌથી મોટો છે. તેનું મુખ્ય મથક જામનગર છે. આ વિભાગ ૪૭ દીવાદાંડીઓ, ૮ ઉક્કા નૌકાનયન શૃંખલા, ૧૧ ધુમ્મસ સંકેત કેન્દ્રો, ૨ રેડિયો બીકન્સ, ૪ બોયાં તથા ૩ રેકન્સ ધરાવે છે, સલામતીભર્યા નૌકાનયન માટે આ વિભાગ દૃશ્ય, શ્રાવ્ય અને વિજાણુ સાધનો વાપરે છે. દૃશ્ય સહાયમાં ભૂમિસંજ્ઞા, દીવાદાંડી, બીકન્સ, પ્રકાશમય વહાણો કે બોયાં વગેરેનો સમાવેશ થાય છે. આ દરેકનું ચોક્કસ કાર્ય હોય છે. ભૂમિસંજ્ઞા એટલે કે દરિયામાંથી પારખી શકાતાં હોય તેવાં ટાવરો, ઊંચાં મકાનો, ટેકરીઓ વગેરે જેવાં નિશાનો, દરિયાઈ નકશામાં દર્શાવવામાં આવે છે. આ જ રીતે ધ્વજસંકેતો કે પ્રકાશ સંકેતો પણ બંદરના કિનારે હોય છે. પણ તેનો ઉપયોગ મર્યાદિત જ હોય છે.

દીવાદાંડીઓ કંઠાર પર જોખમી સ્થળ દર્શાવવા તેમ જ નૌકાનયન માર્ગની જાણકારી પૂરી પાડે છે. આ દીવાદાંડીના મિનાર જુદાજુદા રંગથી રંગી તેના પર જુદીજુદી રીતે પટા પાડવામાં આવે છે. જે દિવસમાં નિશાની તરીકે કામ આપે છે. વળી દરેક દીવાદાંડીના સ્થળની ચોક્કસ ઓળખ માટે તેના તેજલિસોટાની તીવ્રતા એકસરખી રખાતી નથી તથા તેને દરિયા પર ફેંકવાની રીત પણ જુદીજુદી હોય છે. અને તે પથી ૨૫ માઈલ દૂરથી પારખી શકાય છે. મોટાભાગની દીવાદાંડીઓમાં વીજળીથી ચાલતા અદ્યતન દીવાઓ ગોઠવાયા છે. ભારતનો સૌથી વધુ પ્રકાશમાન દીવો 'દીવ-હેડ' તરીકે જાણીતી દીવની દીવાદાંડીમાં છે. સામાન્ય હવામાનમાં તેનો તેજલીસોટો ૩૦ દરિયાઈ માઈલ દૂર સુધી દેખાય છે.

કેટલાંક સ્થળે જ્યાં દરિયાઈ પરિસ્થિતિ, તેના જળપ્રવાહનો વેગ કે અન્ય ભૌગોલિક કારણે બોયાં કે દીવાદાંડી ઊભી કરવી શક્ય ન હોય ત્યાં દીવા-જહાજ રખાય છે. ભાવનગર પાસે રોગીરોક પાસે આવું જહાજ ઊભું રખાયું છે. ગુરુર, રણવારા અને સુલતાનપુરના ખરાબાઓ પર ઊંડા દરિયાનાં ત્રણ બોયાં રખાયાં છે. આ બોયાં પર પ્રકાશનાં સાધનો હોય છે. જે ગેસ સિલિન્ડર કે બેટરીની સહાયથી પ્રકાશ ફેલાવે છે.

વળી, જ્યારે ભારે વરસાદ કે ધુમ્મસને કારણે જોવાની કે પારખવાની શક્તિ સીમિત બની જાય તેમ હોય તો ત્યાં શ્રાવ્ય શક્તિનો ઉપયોગ થાય છે. આવાં સ્થાન 'ફૉગ સિગ્નલ' એટલે કે ધુમ્મસ સંકેત કેન્દ્ર તરીકે જાણીતાં છે. તેમાં ઇલેક્ટ્રો-મૅગ્નેટિક ટાઈપ સિગ્નલ વડે મોટો અવાજ ઉત્પન્ન કરાય છે. માંડવી, નવનાર પૉઈન્ટ, ઓખા, દ્વારકા, વેરાવળ, દીવહેડ, જાફરાબાદ, શિયાળ બેટ, જેગરી ટાપુ, આળન અને પિરમ ટાપુ વગેરે ૧૧ સ્થળે ફૉગસિગ્નલ આપવાની વ્યવસ્થા પણ કરેલી છે. જહાજનું સ્થાન નક્કી કરવું સરળ બને એ માટે આપણે ત્યાં ઓખા અને દીવહેડ ઉપર રેડિયો-બીકન ગોઠવેલાં છે. રેકન્સ તરીકે જાણીતાં 'રડાર રિસ્પોન્ડર બીકન' દ્વારા જહાજનું અંતર અને સ્થાન નક્કી થઈ શકે છે. દ્વારકા, ઓખા અને કચ્છીગઢ ખાતે આવા રેકન્સ કામ કરે છે.

હાલમાં પોરબંદર, નાવદ્રા અને માંગરોળ ખાતે અદ્યતન દીવાદાંડી બંધાઈ રહી છે. વાડીનાર પાસે તેલમથક આવતાં જહાજોને ઊંડી ખાડીનાં નિશાન જેવી નૌકાનયનમાં માર્ગદર્શક સવલતો અપાય છે. આમ દીવાદાંડી વિભાગ જહાજી વ્યવહારને સહાયક બનવા સાથે તેની સલામતી જાળવવાનું મહત્વપૂર્ણ કર્તવ્ય પણ બજાવે છે. —'યોજના'માંથી

પાની બાઢે નાવમેં ઘરમેં બાઢે દામ.
દોનો હાથ ઉલેચિયે યહી સયાનો કામ.




કાનપુરના અબ્દુલા ઇલ્મ નામના ચામડાના વેપારી (જે મોટા દાની હતા) એમને એક વિચિત્ર ટેવ, કે રસ્તે કોઇ સલામ ભરતું તો તેઓ સલામનો જવાબ વાળતા : 'પહોંચા દુંગા.' આ ઉત્તરનું રહસ્ય પામવા ઘણા મથતા, પણ એ વાત ટાળી દેતા. છેવટે એક નિકટતમ વ્યક્તિએ આગ્રહ કરતાં તેઓ એને પોતાને ઘેર લઈ ગયા અને ત્યાં મૂકેલી તિજોરી તરફ સંકેત કરી કહ્યું : 'સૌની એ સલામ હું આને જ પહોંચાડું છું. કારણ કે પૈસો નહોતો ત્યારે મને એકલાને કોઇ સલામ ભરતું નહોતું.

કહેવતોના અર્થ: 'અગ્રે અગ્રે વિપ્ર, જટાળો તે જોગી.'. એક બ્રાહ્મણ અને જોગી વચ્ચે ભિક્ષામાં સહીઆરા મળેલા શેરડીના સાંઠાની વહેંચણીમાં તકરાર પડી. તેની પતાવટ વાણિયાને સોંપી. તેણે એવી વહેંચણી કરી કે અગ્રે અગ્રે દરેક શુભકાર્યમાં આગળ રહેનાર બ્રાહ્મણે આ અગ્રનો – આગળનો પાંદડાંવાળો ભાગ લેવો, અને જોગીએ જટા જેવાં મૂળિયાંવાળો થડિયાનો નીચેનો ભાગ લેવો. અને આમ કહી વચ્ચેનો મીઠો ભાગ વહેંચણીના બદલામાં પોતે રાખ્યો. બે બિલાડીઓનો ભાગ વહેંચી આપનારા વાંદરા જેવા એ વાણિયાના કૃત્યને માટે એની પૂર્તિ કરતું એ કહેવતનું બીજું પદ આ રીતે છે : 'વચ્ચેનો કંદ તે આરોગે નંદ.'

ચાના ઊકળતા પાણીમાં નારંગીનું સૂકું છાતરું નાખવાથી ચા સુગંધીદાર બનશે.

કેરીના આંબોળિયાના ચૂર્ણમાં થોડું મીઠું મેળવી દાદર ઉપર લગાડી જોજો.



[હંસના આકારનું દક્ષિણ હિંદનું પાનદાન ('કુમાર' અંક ૬૮૫)

केचिदज्ञानतो नष्टाः
केचिन्नष्टाः प्रमादतः ॥
केचिज्ज्ञानावलेपेन
केचिन्नष्टैस्तु नाशिताः ॥

કેટલાક લોકો અજ્ઞાનને લીધે નાશ પામ્યા, કેટલાક આલસ્ય લીધેને નષ્ટ થયા; કેટલાક પોતાના જ્ઞાનના અહંકારથી વિનાશ પામ્યા અને કેટલાક લોકોને દુષ્ટ લોકોએ વિનષ્ટ કર્યા છે.

અનેકાર્થી શબ્દ : **ઉપાડ**=ઉપસાટ, સોજો, ભરાઉપણું; જુસ્સો, આવેશ; આરંભ; કોશિશ, પ્રયત્ન; મૂકેલાં નાણાંમાંથી પાછું લેવું તે, પાછી લીધેલી રકમ, માસિક પગાર પેટે અધવચ્ચે અગાઉથી ઉપાડાતી રકમ; ખપત, ઉઠાવ, માગ.

ગણિતગમ્મત : કોઇ પણ એકમ આંકડાને નવગણો કરીને તે વડે ૧૨૩૪૫૬૭૯ એ રકમને ગુણવાથી જવાબમાં જે સંખ્યા આવશે તે આખી એ એકમના જ આંકડાની બનેલી હશે. જેમ કે ૭ લીધો; તેના નવગણા ૬૩; હવે ૧૨૩૪૫૬૭૯ × ૬૩= ૭૭૭૭૭૭૭૭૭. ગમે તે એકમ અજમાવી જુઓ.

દુનિયા એક મહાન પુસ્તક છે. જેઓ કદી ઘરની બહાર નથી નીકળતા તે તેનું એક જ પાનું વાંચવા પામે છે.
(સંત ઑગસ્ટાઈન)

શિયાળામાં શૌચ માટે ગરમ પાણી વાપરવાની ટેવ હરસનો ઉપદ્રવ કરે છે.

હેડકી : આંબાનાં પાંદડાંનો ધુમાડો હેડકી બંધ કરે છે.

નસકોરી ફૂટી હોય તો શેરડીના રસનાં ટીપાં નાકમાં નાખવાથી ફાયદો થશે.

આરોગ્યવચન

ગળો, ગોખરુ, આમળાં
સાકર ઘીથી ખાય.
વૃદ્ધપણું વ્યાપે નહિ,
રોગ સમૂળો જાય.

'કેટલા વાગ્યા ?' **'બાર.'**

'બાર ! મને તો એમ કે વધુ વાગ્યા હશે !'

'વધુ ક્યાંથી વાગે. ઘડિયાળમાં બાર પછીના આંકડા જ ક્યાં હોય છે ? બાર પછી તો ફરી પાછો એક જ વાગે છે.'

'તમે તમારા છાપામાં છાપ્યું હતું કે હું જુઠો અને લાંચિયો છું?' કોઈ નેતા એક તંત્રીને ધમકાવતા હતા.

'એવું બને જ નહિ, સાહેબ. એવા ખબર તો બીજાએ જ છાપ્યા હશે. સૌ જાણતા હોય એવી કોઈ બાબત અમે છાપતા જ નથી.'

'આ મકાનમાં નીચે જે માજી એકલાં રહે છે ને, એમની આર્થિક સ્થિતિ છેલ્લા થોડા માસથી બહુ જ ખરાબ થઈ ગઈ છે. ઘણાનાં બિલ ચડી ગયાં છે, અને ચાર મહિનાથી તો ઘરનું ભાડું પણ ભરી નથી શક્યાં. મકાનમાંથી સૌએ એમને યથાશક્તિ મદદ કરવી જોઈએ. હું એમના માટે આપનો ફાળો લેવા આવ્યો છું.'

'આ તો માનવતાનું કામ કર્યું તમે. વર્ષોથી સાથે રહેનારને જરૂર પડ્યે મદદ કરવી જ જોઈએ. લો આ દસ રૂપિયા મારા તરફથી.'

આભાર માની એ માણસ જવા લાગ્યો...

'અરે હા, તમે અહીં નવા આવ્યા લાગો છો, મેં તમને અગાઉ જોયા લાગતા નથી.'

'હા જી, નવો જ છું. અગાઉ ભાડું ઉઘરાવતા એ મહેતાજી છૂટા થયા છે અને શેઠે એમની જગ્યાએ મને રાખ્યો છે.'



(જનસત્તામાં સ્વ. 'શિવ')